# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક


RNI NO. : GUJGUJ/2016/67425

20 FEBRUARY, 2026 FRIDAY



પેજ 2 
મોબાઈલ રિપેરિંગ કરતા યુવક પાસેથી યુવતીએ ટુકડે-ટુકડે 5 લાખ રૂપિયા પડાવ્યા

પેજ 3 
હોળી-ધૂળેટીના તહેવારોમાં મુસાફરો માટે ખાસ સુવિધા

પેજ 7 
સ્વીકાર અને સમાન અવસર જેવા બેનરો સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયા

પેજ 5 
જેતપુરની દેવ બ્લડ બેંકમાંથી દારૂ ઝડપાયો : નશામાં ધૂત PROની ધરપકડ



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 326 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### આ અઠવાડિયે ઈરાન પર હુમલો કરી શકે છે અમેરિકા, મહિનાઓ સુધી ચાલી શકે છે યુદ્ધ

# 22 વર્ષ પછી અમેરિકાએ એરફોર્સનો સૌથી મોટો કાફલો તહેનાત કર્યો

### અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઝડપથી વધી રહ્યો છે. સીએનએનના અહેવાલ મુજબ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશની રાહ જોવાઈ રહી છે

• વોશિંગ્ટન / તેહરાન

અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઝડપથી વધી રહ્યો છે. સીએનએનના અહેવાલ મુજબ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશની રાહ જોવાઈ રહી છે. અમેરિકા આ અઠવાડિયે ઈરાન પર હુમલો કરી શકે છે.

અમેરિકાએ 2003ના ઈરાક યુદ્ધ પછી એટલે કે 22 વર્ષ પછી મીડલ ઈસ્ટમાં સૌથી મોટી એરફોર્સ તહેનાત કરી છે. અમેરિકાએ F-35, F-22, F-15 અને F-16 સ હિત અદ્યતન ફાઈટર જેટના અનેક સ્ક્વોડ્રન તહેનાત કર્યા છે.મોટા પાયે હવાઈ કામગીરી માટે જરૂરી કમાન્ડ અને કંટ્રોલ એરક્રાફ્ટ પણ તૈનાત કરવામાં આવી રહ્યા છે. તાજેતરના અઠવાડિયામાં આ પ્રદેશમાં એર ડિફેન્સ સિસ્ટમ પણ સ્થાપિત કરવામાં આવી છે. અમેરિકન સમાચાર એજન્સી એક્સિઓસના અહેવાલ મુજબ, જો અમેરિકા લશ્કરી કાર્યવાહી કરે છે, તો તે ઘણા મહિનાઓ સુધી ચાલનારું મોટું યુદ્ધ હશે..

સામા પક્ષે ઈરાન પણ આક્રમક છે. ખોમેની પ્રશાસને કહ્યું હતું કે અમેરિકા હુમલો કરશે તો અમે પણ એવો વળતો પ્રહાર કરીશું કે અમેરિકા જિંદગીભર યાદ રાખશે.

ઈઝરાયલ અધિકારી બોલ્યા- યુદ્ધ થવાની પૂરી સંભાવનાઈઝરાયલની સૈન્ય ગુપ્તચર એજન્સીના પૂર્વ પ્રમુખ આમોસ યાદલિને કહ્યું કે સંઘર્ષ હવે પહેલાં કરતાં ક્યાંય વધુ નજીક છે. પરિસ્થિતિઓ ઝડપથી બગડી રહી છે, પરંતુ એક મહાશક્તિ થોડા જ દિવસોમાં યુદ્ધ શરૂ કરતી નથી. તે પહેલાં ડિપ્લોમેટિક વાતો કરે છે ને પછી હુમલો કરે છે.

યાદલિને એમ પણ કહ્યું હતું કે ઘણા લોકો હુમલા વિરુદ્ધ છે અને પેન્ટાગન પણ સંપૂર્ણપણે સ્પષ્ટ નથી કે તે આ કાર્યવાહીથી શું હાંસલ કરવા માગે છે, પરંતુ રાષ્ટ્રપતિ ખૂબ જ દૃઢ દેખાઈ રહ્યા છે. ટ્રમ્પનું 'બધા વિકલ્પો ખુલ્લા છે' વાળું નિવેદન વાસ્તવિક સૈન્ય તૈયારી વિશે જણાવે છે.



બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પરમાણુ રાજદ્વારી સાથે-સાથે મોટા પાયે સૈન્ય તૈયારી પણ શરૂ કરી દીધી છે. મંગળવારે તેમના સલાહકાર જેરાડ કુશનર અને સ્ટીવ વિટકૉફે જીનિવામાં ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચી સાથે ત્રણ કલાક સુધી વાતચીત કરી.

બંને પક્ષોએ કહ્યું હતું કે વાતચીતમાં કંઈક પ્રગતિ થઈ છે, પરંતુ અમેરિકી અધિકારીઓ હજુ પણ કેટલાક મોટા મુદ્દાઓ પર સહમતિ બનવા અંગે શંકામાં છે.

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે કહ્યું હતું કે કેટલાક કિસ્સાઓમાં વાતચીત સારી રહી, પરંતુ ઘણા મુદ્દાઓ પર રાષ્ટ્રપતિએ જે 'રેડ લાઈન' નક્કી કરી છે, એને ઈરાન માનવા તૈયાર નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે રાષ્ટ્રપતિ સમાધાન ઈચ્છે છે, પરંતુ એ પણ શક્ય છે કે રાજદ્વારી તેની અંતિમ સીમા સુધી પહોંચી ગયું હોય.રિપોર્ટ અનુસાર, મધ્ય-પૂર્વમાં અમેરિકાની સૈન્ય હાજરી ઘણી મોટી થઈ ગઈ છે. બે એરક્રાફ્ટ કેરિયર, લગભગ એક ડઝન યુદ્ધ જહાજ, સેંકડો ફાઈટર જેટ અને ઘણી એર ડિફેન્સ સિસ્ટમ તહેનાત કરવામાં આવ્યાં છે અને વધુ સૈન્ય ઉપકરણો મોકલવામાં આવી રહ્યાં છે.ઓપન-સોર્સ ટ્રેકિંગ અનુસાર 150થી વધુ કાર્ગો ફ્લાઈટ્સ હથિયારો અને દારૂગોળો લઈને ક્ષેત્રમાં પહોંચી છે, સાથે જ 50 થી વધુ ફાઈટર જેટ, જેમાં F-35, F-22 અને F-16 શામેલ છે, મિડલ ઈસ્ટ તરફ મોકલવામાં આવ્યાં છે.ટ્રમ્પના એક સલાહકારે કહ્યું હતું કે કેટલાક લોકો રાષ્ટ્રપતિને ઈરાન સાથે યુદ્ધ ન કરવાની સલાહ આપી રહ્યા છે, પરંતુ તેમને લાગે છે કે આવનારાં કેટલાંક અઠવાડિયાંમાં સૈન્ય કાર્યવાહીની સંભાવના 90% છે.ઈઝરાયલના બે અધિકારીએ પણ કહ્યું કે દેશ 'થોડા જ દિવસોમાં' યુદ્ધની સ્થિતિ માટે તૈયારી કરી રહ્યો છે અને એવી કાર્યવાહીની હિમાયત કરી રહ્યો છે જે ઈરાનની સત્તાને પડકારી શકે.રિપોર્ટમાં યાદ અપાવવામાં આવ્યું કે જૂન 2025માં ઈરાની મિસાઈલોથી 32 લોકોનાં મોત થયાં હતાં અને 3,000થી વધુ લોકો ઘાયલ થયા હતા.લિકુડ પાર્ટીના સાંસદ બોઆઝ બિસ્મુથે કહ્યું કે ઈઝરાયલનો કોઈ પણ નાગરિક એવો નથી જે દિવસમાં ઘણીવાર એવું ન વિચારતો હોય કે ઈરાન સાથે સંઘર્ષ ક્યારે થશે. તેમણે કહ્યું હતું કે જનતા અને સરકાર બંને અલગ-અલગ સંભવિત પરિસ્થિતિઓ માટે તૈયાર છે.

### 17 વર્ષની છોકરી પર બળાત્કારનો આરોપ; શાહી ઘર પણ છીનવી લેવાયું

## બ્રિટનમાં કિંગના ભાઈ એન્ડ્રુની જન્મદિવસે ધરપકડ:એપસ્ટીન કેસમાં નામ સામે આવ્યું હતું

• બ્રિટન

બ્રિટનના કિંગ ચાર્લ્સના ભાઈ એન્ડ્રુની જન્મદિવસે જ ધરપકડ કરવામાં આવી છે. જાહેર પદ પર રહેતા ગેરવર્તણૂકની શંકાના આધારે ધરપકડ કરવામાં આવી છે. બીબીસીના અહેવાલ મુજબ, ગુરુવારે સવારે 8 વાગ્યે ઘરેથી તેમને પકડવામાં આવ્યા હતા. પોલીસ અધિકારીઓ તેમને ધરપકડ કરવા માટે સાદાં કપડાંમાં પહોંચ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે તમામ તથ્યોની સંપૂર્ણ તપાસ કર્યા પછી ઔપચારિક તપાસ શરૂ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે તપાસની નિષ્પક્ષતા અને અખંડિતતા જાળવવી મહત્ત્વપૂર્ણ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે આ કેસમાં નોંધપાત્ર જાહેર હિત છે અને યોગ્ય સમયે માહિતી પૂરી પાડવામાં આવશે. ઈંગ્લેન્ડમાં જાહેર પદ સંભાળતી વખતે ગેરવર્તણૂકને ગંભીર ગુનો ગણવામાં આવે છે. આ ગુના માટે સાબિત કરવું જરૂરી છે કે વ્યક્તિ જાણતી હતી કે તે ખોટો છે, છતાં તેણે તેમ કરવાનું ચાલુ રાખ્યું. આ ગુના માટે મહત્તમ સજા આજીવન કેદ છે. આ કેસ ફક્ત ગંભીર ફોજદારી આરોપો હેઠળ જ કોર્ટમાં ચલાવી શકાય છે.આ કેસ એન્ડ્રુના બ્રિટનના ટ્રેડ એનબોય તરીકેના સમયનો હોવાનું માનવામાં આવે છે. તેમને 2001માં આ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા હતા પરંતુ 10 વર્ષ પછી તેમણે રાજીનામું આપી દીધું હતું. તે સમયે, અમેરિકન ગુનેગાર જેફરી એપસ્ટીન સાથેના તેમના સંબંધોને લઈને તેમનું નામ વિવાદમાં ફસાયું હતું.યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા જાહેર કરાયેલા દસ્તાવેજોમાં જણાવાયું છે કે એન્ડ્રુનો પદ પર હતા ત્યારે એપસ્ટીન સાથે સંપર્ક હતો. બ્રિટનના રાજા ચાર્લ્સે તેમના નાના ભાઈ એન્ડ્રુ પાસેથી 'પ્રિન્સ' અને તમામ શાહી પદવીઓ છીનવી લીધી હતી. તેમને વિન્ડસર સ્થિત તેમના વૈભવી નિવાસસ્થાન 'રોયલ લોજ'માંથી પણ કાઢી મૂકવામાં આવ્યા હતા.એપસ્ટીન કેસની પીડિતા વર્જિનિયા ગિફ્રેએ આરોપ લગાવ્યો હતો કે પ્રિન્સ એન્ડ્રુએ 2001માં જ્યારે તે 17 વર્ષની હતી ત્યારે તેનું જાતીય શોષણ કર્યું હતું.બકિંગહામ પેલેસે ગુરુવારે આ બાબતે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે 'કિંગએ આજે પ્રિન્સ એન્ડ્રુની શૈલી, પદવીઓ અને સન્માનો દૂર કરવાની ઔપચારિક પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

## ગાઝામાં નિયંત્રણ વધારી રહ્યું છે હમાસ પ્રભાવિત વિસ્તારોમાં 90% હાજરી

• ગાઝા

અમેરિકાની પહેલ પર લાગુ થયેલા યુદ્ધવિરામ પછી ગાઝામાં હમાસે આંતરિક મોરચે પોતાની પકડ ફરી મજબૂત કરી લીધી છે. BBCના રિપોર્ટ અનુસાર, ગાઝાના એક કાર્યકર્તા મોહમ્મદ દિયાબે કહ્યું, 'હમાસે તે વિસ્તારોના 90%થી વધુ હિસ્સા પર ફરીથી નિયંત્રણ મેળવી લીધું છે જ્યાં તે હાજર છે.'દિયાબે કહ્યું, 'પોલીસ અને સુરક્ષા એજન્સીઓ રસ્તાઓ પર પાછી ફરી છે. તેઓ અપરાધ રોકવા અને જે લોકોને સહયોગી કે વિરોધી માને છે, તેમની વિરુદ્ધ કાર્યવાહી કરી રહી છે.'

દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું 'બોર્ડ ઓફ પીસ' ગુરુવારે વોશિંગ્ટનમાં પોતાની પ્રથમ બેઠક કરશે. તેમાં લગભગ 60 દેશોને આમંત્રિત કરવામાં આવ્યા છે. બેઠકમાં ગાઝા પટ્ટી માટે ટ્રમ્પની શાંતિ યોજના પર રિપોર્ટ રજૂ કરવામાં આવશે.જોકે, ટાઈમ્સ ઓફ ઈઝરાયેલ અનુસાર, પીસ બોર્ડના શરૂઆતી દસ્તાવેજમાં ગાઝાનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. ટ્રમ્પે કહ્યું કે બોર્ડનું મિશન ગાઝાથી ક્યાંય આગળ, આખી દુનિયામાં શાંતિ લાવવાનું છે. ઘણા યુરોપિયન દેશોએ તેને ટ્રમ્પનો પર્સનલ પ્રોજેક્ટ ગણાવ્યો અને તેમાં સામેલ થવાનો ઈનકાર કરી દીધો છે.રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ 22 જાન્યુઆરીના રોજ સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વિશ્વ આર્થિક મંચ દરમિયાન બોર્ડ ઓફ પીસ ચાર્ટરની ઘોષણા કરતા.રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ 22 જાન્યુઆરીના રોજ સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વિશ્વ આર્થિક મંચ દરમિયાન બોર્ડ ઓફ પીસ ચાર્ટરની ઘોષણા કરતા.

### મંત્રીએ કહ્યું- સરકારી એરલાઇન માટે ખરીદ્યું

## પાકિસ્તાન- CM મરિયમ માટે લક્ઝરી જેટ ખરીદવાનો આરોપ:10 અબજ રૂપિયા કિંમત

• ઈસ્લામાબાદ

પાકિસ્તાનમાં પંજાબ સરકાર પર મુખ્યમંત્રી મરિયમ નવાઝ માટે લક્ઝરી જેટ ખરીદવાનો આરોપ લાગ્યો છે. ટ્રિબ્યુન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ગલ્ફસ્ટ્રીમ G500 મોડેલના આ વિમાનની કિંમત લગભગ 10 અબજ પાકિસ્તાની રૂપિયા છે.ખરીદીને લઈને સોશિયલ મીડિયામાં વિવાદ તેજ બન્યો છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ જેટ મુખ્યમંત્રી મરિયમ નવાઝના ઉપયોગ માટે ખરીદવામાં આવ્યું છે.

અહેવાલો અનુસાર, આ વિમાન હાલમાં અમેરિકામાં રજિસ્ટર્ડ છે અને હજુ પાકિસ્તાનમાં તેનું રજિસ્ટ્રેશન થયું નથી. તેનો રજિસ્ટ્રેશન નંબર N144S હોવાનું જણાવાઈ રહ્યું છે.

પંજાબના માહિતી મંત્રી અઝમા બોખારીએ આરોપોને નકારી કાઢતા કહ્યું છે કે આ જેટ મુખ્યમંત્રી માટે નહીં, પરંતુ એર પંજાબ માટે તૈયાર કરવામાં આવી રહેલી ફ્લીટનો એક ભાગ છે.

ગલ્ફસ્ટ્રીમ G500ને દુનિયાના સૌથી લક્ઝરી બિઝનેસ જેટ્સમાં ગણવામાં આવે છે. તેની કેબિન ડિઝાઈન અને સુવિધાઓ તેને આકાશમાં ચાલતી ફાઈવ-સ્ટાર સ્યુટ બનાવે છે. વિમાનમાં સામાન્ય રીતે 10થી 19 મુસાફરો માટે બેઠક વ્યવસ્થા હોય છે, જેને જરૂરિયાત મુજબ ત્રણ અલગ-અલગ રહેવાના ભાગોમાં વિભાજિત કરી શકાય છે.સીટો સંપૂર્ણપણે ફ્લેટ બેડમાં રૂપાંતરિત થઈ જાય છે. વચ્ચે કોન્ફરન્સ ટેબલ લગાવી શકાય છે, જ્યાં મીટિંગ કરી શકાય. લાંબી ઉડાન દરમિયાન આરામ માટે અલગ આરામ વિભાગ પણ બનાવી શકાય છે.G500નું કેબિન ઈન્ડસ્ટ્રીમાં સૌથી શાંત કેબિનમાં ગણાય છે. કેબિન પ્રેશર અને હવાની ગુણવત્તા એવી રાખવામાં આવે છે કે લાંબા અંતરની ઉડાનમાં યાત્રીઓને ઓછો થાક અનુભવાય. મોટી-મોટી અંડાકાર બારીઓ વધુ કુદરતી રોશની આપે છે.વિમાનમાં અલગ કિચન સ્પેસ, પર્યાપ્ત લગેજ સ્પેસ અને એડવાન્સ એર-ફિલ્ટ્રેશન સિસ્ટમ આપવામાં આવી છે. સુરક્ષા માટે આધુનિક કોકપિટ સિસ્ટમ અને બે શક્તિશાળી એન્જિન લગાવવામાં આવ્યા છે. લાંબા અંતર, ઓછો અવાજ અને હોટેલ જેવી સુવિધાઓને કારણે તેનો ઉપયોગ VIP અને કોર્પોરેટ યાત્રાઓ માટે કરવામાં આવે છે.વિમાનમાં પર્સનલ વર્કસ્પેસ, સેટેલાઈટ આધારિત હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને મોટી સ્ક્રીન સિસ્ટમની સુવિધા હોય છે.વિમાનમાં પર્સનલ વર્કસ્પેસ, સેટેલાઈટ આધારિત હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને મોટી સ્ક્રીન સિસ્ટમની સુવિધા હોય છે.

## ઓસ્ટ્રેલિયામાં શીખ યુવકને ઈન્ડિયન ડોગ કહ્યો ઓસ્ટ્રેલિયન યુવકોએ જીમની બહાર ઘેરી લીધો

### પાછા જાઓ 'ના નારા લગાવ્યા; નાકનું હાડકું ભાંગી નાખ્યું

• લુધિયાણા

ઓસ્ટ્રેલિયાના જીલોંગ શહેરમાં એક શીખ યુવક પર જાતિવાદી હુમલો કરવામાં આવ્યો છે. 22 વર્ષીય હરમનપ્રીત સિંહ પર જીમની બહાર પહેલા જાતિવાદી ટિપ્પણી કરવામાં આવી અને ત્યારબાદ તેના પર હુમલો કરવામાં આવ્યો. હુમલાખોરે હરમનપ્રીત સિંહના નાક પર હુમલો કર્યો જેનાથી તેના નાકનું હાડકું ભાંગી ગયું.ઓસ્ટ્રેલિયન મીડિયા રિપોર્ટ્સ મુજબ, હરમનપ્રીત સિંહ ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયા રાજ્યના જીલોંગ શહેરમાં રહે છે. તે સ્થાનિક હોસ્પિટલમાં મેડિકલ એટેન્ડન્ટ તરીકે કાર્યરત છે. ઘટના 18 ફેબ્રુઆરીની મોડી રાતની છે જ્યારે તે કોરિયો વિસ્તારના જીમમાં વર્કઆઉટ કરી રહ્યો હતો. આરોપ છે કે જીમની અંદર કેટલાક યુવકોએ તેમને જાતિવાદી ટિપ્પણીઓ કરી અને તેમને પાછા જવાનું કહ્યું.હરમનપ્રીત સિંહના જણાવ્યા અનુસાર, જ્યારે તે જીમમાંથી બહાર નીકળ્યો ત્યારે ત્રણ યુવકોએ તેનો પીછો કર્યો અને પછી તેને ઘેરીને હુમલો કર્યો. એક હુમલાખોરે તેના નાક પર હુમલો કર્યો. જેનાથી તેના નાકનું હાડકું તૂટી ગયું અને તે લોહીલુહાણ થઈને પડી ગયો. હુમલાખોરો ત્યારબાદ એક ગ્રે રંગની કારમાં ફરાર થઈ ગયા.સ્થાનિક લોકોની મદદથી હરમનપ્રીતને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા, જ્યાં ડોકટરોએ તેમની નાકમાં ફ્રેક્ચરની પુષ્ટિ કરી. ડોકટરોનું કહેવું છે કે તેમને સર્જરીની જરૂર પડી શકે છે. ઘટના બાદ તેઓ માનસિક રીતે પણ આઘાતમાં છે અને જીમમાં પાછા ફરવામાં અસુરક્ષિત અનુભવી રહ્યા છે.જિમમાં વર્કઆઉટ કરતી વખતે ટિપ્પણી: હરમનપ્રીત સિંહનું કહેવું છે કે તે જિમમાં વર્કઆઉટ કરી રહ્યો હતો. ત્યારે જિમમાં વર્કઆઉટ કરી રહેલા ત્રણ યુવકોએ તેના પર જાતિવાદી ટિપ્પણીઓ કરવાનું શરૂ કર્યું.પાછા જાઓ, પાછા જાઓ: હરમનપ્રીત અનુસાર, જાતિવાદી ટિપ્પણીઓ પછી તેઓ કહેવા લાગ્યા કે પાછા જાઓ, પાછા જાઓ. આ ઉપરાંત, તેઓ ઘણી ગાળો આપવા લાગ્યા. તેનું કહેવું છે કે તે ચૂપ રહ્યો અને તેમને કોઈ જવાબ આપ્યો નહીં.

### ખૈબરમાં અટક બ્રિજ પર PTIના હજારો સમર્થકોએ કબજો કર્યો

## ઈમરાનની ખાનની મુક્તિ માટે પાકિસ્તાનમાં સ્થિતિ બેકાબૂ બની

• ઈસ્લામાબાદ

પાકિસ્તાનના પૂર્વ PM ઈમરાન ખાનની મુક્તિની માગને લઈને પાકિસ્તાનમાં સ્થિતિ બેકાબૂ બની રહી છે. ઈમરાનની પાર્ટી પાક તહરીક-એ-ઈન્સાફ (PTI) ના હજારો સમર્થકોએ ખૈબર પ્રાંતમાં વ્યૂહાત્મક અને રણનીતિક રીતે મહત્વપૂર્ણ અટક બ્રિજ પર બુધવારે કબજો જમાવી લીધો છે.

બ્રિજના બંને તરફ ઈમરાન સમર્થકોના જમાવડાને કારણે વાહનો અટકી પડ્યા છે. પીટીઆઈના વલણને જોતા પાક આર્મી ચીફ આસિમ મુનીરે ઈસ્લામાબાદ, પેશાવર અને રાવલપિંડી કેન્ટમાંથી લગભગ 5 હજાર સૈનિકો રવાના કર્યા છે.બીજી તરફ, ખૈબરના મુખ્યમંત્રી સુહેલ આફ્રિદીએ મુક્તિ માટે યુવાનોની ઈમરાન રિલીઝ ફોર્સ બનાવવાની જાહેરાત કરી છે. ઈમરાનના સમર્થનમાં તહાફુજ પાર્ટી (TTP) એ પણ ઈસ્લામાબાદ કૂચની જાહેરાત કરી છે. ઈમરાન સમર્થકોના અટક બ્રિજ પર કબજાથી ખૈબર પ્રાંત પાકિસ્તાનથી કપાઈ ગયો છે. આનાથી પાકિસ્તાનમાં અફરાતફરી મચી ગઈ છે. તાત્કાલિક આર્મી ચીફને સેના મોકલવાનો નિર્ણય લેવો પડ્યો.પીએમ ઈમરાન ખાન ઓગસ્ટ, 2023થી ઈસ્લામાબાદની અડિયાલા જેલમાં બંધ છે. હાલ તેઓ તોશાખાના ભ્રષ્ટાચાર કેસમાં 14 વર્ષની જેલ ભોગવી રહ્યા છે.ઈમરાનની પત્ની બુશરા બીબી પણ અડિયાલા જેલમાં સજા કાપી રહી છે. ઈમરાન વિરુદ્ધ લગભગ સોથી વધુ કેસ નોંધાયેલા છે. તેમાંથી લગભગ એક ડઝન કેસ લોઅર-હાઈકોર્ટમાં ચાલી રહ્યા છે.ઈમરાનને જેલમાં રાખવામાં આર્મી ચીફ મુનીરની મોટી ભૂમિકા છે.

## હનુમાનજીને એલિયન્સ કહી અપમાન કર્યું:ટ્રમ્પની પાર્ટીના નેતાને 90 ફૂટ ઊંચી પ્રતિમા સામે વાંધો

### ગણેશ યાત્રાનો વીડિયો શેર કરીને લખ્યું- આ ભારત નહી, ડલ્લાસ છે

• અમેરિકા

અમેરિકાના ટેક્સાસના એક શહેરમાં ભગવાન હનુમાનની 90 ફૂટની પ્રતિમા છે, જેને 'સ્ટેચ્યૂ ઓફ ધ યુનિયન' તરીકે ઓળખાય છે. ટ્રમ્પની પાર્ટીના નેતાઓ વારંવાર એના પર નિશાન સાધી ચૂક્યા છે.અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પાર્ટી રિપબ્લિકન પાર્ટીના અન્ય એક નેતાએ ટેક્સાસમાં સ્થાપિત હનુમાનજીની પ્રતિમા અંગે વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે. લગભગ પાંચ મહિના પહેલાં ટેક્સાસના રિપબ્લિકન નેતા એલેક્ઝાન્ડર ડંકને અમેરિકાને ખ્રિસ્તી દેશ ગણાવીને હિન્દુ દેવતાની પ્રતિમાના નિર્માણ સામે વાંધો ઉઠાવ્યો હતો.


હવે ટ્રમ્પના MAGA (મેક અમેરિકા ગ્રેટ અગેઈન) ચળવળના કાર્યકર્તા અને રિપબ્લિકન નેતા કાર્લોસ ટુરસિયોસે ભગવાન હનુમાનની પ્રતિમાનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં લખ્યું છે કે 'ત્રીજી દુનિયા' ના 'એલિયન્સ' ટેક્સાસ અને યુએસ પર કબજો કરી રહ્યા છે, આમ કહીને ટુરસિયોસે હનુમાનજીનું અપમાન કર્યું હતું.કાર્લોસ ટુરસિયોસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં લખ્યું, 'આ પાકિસ્તાનનું ઈસ્લામાબાદ કે ભારતનું નવી દિલ્હી નથી. આ ટેક્સાસની શુગર લેન્ડ છે. ત્રીજા વિશ્વના એલિયન્સ ધીમે ધીમે ટેક્સાસ અને અમેરિકા પર કબજો કરી રહ્યા છે. અમેરિકામાં વિશ્વની ત્રીજી સૌથી મોટી પ્રતિમાની શું જરૂર? અતિક્રમણ બંધ કરો.'ટેક્સાસમાં હનુમાનજીની પ્રતિમાનું અનાવરણ 2024માં કરવામાં આવ્યું હતું. પંચલોહ અભય હનુમાન તરીકે ઓળખાતી આ પ્રતિમા અમેરિકાના સૌથી ઊંચા હિન્દુ સ્મારકોમાંનું એક છે અને વિશ્વની ત્રીજી સૌથી ઊંચી પ્રતિમા છે. મંદિરના અધિકારીઓ એને શક્તિ, ભક્તિ અને શાંતિ માટે "આધ્યાત્મિક કેન્દ્ર"ના પ્રતીક તરીકે વર્ણવે છે.કાર્લોસ ટુરસિયોસના નિવેદનની સોશિયલ મીડિયા પર ટીકા થઈ છે. ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે તેમના પર વિદેશીઓ પ્રત્યેનો ડર ફેલાવવાનો આરોપ લગાવ્યો છે અને લોકોને અમેરિકન સમાજમાં ઈમિગ્રન્ટ્સ અને અન્ય ધાર્મિક સમુદાયોના યોગદાનની યાદ અપાવી છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

ક્રિપ્ટો કરન્સીમાં રોકાણના નામે ઠગાઈ

# મોબાઈલ રિપેરિંગ કરતા યુવક પાસેથી યુવતીએ ટુકડે-ટુકડે 5 લાખ રૂપિયા પડાવ્યા

• અમદાવાદ




અમદાવાદ શહેરના બોપલમાં મોબાઈલ રિપેરિંગનું કામ કરતા યુવકને અજાણ્યા નંબર પરથી મેસેજ કરીને મહિલા ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાનું કહી વધુ નફો આપવાની લાલચ આપી હતી. યુવકે યુવતીના કહેવાથી ટુકડે-ટુકડે 5.56 લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. યુવકને નફા સાથેની વધુ રકમ બતાવી ઉપાડવી હોય તો ટેક્ષ ભરવાનું કહ્યું હતું. યુવકે તપાસ કરતા ફ્રોડ થયાની જાણ થતા બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ઘાટલોડીયામાં રહેતો શક્તિસિંહ ઠાકોર નામનો 34 વર્ષથી યુવક બોપલમાં મોબાઈલ રિપેરિંગનું કામ કરે છે. શક્તિસિંહને અજાણ્યા નંબરથી વ્હોટ્સએપ પર મેસેજ આવ્યો હતો, જેમાં ક્રિપ્ટો કરન્સીમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાનું જણાવ્યું હતું. જે બાદ આપેલી લિંક ઓપન કરીને શક્તિસિંહે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને રજીસ્ટ્રેશનની 9500 ફી ભરી હતી.અજાણ્યા નંબર પરથી માયા શર્મા નામની યુવતી શક્તિસિંહને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાનું કહેતા શક્તિસિંહે અલગ અલગ ટ્રાન્જેક્શન કરીને કુલ 5.56 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. આ રોકાણ કર્યા બાદ શક્તિસિંહને 12 લાખ રૂપિયા જમા થયેલા બતાવતા હતા. જે ઉપાડવા માટે 5.29 લાખ રૂપિયા ટેક્સ ભરવાનું કહ્યું. જેથી શક્તિસિંહે તપાસ કરી ત્યારે ફ્રોડ થયાની જાણ થઈ હતી. આ અંગે શકિતસિંહે બોપલ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

# મધ્યપ્રદેશના યુવાનની તિરંગા સાથે અનોખી સ્કેટિંગ ભારત યાત્રા

• પ્રતિનિધિ લક્ષ્મણ ઠાકોર અંબાજી

ભારત જેવા દેશમાં ઘણા એવા યુવાનો પડ્યા છે, જેઓ અનોખી યાત્રા અને અનોખા કાર્ય કરવા માટે તત્પર રહેતા હોય છે. આપણે વાત કરીએ છીએ મધ્યપ્રદેશ રાજ્યના એક સાહસિક યુવાનની.આ સાહસિક યુવાનનું નામ રુદ્રા છે.આ સાહસિક યુવાન મધ્યપ્રદેશ રાજ્યના કટની જિલ્લાના વતની છે. આ સાહસિક યુવાન સ્કેટિંગ દ્વારા સમગ્ર ભારત યાત્રા કરવા નીકળ્યા છે. પોતાની પાસે રૂપિયા ન હોવા છતાં પણ એક સાહસ સાથે આ યુવાન રોજના 80 થી 90 કિલોમીટર સ્કેટિંગ કરી યાત્રા કરે છે. હાથમાં તિરંગો અને દેશ ભક્તિના ગીત સાથે સાચેજ આ યુવાનની દેશ ભક્તિ જોનારાને ગમે છે.

**વિરોધ**

આવકના પ્રમાણપત્ર હવેથી ઓનલાઇન મળશે

# આવકના પ્રમાણપત્રની પ્રક્રિયામાં મોટો ફેરફાર:હવે જિલ્લા કલેક્ટર કચેરીમાં જ અરજી, સ્વ-ઘોષણાપત્ર ફરજિયાત

**18 ફેબ્રુઆરી 2026ના રોજ બહાર પાડવામાં આવેલા હુકમ અનુસાર હવે આવકનું પ્રમાણપત્ર મેળવવા માટે નવી સરળ અને પારદર્શક પદ્ધતિ અમલમાં મૂકવામાં આવશે**

• ગાંધીનગર

રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આવકના પ્રમાણપત્ર (Income Certificate) મેળવવાની પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે. 18 ફેબ્રુઆરી 2026ના રોજ બહાર પાડવામાં આવેલા હુકમ અનુસાર હવે આવકનું પ્રમાણપત્ર મેળવવા માટે નવી સરળ અને પારદર્શક પદ્ધતિ અમલમાં મૂકવામાં આવશે. હાલ સુધી વિવિધ સત્તાધિકારીઓ મારફતે આપવામાં આવતા આવકના દાખલાની પ્રક્રિયામાં એકરૂપતા લાવવા અને અરજદારોને અનાવશ્યક દોડધામથી મુક્ત કરવા માટે આ સુધારા કરવામાં આવ્યા હોવાનું વિભાગે સ્પષ્ટ કર્યું છે.

નવા નિયમ મુજબ શહેર વિસ્તાર માટે મામલતદાર અને ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારીને સત્તા આપવામાં આવી છે, પરંતુ સમગ્ર પ્રક્રિયા જિલ્લા કલેક્ટર કચેરીના માર્ગદર્શન હેઠળ રહેશે. અરજદારે નિયત ફોર્મમાં અરજી સાથે જરૂરી દસ્તાવેજો જોડવાના રહેશે.-ઘોષણાપત્ર (Self Declaration) ફરજિયાત



આવકનું પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારે હવે સ્વ-ઘોષણાપત્ર આપવાનું રહેશે. ખોટી માહિતી આપવાના કિસ્સામાં કાયદેસરની કાર્યવાહી કરવાની જોગવાઈ પણ સ્પષ્ટ કરવામાં આવી છે.

નવા પરિપત્ર અનુસાર આવકના પ્રમાણપત્રની માન્યતા સમયગાળા અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે.અગાઉની ગૂંચવણ દૂર કરીને હવે પ્રમાણપત્ર કેટલા સમય સુધી માન્ય રહેશે તેની નોંધ સ્પષ્ટ શબ્દોમાં કરવામાં આવશે. વિભાગના અધિકારીઓ મુજબ આ સુધારાથી ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગને સરકારી યોજનાઓનો લાભ લેવા માટે આવકનું પ્રમાણપત્ર સરળતાથી પ્રાપ્ત થશે અને પ્રક્રિયામાં પારદર્શિતા વધશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી અરજદારોને સહેલાઈ મળશે તેમજ દસ્તાવેજીકરણની પ્રક્રિયામાં એકરૂપતા આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.ડિજિટલ ગુજરાત પોર્ટલ તથા સિંગલ સાઈન-ઓન (SSO) સિસ્ટમ સાથે આવકના પ્રમાણપત્રની સેવા જોડવાની દિશામાં પણ સરકાર આગળ વધી રહી છે. ઓનલાઈન વ્યવસ્થા સંપૂર્ણ અમલમાં આવે ત્યાં સુધી હાલની પ્રક્રિયા ચાલુ રહેશે. વિભાગના અધિકારીઓ મુજબ આ સુધારાથી ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગને સરકારી યોજનાઓનો લાભ લેવા માટે આવકનું પ્રમાણપત્ર સરળતાથી પ્રાપ્ત થશે અને પ્રક્રિયામાં પારદર્શિતા વધશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી અરજદારોને સહેલાઈ મળશે તેમજ દસ્તાવેજીકરણની પ્રક્રિયામાં એકરૂપતા આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હવે પોલીસ પણ દોડતી થઈ

# અમદાવાદના નિવૃત્ત DySPની ઘર-આંગણે પાર્ક કારના નવા ટાયરો કાઢી જુના ફીટ કરી તસ્કરો ફરાર

**વાહનો પણ સુરક્ષિત રહ્યા નથી** પાટનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી આશ્ચર્યજનક ઘટના

• ગાંધીનગર

પાટનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી આશ્ચર્યજનક ઘટના સામે આવી છે. હવે સામાન્ય જનતા તો ઠીક પણ ઉચ્ચ પોલીસ અધિકારીઓના વાહનો પણ સુરક્ષિત રહ્યા નથી. શહેરના સેક્ટર-2બી જેવા વીઆઈપી વિસ્તારમાં તસ્કરોએ એક નિવૃત્ત ડીવાયએસપીની કારને નિશાન બનાવી ટાયરોની ચોરી કરી જુના ફીટ કરી સેક્ટર 7 પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે.




અધિકારીની કારમાંથી ત્રણ ટાયરોની ચોરી થયાની ઘટના સામે આવી ગાંધીનગરમાં તસ્કરો હવે પોલીસ અધિકારીઓના વાહનોને પણ નિશાન બનાવતા અચકાતા નથી. ગાંધીનગરના સેક્ટર 2બી વિસ્તારમાં રહેતા અને અમદાવાદ સીટી પોલીસમાંથી ડીવાયએસપી તરીકે નિવૃત્ત થયેલા એક ઉચ્ચ અધિકારીની કારમાંથી ત્રણ ટાયરોની ચોરી થયાની ઘટના સામે આવી છે. અજાણ્યા ચોર ઈસમોએ રાત્રિના અંધકારનો લાભ લઈ કારના અસલી ટાયરો કાઢી તેની જગ્યાએ જૂના ટાયરો લગાવી ચોરીને અંજામ આપતા પોલીસ પણ દોડતી થઈ ગઈ છે.


પોતાના ઘરની સામે આવેલા કોમન પ્લોટની ખુલ્લી જગ્યામાં પાર્ક કરી હતી પ્રાપ્ત વિગતો મુજબ,સેક્ટર 2બી, પ્લોટ નંબર 285/2 માં રહેતા 58 વર્ષીય નિવૃત્ત ડીવાયએસપી અમૃતભાઈ મોહનભાઈ દેસાઈ 2025માં પોલીસ સેવામાંથી નિવૃત્ત થયા હતા.તેમની પાસે તેમના મિત્ર સુરેશભાઈ રબારીની માલિકીની સફેદ કલરની વેગનઆર કાર છે .જેનો ઉપયોગ તેઓ પરિવાર સાથે અવરજવર માટે કરે છે. ગઈકાલે સાંજે 7 વાગ્યાના અરસામાં તેમણે કાર પોતાના ઘરની સામે આવેલા કોમન પ્લોટની ખુલ્લી જગ્યામાં પાર્ક કરી હતી.

અધિકારીના ઘર પાસે થયેલી આ ચોરીએ સ્થાનિક સુરક્ષા સામે પણ સવાલો ઉભા કર્યા બાદમાં રાત્રે પરિવાર સહિતના સભ્યો જમી પરવારીને સૂઈ ગયા હતા. આજરોજ સવારે અમૃતભાઈ ઘરની બહાર નીકળ્યા ત્યારે તેમણે જોયું કે, કારનું પાછળની ડાબી બાજુનું ટાયર ગાયબ હતું. આથી તેમણે વધુ તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે તસ્કરોએ કારના આગળના બંને ઓરીજનલ ટાયરો કાઢી લઈ તેની જગ્યાએ જૂના ટાયરો સ્ટેફની સાથે લગાવી દીધા હતા. આ અંગે તેમણે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરાવતા પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નોંધનીય છેકે વીઆઈપી ગણાતા સેક્ટરોમાં નિવૃત્ત ઉચ્ચ પોલીસ અધિકારીના ઘર પાસે થયેલી આ ચોરીએ સ્થાનિક સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઉભા કર્યા છે.

# નગરદેવી માઁ ભદ્રકાળીની પંચધાતુની ચલિત મૂર્તિની સ્થાપના :યાત્રામાં મૂર્તિને રથમાં બિરાજમાન કરાશે

• અમદાવાદ

અમદાવાદ શહેરની નગરદેવી જગતજનની માઁ ભદ્રકાળીની આગામી 26મી ફેબ્રુઆરીના રોજ ભવ્ય નગરયાત્રા નીકળવા જઈ રહી છે.આ પવિત્ર અવસર પૂર્વે આજે (19 ફેબ્રુઆરી) માતાજીની એક વિશેષ 'ચલિત મૂર્તિ'ની શાસ્ત્રોક્ત વિધિ સાથે સ્થાપના કરવામાં આવી છે. પંચધાતુમાંથી બનેલી આ મૂર્તિ ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે, જેની પાછળ અનેક ભક્તોની શ્રદ્ધા અને કલાકારોની દિવસ-રાતની મહેનત છુપાયેલી છે.નગરદેવી માઁ ભદ્રકાળી પ્રત્યે અતૂટ શ્રદ્ધા ધરાવતા ભક્તોમાં આજે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. છેલ્લા 50 વર્ષથી માતાજીની ભક્તિમાં લીન એવા ઓમપ્રકાશ એસ. સિવનાનીએ આ અવસરે જણાવ્યું હતું કે, આ બધું જ માઁના હુકમથી થઈ રહ્યું છે. આ મૂર્તિ આગામી નગરયાત્રામાં આખા શહેરમાં ભ્રમણ કરશે, જેથી તમામ ભક્તો માઁના આશીર્વાદ મેળવી શકે. આ કાર્યમાં સમગ્ર ટીમ અને ખાસ કરીને સોની પરિવારનો મોટો ફાળો રહ્યો છે.અમારામાં કોઈ શક્તિ નથી, આ બધું માઁની શક્તિ છે. 26મી ફેબ્રુઆરીએ નગરયાત્રા નીકળશે અને માઁ ભદ્રકાળી નગરચર્યાએ નીકળશે.આ મામલે મૂર્તિકાર જય રાણપરાએ જણાવ્યું હતુ કે, અમે રાજકોટવાળા તરીકે ઓળખાઈએ છીએ. મૂળ રાજકોટના છે અને હાલમાં અમદાવાદમાં રહીશે છીએ. મારા કુળદેવી પણ ભદ્રકાળી છે અને મારા નસીબ પણ એવા મળ્યાં કે, મને આ મૂર્તિનો શણગાર કરવા મળ્યો. આ મારા માટે ખુશીની વાત છે કે, આખા ગુજરાતમાં આ મોક્કો મળે મળ્યો. અસલ મૂર્તિની જેવી જ આ મૂર્તિ છે અને તેને જોશો તો એવું લાગશે કે, સાક્ષાત માતાજી દર્શન દેશે. આ મૂર્તિ બનાવવા પાછળ પાંચથી છ દિવસ લાગ્યાં છે. મૂર્તિની ચમક અને તેજ વર્ષો સુધી જળવાઈ રહે તે માટે પ્રીમિયમ હાઈ-ગ્લોસ લેમિનેશનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મૂર્તિમાં કઈપણ સમારકામ કે શણગારની જરૂર પડશે તો એ મારી જવાબદારી રહેશે. માના ભક્ત મુકેશકુમાર નટવરલાલ સોનીએ જણાવ્યું હતુ કે, આજે માતાજીની અને સાહેબની પ્રેરણાથી આ પંચધાતુની મૂર્તિ અમે બનાવી છે અને જયભાઈએ જે મીનાકારી કરી છે, તે 'બીકાનેરી મીનાકારી' છે જે રાજસ્થામાં કરવામાં આવે છે.આગામી 26મી ફેબ્રુઆરીએ જ્યારે આ મૂર્તિ રથમાં બિરાજમાન થઈને નગરચર્યાએ નીકળશે, ત્યારે હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડશે તેવી શક્યતા છે. મૂર્તિના શણગારથી લઈને તેના જાળવણીની સંપૂર્ણ જવાબદારી કલાકારોએ આજીવન ઉપાડી છે, જે તેમની અતૂટ આસ્થા દર્શાવે છે.



# શહેરકોટડામાં SMCના દરોડા, 3 લાખના હશીશ સાથે બે શખસો ઝડપાયા

• અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં નશીલા પદાર્થોના વેચાણ પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ લાલ આંખ કરી છે. શહેરકોટડા પોલીસ સ્ટેશનની હદમાં ગતમોડી રાત્રે ઓપરેશન હાથ ધરી પોલીસે લાખોની કિંમતનું 'હશીશ' જપ્ત કરી બે આરોપીઓની ધરપકડ કરી છે. સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતા વચ્ચે ગાંધીનગરની ટીમ દ્વારા કરવામાં આવેલા આ દરોડાથી પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી અનુસાર, SMCને મળેલી ચોક્કસ બાતમીના આધારે શહેરકોટડા વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ ઓપરેશન દરમિયાન 1.456 કિલોગ્રામ હશીશનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. જેની અંદાજે 3,64,000 રૂપિયાની કિંમતનું ડ્રગ્સ અને અન્ય સાધનો મળી કુલ 4,43,240નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જ્યારે બહારની એજન્સીઓ વારંવાર દરોડા પાડીને ગેરકાયદે પ્રવૃત્તિઓ પકડે છે, ત્યારે સ્થાનિક પોલીસની સતર્કતા અને જવાબદારી સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

પોલીસે આ કેસમાં ડ્રગ્સની હેરાફેરી કરતા ઉત્તર પ્રદેશના રામમૂરત ચમાર અને કુબેરનગરના રાકેશ ઉર્ફે રોકીની ધરપકડ કરી છે, જ્યારે અયોધ્યાના વિજયકુમાર વિશ્વકર્માને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ જથ્થો અમદાવાદના સ્થાનિક સપ્લાયર્સને પહોંચાડવાનો હતો.

આ વિસ્તાર ફરી એકવાર વિવાદોના કેન્દ્રમાં આવ્યો છે. અગાઉ અહીં દારૂના મામલે બે પોલીસકર્મીઓ વચ્ચે થયેલી મારામારીનો કિસ્સો છેક ગૃહ મંત્રાલય સુધી પહોંચ્યો હતો. થોડા સમય પહેલા PCB એ અહીંથી દારૂનો જથ્થો પકડ્યો હતો અને હવે SMC એ ડ્રગ્સ પકડ્યું છે. જ્યારે બહારની એજન્સીઓ વારંવાર દરોડા પાડીને ગેરકાયદે પ્રવૃત્તિઓ પકડે છે, ત્યારે સ્થાનિક પોલીસની સતર્કતા અને જવાબદારી સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

# કુમકુમ પાલડી મંદિરમાં શુક્રવારે ઉજવાશે પાટોત્સવ : આનંદપ્રિયદાસજી સ્વામીના 84મા દીક્ષાદિને 15 ફૂટનો હાર ધરાવાશે



• અમદાવાદ

અમદાવાદ શહેરના કુમકુમ પાલડી સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શુક્રવાર, ૨૦ ફેબ્રુઆરી (ફાગણ સુદ ત્રીજ) ના રોજ પાટોત્સવની ઉજવણી કરવામાં આવશે. સવારે ૮:૩૦ થી ૧૨:૦૦ દરમિયાન યોજાનારા આ કાર્યક્રમમાં શ્રી ઘનશ્યામ મહારાજનું ષોડ્શોપચારથી પૂજન, અર્ચન અને પુષ્પોથી અભિષેક કરાશે. આ પ્રસંગે કુમકુમ મંદિરના સંસ્થાપક સદ્ગુરૂ શાસ્ત્રી શ્રી આનંદપ્રિયદાસજી સ્વામીના ૮૪મા દીક્ષાદિનની પણ ઉજવણી કરાશે. સ્વામિનારાયણ સંપ્રદાયના ક્રાંતિકારી સંત શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ તેમને પોતાના પ્રથમ ત્યાગી પટ્ટશિષ્ય સંત તરીકે દીક્ષા આપી હતી. આ દીક્ષાદિન નિમિત્તે શ્રી આનંદપ્રિયદાસજી સ્વામીને ૧૫ ફૂટનો વિશાળ હાર ધરાવી પૂજન કરવામાં આવશે.

**'ઘોડા પર ચડીએ તો કેટલાકને તકલીફ પડે છે,**

# હવે હાથી પર વરઘોડો કાઢીશું!', સમૂહ લગ્નમાં કોન્સ્ટેબલનું નિવેદન

• અમદાવાદ

અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં ભીમરાવ વાંચનાલય ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગત 15 ફેબ્રુઆરી, 2026ના રોજ સમૂહ લગ્ન યોજાયા હતા. આ સામાજિક કાર્યક્રમમાં શહેરના રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા કેતન પરમારે સ્ટેજ પરથી કોઈ રાજકીય નેતાની શૈલીમાં આક્રમક ભાષણ આપ્યું હતું. જિજ્ઞેશ મેવાણી સહિતના આગેવાનોની હાજરીમાં પોલીસકર્મીએ જાતિવાદી માનસિકતા ધરાવતા લોકો સામે સ્ટેજ પરથી ખુલ્લો પડકાર ફેંક્યો હતો, જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બન્યો છે.ભાષણ દરમિયાન કેતન પરમારે તાજેતરમાં બનેલી દલિત સમાજના વરઘોડા રોકવાની ઘટનાઓનો ઉલ્લેખ કરતા રોષ ઠાલવ્યો હતો. તેમણે આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે, 'અમે કોઈ સમાજ વિરુદ્ધ નથી, પણ જો અમારો માણસ પોતાના પૈસે ઘોડે ચઢે તો તલવાર લઈને નીકળી આવનારાને શું તકલીફ છે?'



જાતિવાદી માનસિકતા ધરાવતા લોકોને ધ્યાનમાં રાખીને તેમણે કહ્યું કે, 'જો કોઈનામાં તાકાત હોય તો BVCTના વરઘોડા રોકી બતાવે. આગામી સમયમાં હવે માત્ર ઘોડા જ નહીં, પણ 11 હાથીઓ પર વરઘોડિયાને બેસાડીશું.'સમગ્ર મામલે કેતન પરમારે સ્પષ્ટતા કરી હતી કે તેઓ છેલ્લા 4 વર્ષથી આ ટ્રસ્ટના માધ્યમથી સમૂહ લગ્નનું આયોજન કરે છે. તેમણે જણાવ્યું હતું કે, આ સંબોધન કોઈ ચોક્કસ જ્ઞાતિ કે સમાજ વિરુદ્ધમાં નથી, પરંતુ માત્ર એવા લોકો માટે છે જેઓ આજે પણ જાતિવાદી માનસિકતા ધરાવે છે અને દલિત સમાજની પ્રગતિ કે તેમના રીત-રિવાજો સામે અવરોધ ઊભો કરે છે. જોકે, એક જવાબદાર પોલીસકર્મી દ્વારા સ્ટેજ પરથી આ પ્રકારની આક્રમક ભાષા અને પડકારજનક લહેકાનો ઉપયોગ કરવામાં આવતા પોલીસ બેડામાં પણ આ ઘટના ટોક ઓફ ધ ટાઉન બની છે.

# હોળી-ધૂળેટીના તહેવારોમાં મુસાફરો માટે ખાસ સુવિધા, 1300 વધારાની બસ દોડાવાશે, જાણો રૂટ

• ગાંધીનગર

હોળી અને ધૂળેટીના તહેવારોને ધ્યાનમાં રાખીને ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા વધારાની બસ દોડાવવાનો નિર્ણય કર્યો છે. વિવિધ શહેરોમાં રોજગારી અર્થે રહેતા લોકો પોતાના પરિવાર સાથે વતનમાં તહેવાર ઉજવી શકે તે માટે તેઓને મુસાફરીમાં કોઈ અગવડતા ન પડે તેને લઈને એસ.ટી. દ્વારા વધારાની 1300 બસ થકી 7500 ટ્રીપોનું સંચાલન કરાશે.

હોળી-ધૂળેટીના તહેવારો વધારાની બસો દોડાવાશે અને ધૂળેટીના તહેવારો દરમિયાન અમદાવાદ, રાજકોટ, અમરેલી, જૂનાગઢ, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારોમાંથી ગોધરા, દાહોદ, ઝાલોદ અને છોટાઉદેપુર તરફ



જનારા મુસાફરો માટે વિશેષ સુવિધા ઉભી કરવામાં આવી છે.

દ્વારકા-ડાકોર જતા દર્શનાર્થીઓ માટે વધારાની 450 બસ ફાળવાઈ હોળીના તહેવારમાં ડાકોરમાં ફૂલડોલોત્સવ તથા દ્વારકામાં પણ લાખો ભાવિભક્તો દર્શાનાર્થે જતા હોય છે, ત્યારે ભક્તોને પરિવહનમાં કોઈપણ અગવડ ન પડે તે હેતુથી દ્વારકા અને ડાકોર જનારા દર્શનાર્થીઓ માટે 450 બસ દ્વારા 3500 ટ્રીપો ફાળવવામાં આવી છે.

એડવાન્સ બુકિંગની સુવિધા ઉલ્લેખનીય છે કે, આ વિશેષ સેવાઓ 27 ફેબ્રુઆરીથી 5 માર્ચ 2026 દરમિયાન કાર્યરત રહેશે. મુસાફરોની સુવિધા અને ભીડને ટાળવા માટે એસ.ટી. નિગમ દ્વારા ઓનલાઈન બુકિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. મુસાફરો નિગમની વેબસાઈટ gsrtc.in અથવા GSRTC મોબાઈલ એપ્લિકેશન દ્વારા એડવાન્સ બુકિંગ કરાવી શકે છે.

આ સમગ્ર સંચાલન સંબંધિત કોઈપણ પૂછપરછ માટે મુસાફરો નિગમના ટોલ ફ્રી નંબર 1800233666666 પર 24 કલાક સંપર્ક કરી શકે છે. દરેક ડેપો ખાતેથી પણ આ વધારાની સર્વિસોની માહિતી અને ટિકિટ ઉપલબ્ધ રહેશે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં નર્મદાભાજપા નર્મદા જિલ્લામાં જંગી બહુમતી સાથે વિજય હાંસલ કરે તે માટે સંગઠનાત્મક કામગીરી શરૂ કરવાની અપીલ કરી

• રાજપીપલા, તા. 19

નર્મદા જિલ્લા ખાતે તાજેતરમાં જિલ્લા ભાજપ સંગઠનના નવા માળખાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. તે અનુસંધાને આજે જિલ્લા કમલમ કાર્યાલય ખાતે પ્રથમ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ બેઠકમાં સંગઠનને વધુ મજબૂત બનાવવાના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.આ ઉપરાંત આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી નર્મદા જિલ્લામાં જંગી બહુમતી સાથે વિજય હાંસલ કરે તે માટે આજથી જ સંગઠનાત્મક કામગીરી શરૂ કરવાની અપીલ કરવામાં આવી હતી.

**પરસેવાની કિંમત સમજાઈ!** જનતાના સેવકોની જીતઃ PGVCL એ ફિલ્ડ સ્ટાફને 'ડિજિટલ સાંકળ' માંથી આપી મુક્તિ!

# PGVCLના 'બાયોમેટ્રિક' ફતવા સામે યુવરાજસિંહ જાડેજાની રજૂઆતનો વિજય : ફિલ્ડ સ્ટાફને પંચિંગના ત્રાસમાંથી મળી મુક્તિ

## આ નિર્ણય સાબિત કરે છે કે વીજળીનો ફોલ્ટ મશીનમાં અંગૂઠો દબાવવાથી નહીં, પણ ફિલ્ડમાં પરસેવો પાડવાથી સુધરે છે

લોકશાહીમાં રજૂઆતનો અવાજ જ્યારે તર્કબદ્ધ અને મજબૂત હોય, ત્યારે વહીવટી તંત્રને પણ નમવું પડે છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) દ્વારા તાજેતરમાં બાયોમેટ્રિક હા જરી અંગે જે નવો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે, તે ટેકનિકલ અને ફિલ્ડ સ્ટાફની એકતા અને સાચી રજૂઆતની મોટી જીત સમાન છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) દ્વારા તાજેતરમાં ટેકનિકલ અને ફિલ્ડ સ્ટાફ પર લાદવામાં આવેલા બાયોમેટ્રિક હાજરીના અવ્યવહારુ નિર્ણય સામે યુવરાજસિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલી આક્રમક રજૂઆતનો આખરે સુખદ અંત આવ્યો છે. વહીવટી તંત્રે વાસ્તવિકતાનો સ્વીકાર કરીને નવા પરિપત્ર દ્વારા ફિલ્ડમાં કામ કરતા કર્મચારીઓને આ 'ડિજિટલ સાંકળ' માંથી મુક્તિ આપી છે. આ નિર્ણય સાબિત કરે છે કે વીજળીનો ફોલ્ટ મશીનમાં અંગૂઠો દબાવવાથી નહીં, પણ ફિલ્ડમાં પરસેવો પાડવાથી સુધરે છે. ટેકનિકલ કર્મચારીઓને આ નિયમમાંથી મુક્તિ આપીને PGVCL એ સ્વીકાર્યું છે કે તેમનું કામ 'પરિણામલક્ષી' (Result Ori-



ented) છે, નહીં કે માત્ર 'હાજરીલક્ષી'.આ સફળતા તમામ કર્મચારીઓના મનોબળને વધારનારી છે. હવે ફિલ્ડ સ્ટાફ કોઈ પણ માનસિક દબાણ વગર પોતાની જોખમી ફરજ વધુ સારી રીતે બજાવી શકશે. 'આ જીત એ દરેક નાના કર્મચારીની જીત છે જે જોખમ ખેડીને ફિલ્ડમાં પરસેવો પાડે છે.અમે હંમેશા અન્યાયી નિયમો સામે અવાજ ઉઠાવતા રહીશું અને કર્મચારીઓના હક માટે લડતા રહીશું,

શરૂઆતમાં જ્યારે બાયોમેટ્રિક હાજરીનો આદેશ આવ્યો, ત્યારે ફિલ્ડમાં કામ કરતા લાઈનમેન, હેલ્પર અને ટેકનિકલ સ્ટાફમાં ભારે રોષ હતો. પ્રશ્ન એ હતો કે, જે માણસ ધોમધખતા તાપમાં કે મધરાતે વરસાદમાં વીજ ફોલ્ટ સુધારવા દોડતો હોય, તે ઓફિસના પંચિંગ મશીનનો ગુલામ કેવી રીતે બની શકે ?

આ બાબતે કરવામાં આવેલી સચોટ રજૂઆતોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે: વીજ કંપની એ '૧૦ થી 5' ની બેંક નથી, પણ એક ઈમરજન્સી સર્વિસ છે. ફિલ્ડ કર્મચારીનું ધ્યાન 'ઘડિયાળના કાંટા' પર નહીં, પણ 'વીજ ફોલ્ટ' સુધારવા પર હોવું જોઈએ. પંચિંગના દબાણ હેઠળ કામ કરવાથી માનસિક તાણ વધે અને અકસ્માતનું જોખમ પણ વધી શકે છે.

નવા પરિપત્રના મહત્વના મુદ્દાઓ અમારી રજૂઆત બાદ મેનેજમેન્ટે વાસ્તવિકતા સ્વીકારી છે અને નવા નિયમો જાહેર કર્યા છે:

ફિલ્ડ સ્ટાફને સંપૂર્ણ મુક્તિઃ પરમેનેન્ટ ફિલ્ડ સ્ટાફ, જેઓ સીધા મેદાનમાં રહીને જનતાની સેવા કરે છે, તેમને બાયોમેટ્રિક હાજરી પૂરવામાંથી ★મુક્તિ આપવામાં આવી છે.

ઓફિસ સ્ટાફ માટે શિસ્તઃ ઓફિસમાં બેસીને વહીવટી કામ કરતા સ્ટાફ માટે ૧લી જાન્યુઆરી ૨૦૨૬ થી મશીન દ્વારા હાજરી ફરજિયાત રહેશે. કચેરી વડાનો વિવેકઃ અન્ય સ્ટાફ બાબતે જે-તે કચેરીના વડા (Head of Office) પરિસ્થિતિ મુજબ નિર્ણય લઈ શકશે. નવા આદેશ મુજબ, પરમેનેન્ટ ફિલ્ડ સ્ટાફને બાયોમેટ્રિક હાજરીમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ નિર્ણય સાબિત કરે છે કે વીજળીનો ફોલ્ટ મશીનમાં અંગૂઠો દબાવવાથી નહીં, પણ ફિલ્ડમાં પરસેવો પાડવાથી સુધરે છે. ટેકનિકલ કર્મચારીઓને આ નિયમમાંથી મુક્તિ આપીને PGVCL એ સ્વીકાર્યું છે કે તેમનું કામ 'પરિણામલક્ષી' (Result Ori-ented) છે, નહીં કે માત્ર 'હાજરીલક્ષી'.આ સફળતા તમામ કર્મચારીઓના મનોબળને વધારનારી છે. હવે ફિલ્ડ સ્ટાફ કોઈ પણ માનસિક દબાણ વગર પોતાની જોખમી ફરજ વધુ સારી રીતે બજાવી શકશે. 'આ જીત એ દરેક નાના કર્મચારીની જીત છે જે જોખમ ખેડીને ફિલ્ડમાં પરસેવો પાડે છે.અમે હંમેશા અન્યાયી નિયમો સામે અવાજ ઉઠાવતા રહીશું અને કર્મચારીઓના હક માટે લડતા રહીશું,

**દહેગામમાં બનશે રાજ્યની સૌથી આધુનિક જેલ**

# ગુજરાતના પોલીસ પરિવારો માટે 20,400 નવા આવાસોની ભેટ, હર્ષ સંઘવીના હસ્તે 273 કરોડના પોલીસ હાઉસિંગ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત

**ATS દ્વારા થતી સઘન કામગીરી**

## પોલીસ પરિવાર માટે રહેઠાણ, કેન્ટીન, જીમ સુવિધાની ભેટ

• ગાંધીનગર

ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજ્યકક્ષાના મંત્રી કમલેશ પટેલની ઉપસ્થિતિમાં પોલીસ વિભાગના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર સેક્ટર 27 પોલીસ હેડ ક્વાર્ટર્સ ખાતે પોલીસ પરિવારની સુવિધા માટે અત્યાધુનિક પોલીસ કેન્ટીન અને શારીરિક તંદુરસ્તી માટે પોલીસ જિમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ પોલીસ આવાસ બાંધકામનું ખાતમુહૂર્ત અને ઈન્ફોસિટી ખાતે અર્બન પોલીસ સ્ટેશન સહિત 36 યુનિટના બાંધકામનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજ્યકક્ષાના મંત્રી કમલેશ પટેલની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે પોલીસ વિભાગના વિવિધ પ્રકલ્પોનું ભવ્ય લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. આ પ્રસંગે પોલીસ પરિવારો માટે રહેઠાણ, કેન્ટીન અને જિમ જેવી આધુનિક સુવિધાઓની ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પોતાના સંબોધનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરવામાં આવેલા 4.08 લાખ કરોડના ઐતિહાસિક બજેટને બિરદાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આ બજેટમાં આદિવાસી, દલિત, ગરીબ અને મહિલાઓ જેવા વંચિત વર્ગોને સીધો લાભ મળે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. પોલીસ પરિવારના કલ્યાણ અંગે વાત કરતા તેમણે જાહેરાત કરી હતી કે ગુજરાત સરકાર પોલીસ આવાસ માટે 273 કરોડના ખર્ચે કામગીરી




કરી રહી છે અને આગામી સમયમાં રાજ્યમાં 20,400 થી વધુ નવા મકાનો બનાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે જેના માટે 1500 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રીએ ગુનેગારો સામે કડક વલણ અપનાવતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ગુજરાત પોલીસે લુખ્ખા તત્વો, વ્યાજખોરો અને ડ્રગ્સ માફિયાઓ સામે કડક કાર્યવાહી કરી છે. દહેગામ પાસે બનનારી અતિ આધુનિક જેલનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આ જેલમાં આવ્યા બાદ કોઈ પણ ગુનેગાર ગુનો કરવાનું વિચારશે પણ નહીં. તેમણે પોલીસ અધિકારીઓને ટકોર કરી હતી કે પોલીસ સ્ટેશનમાં ગુનેગારો સામે ભલે કડકાઈ રાખો પરંતુ ઘરે પહોંચ્યા પછી પોલીસની વર્દીનો રોફ છોડી એક જવાબદાર પરિવારના સભ્ય તરીકે રહેવું જોઈએ. તેમણે પોલીસ પરિવારો માટે કેન્ટીન અને ગાર્ડન જેવી સુવિધાઓ વધારવાની ખાતરી પણ આપી હતી. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી કમલેશ પટેલે ગુજરાત પોલીસની કામગીરીના વખાણ કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં વર્ષોથી પ્રવર્તતી શાંતિ પાછળ પોલીસ દળ અને તેમના પરિવારોનો મોટો ફાળો છે. તેમણે 1600 કિલોમીટર લાંબા દરિયાકિનારે ATS દ્વારા થતી સઘન કામગીરી અને સાયબર ક્રાઈમ તેમજ ડ્રગ્સ સામેની મજબૂત લડતનો ઉલ્લેખ કર્યો હતો. મંત્રીએ ઉમેર્યું હતું કે આજે ગુજરાતની દીકરીઓ મધરાત્રે પણ નિર્ભયપણે બહાર નીકળી શકે છે. જેનો સંપૂર્ણ શ્રેય પોલીસને જાય છે અને આ જ સુરક્ષિત માહોલને કારણે આજે દેશ-વિદેશના રોકાણકારો માટે ગુજરાત મોડેલ પ્રથમ પસંદગી બન્યું છે.

# કલોલ તાલુકા પંચાયતનો એન્જિનિયર 8 હજારની લાંચ લેતા ઝડપાયો

## સરકારી બિલો મંજૂર કરવાની અવેજીમાં રિશ્વત માંગવી ભારે પડી, પાટણ ACBની

• ગાંધીનગર

\ગુજરાતમાં ભ્રષ્ટાચારી તત્વો સામે એસીબી દ્વારા ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત વધુ એક સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પંચાયત કચેરી ખાતે ફરજ બજાવતા આઉટસોર્સ બ્લોક એન્જિનિયર સાગરકુમાર જયંતીલાલ ભાલકીયાને 8,000ની લાંચ લેતાં પાટણ એસીબીની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યો છે. જેને સરકારી કામોના બિલો મંજૂર કરવાના અવેજમાં લાંચ માંગવી એન્જિનિયરને ભારે પડી ગઈ છે. આ કેસની વિગત મુજબ, એક કોન્ટ્રાકટર દ્વારા ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પાનસર, આરસોડીયા, ધાનજ અને બોરીસણા ગામોમાં સરકારી કામો કરવામાં આવ્યા હતા. આ કામોના પેટે અંદાજે રૂા. 2,60,000ના બિલો મંજૂર કરાવવાના બાકી હતા. આ બિલો મંજૂર કરી આપવાની અવેજમાં કલોલ તાલુકા પંચાયત કચેરીના બ્લોક એન્જિનિયર સાગરકુમાર ભાલકીયાએ ફરિયાદી પાસે ગેરકાયદેસર રીતે રૂા. 8,000 ની લાંચની માંગણી કરી હતી. જોકે



કોન્ટ્રાકટર લાંચ આપવા માંગતો નહીં હોવાથી તેણે પાટણ એસીબીનો સંપર્ક સાધ્યો હતો અને એન્જિનિયર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પાટણ એસીબી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર. ગઢવી અને તેમની ટીમે લાંચના છટકાનું આયોજન કર્યું હતું. જે અન્વયે આજે કલોલ તાલુકા પંચાયત કચેરી ખાતે ટ્રેપ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન આરોપી સાગરકુમાર ભાલકીયાએ કોન્ટ્રાકટર સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ સ્વીકારતા જ એસીબીની ટીમ પ્રગટ થઈ હતી. અને આરોપી પાસેથી લાંચની પૂરેપૂરી રૂા. 8,000ની રકમ રિકવર કરી લેવામાં આવી હતીઘટનાથી તાલુકા પંચાયતના કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. એસીબી દ્વારા હવે આરોપીના રહેઠાણ અને અન્ય મિલકતો અંગે તપાસ તેજ કરવામાં આવી છે. સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર આચરનારા તત્વો માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે.

# 5 માલણ ગામ નજીક ડસ્ટર ગાડી માંથી ઝડપાયો વિદેશી દારૂનો જથ્થો

• પાલનપુર

બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં માલણ ગામ નજીક એક ડસ્ટર ગાડી નં G-01-RH-7992 માથી ભારતીય બનાવટની વિદેશીદારૂનો જથ્થો મળી આવ્યો હોવાનું સામે આવ્યું છે. આ મામલે LCB પોલીસે વિદેશી દારૂની બોટલ નંગ-૩૭૬ મળી કુલ ૬,૫૪,૩૮૮/-નામુદ્દામાલસાથેગાડીચાલક ઈસમને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, સરહદી રેજ કચ્છ-ભુજ તથા પ્રશાંત સુંબે, પોલીસ અધિક્ષક બનાસકાંઠા જિલ્લા નાઓએ દારૂ-જુગારની પ્રવૃતી નેસ્ત નાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરવામાં આવી છે. જે અન્વયે, એ વી દેસાઈ પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી.,પાલનપુર નાઓએ અલગ અલગ ટીમો બનાવી દારૂ. જુગારની પ્રવૃત્તી કરતા ઈસમો ઉપર વોચ તપાસ રાખી ગુનાહીત પ્રવૃત્તી કરતા જણાઈ આવે તો તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી છે. જે અંતર્ગત તેમના નેતૃત્વ હેઠળ એલ.સીબી પોલીસ સ્ટાફના માણસો પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે તપાસ હાથ ધરાઈ હતી. ચેકીંગ દરમ્યાન એક રેનોલ્ટ ડસ્ટર ગાડી નં GJ-01-KH-7992 ના રોકતા ગાડીમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ગાડી ચાલક મડાવીરસિંહ થાનસિંહ રાજપુત રહે જાકોડા તા સુમેરપુર જી.પાલી રાજસ્થાન નળાનાની ગાડીની ડેકીમાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટની ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી બોટલો તથા બિયર ટીન મળી આવ્યા હતા. પોલીસે વધુ તપાસ હાથ ધરતા ગાડીમાંથી કુલ ૩૭૬ નાગ વિદેશી દારૂની બોટલો સહીત બિયરના ટીન મળી આવ્યા હતા. જેની કિંમત આશરે ૨, ૫૩,૮૮૮ તથા મોબાઈલ ફોન-૦૧ કિંમત ૫૦૦/- તથા ડસ્ટર ગાડી જેની કિંમત .૪,૦૦,૦૦૦/- મળી કુલ મુદ્દામાલ ૬,૫૪,૩૮૮/-ની મુદ્દામાલ જપ્ત કર્યો હતો. LCB પોલીસે ગાડી ચાલક તથા દારૂ મંગાવનાર ઈસમ વિરુધ્ધમાં પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ડભોઈ તાલુકાના માર્ગો પર કેસુડાના વૃક્ષો પર કેસરીયા ફૂલોની લુમેલુમ

• ફકીરા ખત્રી

ડભોઈ તાલુકાના માર્ગો પર કેસુડાની કેસરી ચાદર હોળી-ધૂળેટીના પર્વ પૂર્વે પ્રકૃતિ ખીલીકાઈઈઆઆ ઉઠી ડભોઈ હોઆઉળી અને ધૂળેટીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે પ્રકૃતિએ પણ પોતાનો રંગ બદલ્યો છે. ડભોઈ તાલુકાના માર્ગો પર કેસુડાના વૃક્ષો પર કેસરીયા ફૂલોની લુમેલુમ જોવા મળતા વાતાવરણમાં ઉત્સાહ વ્યાપી ગયો છે. એક સમયે માત્ર આદિવાસી વિસ્તારો પૂરતા મર્યાદિત રહેલા આ વૃક્ષો હવે હાઈવેની શોભા વધારી રહ્યા છે પ્રકૃતિનો સંકેત હોળી આવી રેવસંત ઋતુના આગમન સાથે જ પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠે છે. ડભોઈ તાલુકાના હાઈવે રોડ પર વન વિભાગ દ્વારા રોપવામાં આવેલા વૃક્ષો પર અત્યારે કેસરી રંગના કેસુડાના ફૂલો લચી પડ્યા છે. માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો માટે આ દ્રશ્ય નયનરમ્ય બની રહ્યું છે. કેસુડાના ફૂલો જોઈને એવું લાગે છે જાણે કુદરત પોતે હોળી અને ધૂળેટીના આગમનનો સંકેત આપી રહી હોય. પરંપરાગત રંગોનું મહત્વ વર્ષો પૂર્વે, ખાસ કરીને આદિવાસી સમાજમાં કેસુડાના ફૂલોનું વિશેષ મહત્વ હતું. લોકો આ ફૂલોને પાણીમાં પલાળીને કુદરતી રંગ તૈયાર કરતા હતા. આરોગ્યપ્રદઃ કેસુડાનો રંગ ચામડી માટે ગુણકારી માનવામાં આવે છે અને તેનાથી કોઈ આડઅસર થતી નથી શુદ્ધતાઃ કેમિકલયુક્ત રંગોની સરખામણીએ આ રંગો તદ્દન કુદરતી અને ઠંડક આપનારા હોય છે.

# લાગણીઓને 'જેન્ડર' નથી હોતું 'પુરુષો' પણ રડી શકે છે

આપણા સમાજમાં એક અલિખિત નિયમ છે 'પુરુષોએ મજબૂત દેખાવું જ જોઈએ.' નાનપણમાં જ્યારે કોઈ છોકરો પડી જાય અને રડવા લાગે, ત્યારે તેને તરત જ કહેવામાં આવે છે, 'અરે, તું તો છોકરો છે,

છોકરીઓની જેમ શું રડે છે?' આ એક વાક્યથી જ તેના મન પર એક 'અદ્રશ્ય કવચ' ચડાવવાની શરૂઆત થઈ જાય છે. માનવ શરીરની રચના એવી રીતે થઈ છે કે જ્યારે પણ વ્યક્તિ ભાવનાત્મક કે શારીરિક આઘાત અનુભવે, ત્યારે મગજમાં રહેલું 'એમિગડાલા' (Amygdala) સક્રિય થાય છે. આ ભાગ ભય, દુઃખ અને ચિંતા જેવી લાગણીઓ માટે જવાબદાર છે. પુરુષોના મગજમાં પણ એ જ 'પેઈન રિસેપ્ટર્સ' હોય છે જે સ્ત્રીઓમાં હોય છે. એક પિતા આખો દિવસ ઓફિસમાં અપમાન સહન કરે છે અથવા આર્થિક તંગીથી ઝઝૂમે છે, પણ ઘરે આવીને બાળકો સામે હસે છે. તે પોતાની પીડા એટલા માટે નથી કહેતા કારણ કે તેમને લાગે છે કે જો તેઓ તૂટી જશે, તો આખું ઘર વિખેરાઈ જશે. કરિયરની નિષ્ફળતા કે બ્રેકઅપ વખતે યુવાનો મિત્રો સાથે પાર્ટી કરે છે અથવા ગુસ્સો કરે છે, પણ એકાંતમાં ઓશીકું ભીનું કરતા ડરે છે. તેમને લાગે છે કે રડવાથી તેમની 'ઈમેજ' ખરાબ થશે. જ્યારે લાગણીઓ બહાર નથી આવતી, ત્યારે તે શરીરના અન્ય માર્ગો શોધે છે શારીરિક બીમારી સંશોધનો મુજબ, જે પુરુષો પોતાની લાગણીઓ દબાવે છે, તેમનામાં હાઈ બ્લડ પ્રેશર અને અનિદ્રા (Insomnia) નું પ્રમાણ વધુ જોવા મળે છે. જે દર્દ આંસુ બનીને નથી વહેતું, તે ઘણીવાર ચિડિયાપણા અથવા અકારણ ગુસ્સા તરીકે બહાર આવે છે.

મન હળવું કરવાની રીતો

જો તમે એક પુરુષ છો અને



તમારી અંદર ભાવનાઓનો વંટોળ છે, તો આ બાબતો અજમાવી જુઓ. સૌથી પહેલા સ્વીકારો કે તમને દુઃખ થઈ રહ્યું છે. દુઃખી થવું એ માનવીય સહજ પ્રવૃત્તિ છે, નબળાઈ નહીં. 'સેફ સ્પેસ' શોધો એવા એકાદ મિત્ર અથવા પરિવારના સભ્યને શોધો જે તમને જજ કર્યા વગર સાંભળે. જો કોઈ ન મળે, તો ડાયરી લખવાની આદત પાડો. રડવામાં કોઈ વાંધો નથી જ્યારે મન ખૂબ ભરાઈ આવે, ત્યારે એકાંતમાં રડી લેવું. આંસુ વહેવાથી મગજમાં

'ઓક્સિટોસિન' અને 'એન્ડોર્ફિન' જેવા ફીલ-ગુડ હોર્મોન્સ મુક્ત થાય છે. મદદ માંગવામાં ગર્વ અનુભવો જો તણાવ વધુ હોય, તો પ્રોફેશનલ કાઉન્સેલર કે થેરાપિસ્ટની મદદ લો. મનનું ઓપરેશન પણ શરીરના ઓપરેશન જેટલું જ જરૂરી છે.

પુરુષ હોવાનો અર્થ 'પથ્થર' હોવો એવો ક્યાંય નથી લખ્યો. સાચો મર્દ એ છે જે પોતાની અને બીજાની લાગણીઓને સમજી શકે છે. જો તમારી આસપાસ કોઈ પુરુષ બહુ શાંત થઈ ગયો હોય, તો તેને પ્રેમથી પૂછજો 'શું થયું છે?' કદાચ તમારા આ એક પ્રશ્નથી તેનું વર્ષોનું દબાયેલું દર્દ હળવું થઈ જાય.

આંસુ એ નબળાઈ નથી, પણ મન શુદ્ધ કરવાની પ્રક્રિયા છે.

દર્શના પટેલ ( નેશનલ મેડાલિસ્ટ)

# પોરબંદર જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા લઈ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનુ જાહેરનામુ

## પરીક્ષા કેન્દ્રોના ૨૦૦ મીટરના ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન બંધ રાખવા

• ગોસા(ઘેડ)તા.૧૯

ધોરણ ૧૦ અને ૧૨ ની પરિક્ષા મે લઈ ને પોરબંદર જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રેખાબા સરવૈયા દ્વારાજાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં પરીક્ષા કેન્દ્રના ૨૦૦ મીટર ના ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન બંધ રાખવા તેમજ મોબાઈલ, કેલ્કયુલેટર, ડીઝીટલ વોચ, કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનિક ઉપકરણો લઈ જવા પ્રતિબંધ આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ- ૧૩૫ અન્વયે સજા થઈ શકશે. આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજજાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.



સહિતના કડક નિયમો બહાર પાડ્યા છે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર દ્વારા તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ દરમ્યાન સવારે ૧૦.૦૦ થી ૧૩.૧૫ સુધી ધોરણ-૧૦ (એસ.એસ.સી.) ની પરીક્ષા તથા તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ દરમ્યાન સવારે ૧૦.૩૦ થી ૧૩.૪૫ અને બપોરે ૦૩.૦૦ થી ૦૬.૧૫ સુધી ધોરણ-૧૨ (એચ.એસ.સી.) સામાન્ય પ્રવાહ તથા તા.૨૬/૦૨/ ૨૦૨૬ થી તા.૧૬/૦૩/૨૦૨૬ દરમ્યાન બપોરના ૦૩.૦૦ થી ૦૬.૩૦ સુધી ધોરણ-૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ યોજાનાર છે.આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષાર્થી ઓને માનસિક પરીતાપ ન થાય, પરીક્ષાઓ ચોરીઓના દુષણ વગર શાંત અને એખલાસ ભર્યા વાતાવરણમાં યોજાય તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી પોરબંદર જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રેખાબા સરવૈયા દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૧)(એફ) અન્વયે પોરબંદર જિલ્લા ખાતેના નિયત પરીક્ષા કેન્દ્રો ઉપર દર્શાવેલ નિયત તારીખો અને સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારની ઝેરોક્ષ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ/ મશીનધારકોએ તેમના ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોના પરિસરમાં કે પરીક્ષા ખંડોમાં ગેરરીતી /ચોરીઓના દુષણો ન થાય તે હેતુથી મોબાઈલ, કેલ્કયુલેટર, ડીઝીટલ વોચ, કોઈપણ પ્રકારના ઈલેકટ્રીકલ, મીકેનીકલ, ઈલેકટ્રોનિક ઉપકરણો તેમજ ગેરરીતી આચરવા કોમ્યુનીકેશન થઈ શકે એવા કોઈ પણ પ્રકારના સાધનો / ઉપકરણો લઈ જવા ઉપર મનાઈ ફરમાવવામાં આવી છે.આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ- ૧૩૫ અન્વયે સજા થઈ શકશે. આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજજાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. આ હુકમમાં જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરના અધિકારી/ કર્મચારીઓને લાગુ પડશે નહી. તેમજ પરીક્ષા જે દિવસે ન હોય તે સયગાળા દરમ્યાન લાગુ પડશે નહી.

રિપોર્ટર:- વિરમભાઈ કે. આગઠ

રમઝટ — હોળી ધુળેટી આવતા પહેલા જ ડભોઇ નગરના વૈષ્ણવ વિસ્તારોમાં રસીયાની રમઝટ

# સંસ્કારી અને ઉત્સવપ્રેમી દર્ભાવતી નગરીમાં હોળી ધુળેટી પર્વને લઈ વૈષ્ણવ હવેલીઓમાં દરરોજ નિત નવા મનોરથોના દર્શન

## ઝારોલાની વાડી ખાતે સાંજે પરમ ભગવદીય વૈષ્ણવ પ્રવિણાબેન બી. શાહ દ્વારા હોળી રસિયા રાખવામાં આવ્યા હતા

• ફકીરા ખત્રી ડભોઇ

વસંતના વધામણા ના સ્વાગતનો ઉત્સવ એટલે જ હોળી નું પર્વ ડભોઇના વૈષ્ણવ વિસ્તારોમાં અબીલ- ગુલાલની છોળો વચ્ચે હોળી રસીયાની રમઝટ જામી સંસ્કારી અને ઉત્સવપ્રેમી દર્ભાવતી નગરીમાં હોળી ધુળેટી પર્વને લઈ વૈષ્ણવ હવેલીઓમાં દરરોજ નિત નવા મનોરથોના દર્શન થાય છે. સયનના દર્શનમાં સાંજે રાડ ઉડાડવામાં આવે છે. હોળી ધુળેટી આવતા પહેલા જ ડભોઇ નગરના વૈષ્ણવ વિસ્તારોમાં રસીયાની રમઝટ સાંજે તેમજ રાત્રિના મંદિરના ચોકમાં મહિલાઓ એક બીજાને અબીલ ગુલાલ વડે રંગી રસીયા ગાતા જોવા મળે છે. રસીયાની શરૂઆત હોળીના પંદર દિવસ પહેલેથી જ શરૂ થઈ જાય છે. વૈષ્ણવો પોતાના ઘરે ભક્તિમય રસીયા ગાવા આવવા માટે અગાઉથી જ એકબીજાને જાણ કરી દેવામાં આવે છે. રસીયાની રમઝટ વૈષ્ણવ વિસ્તારોમાં હોળી અગાઉથીજ શરૂ કરી દેવામાં આવતી હોવાથી આ આખોય વિસ્તાર ભક્તિમય રંગમાં રંગાઈ જાય છે. હોળીના બે દિવસ પહેલા રસીયાની રમઝટ દ્વારકાધીશ મંદિર પાસે આવેલ ચોકમાં મહિલાઓ દ્વારા રસીયાના ગીતો



રજૂ કરીને ભક્તિમય વાતા વરણ ઊભું કરવામાં આવે છે. ડભોઇ ઝારોલાની વાડી ખાતે સાંજે પરમ ભગવદીય વૈષ્ણવ પ્રવિણાબેન બી. શાહ દ્વારા હોળી રસિયા રાખવામાં આવ્યા હતા. જેમાં વૈષ્ણવ મહિલાઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને રસિયાની રમઝટ બોલાવી હતી.

ભગવાનને પ્રસન્ન કરવા ન દાન, ન તપ, નયશ, નસૌચ, ન વ્રત પર્યાપ્ત છે. ભગવાન કેવળ નિષ્કામ પ્રેમ ભક્તિથી પ્રસન્ન થાય છે. બીજું સર્વે તો વિડબના માત્ર છે. જ્યાં કથા કીર્તન થાય એટલે કે કથામાં કીર્તન થવું જોઈએ કીર્તન વગર કથા પરિપૂર્ણ થતી નથી. કીર્તન કરવાથી પાપ બળે છે. હદય વિશુદ્ધ થાય છે. અને પરમાત્મા હદયમાં આવે છે. માટે પ્રેમથી કીર્તન કરવાનું મહત્વ છે. સમગ્ર દેશભરમાં હોળી ધુળેટી ઉજવવામાં આવે છે માત્ર ભારતમાં નહીં વિદેશોમાં પણ ઉજવવામાં આવે છે. પરંતુ ભારતમાં હોળીની ઉજવણી કરવાની અલગ અલગ રીતો કે પરંપરાઓ છે. નાથદ્વારામાં ઉજવવામાં આવતી હોળી ખૂબ જ લોકપ્રિય છે. એવી જ રીતે મથુરામાં પણ ઉજવવામાં આવતી હોળી ધુળેટી નું ખૂબ જ મહત્વ છે. હોળીની પૂજા વિધિ કરતાં સમયે વૈષ્ણવ મંદિરમાં કીર્તન થતું હોય છે. વૈષ્ણવ સંપ્રદાયમાં તેને ફાગણ આયો રે પણ કહે છે.

હોલિકોત્સવ એ વસંતના સ્વાગત નો ઉત્સવ છે. હોળીના ઉત્સવ પાછળની કથા ખૂબ જ પ્રસિદ્ધ છે. ઈશ્વરની ઈચ્છા વગર પાંદડું પણ હલતું નથી. ઈશ્વર ભક્ત પ્રહલાદને કોઈ વરદાન ન હોવા છતાં અગ્નિ ન બાળી શક્યો જ્યારે વરદાન મેળવેલ હોલિકા એજ અગ્નિમાં ભસ્મિભૂત થઈ ગઈ હોલિકાને અગ્નિએ બાળી એનું કારણ એ હતું કે હોલિકાની ભક્તિ નિષ્કામ નહીં પરંતુ સકામ ભક્તિ હતી. સકામ ભક્તિથી મેળવેલું કોઈ પણ વરદાન સાર્થક થતું નથી. જ્યારે ઈશ્વરની નિષ્કામ ભક્તિ કરનારો અને સદવૃત્તિ ધરાવતો ભક્ત પ્રહલાદ હસતો રમતો બહાર આવ્યો ત્યારથી હોલિકા દહન ઉજવવામાં આવે છે. જેનાથી ખુશ થયેલા લોકોએ ઉત્સવ મનાવ્યો અને આનંદના વાતાવરણમાં મગ્ન બનેલા લોકોએ એકબીજા પર રંગ ગુલાલ ઉડાડવાનું શરૂ કર્યું તેમાંથી જ ધુળેટી નું સર્જન થયું હતું.

સુરત ગ્રામ્ય એલ. સી.બી.પોલીસે રૂ.૩,૭૮,૭૫૦ ની કિંમતના દારૂ સાથે કાર ચાલકને દબોચ્યો

# ઓલપાડ ટાઉન ના સરકારી રેસ્ટ હાઉસ પાસેથી રૂ.૩.૭૮ લાખની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો

**આરોપીઓને વોન્ટેડ જાહેર** — પોલીસે બાતમીના આધારે હરિયાણાથી કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને સુરત સિટીમાં સપ્લાય કરવા જઈ રહેલ રાજસ્થાની કાર ચાલકને દબોચી

• ઓલપાડ,તા.૧૯

સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે ઓલપાડ ટાઉનના સરકારી રેસ્ટ હાઉસ પાસે થી રૂ.૩,૭૮,૭૫૦ ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ભરીને પસાર થતી મારૂતિ કારના રાજસ્થાની ચાલક ને દબોચી લીધો હતો.પોલીસે આ રેઈડ દરમ્યાન કુલ રૂ.૫,૮૪,૭૫૦ નો મુદ્દામાલ કબજે લઈ બે આરોપી ઓને વોન્ટેડ જાહેર કર્યા છે. ગત બુધવાર,તા. ૧૮ ના રોજ સાંજના સુમારે સુરત ગ્રામ્ય એલ.સી.બી. શાખાની પોલીસ ટીમ ખાનગી વાહનમાં ઓલપાડ ટાઉનમાં પેટ્રોલિંગ કરી રહી હતી.ત્યારે અ.હે.કો.રોહિત બાબુને બાતમી મળી હતી કે,એક

મારૂતિ સ્વીફટ ફોર વ્હીલ કાર નં: જીજે-૦૫, જે.સી-૬૦૮૮ નો ચાલક કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી હાંસોટ થી ઓલપાડ તરફ આવી રહ્યો છે અને આ દારૂ સુરત સિટીમાં સપ્લાય કરનાર છે.જે બાતમીના આધારે પોલીસે ઓલપાડ ખાતેના સરકારી રેસ્ટ હાઉસ પાસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન મોડી સાંજે-૭:૩૦ કલાક ના સુમારે બાતમી વાળી કાર જયારે સેનાખાડીના ઓવરબ્રિજ પાસે આવી,ત્યારે પોલીસ ટીમે કારના ચાલકને આંતરી કોર્ડન કરી કારની તલાસી લેતા કાર માં છુપાવેલ રૂ.૩,૭૮,૭૫૦ ની કિંમતની વિદેશી દારૂની નાની- મોટી બોટલ મળી આવી હતી.



પોલીસે આ કારના ચાલક પાસે દારૂની પાસ-પરમીટ ન હોવાથી તેનું નામ પૂછતાં તેણે

જયદેવસિંહ દુર્ગેશસિંહ રાઠોડ (ઉ.વ. ૪૨)હાલ રહે:૪/૩૭૧, ગોરધન વિલાસ, સેક્ટર-૧૪, ઉદેયપુર-રાજસ્થાન હોવાનું જણાવ્યું હતું.જેથી પોલીસે તેને વિદેશી દારૂ સાથે દબોચી રૂ. ૨,૦૦,૦૦૦ ની કિંમતની કાર,

મોબાઈલ ફોન નંગ-૦૧,જેની કિ.રૂ.૫૦૦૦,રોકડા રૂ.૭૦૦ મળી કુલ કિં.રૂ.૫,૮૪,૭૫૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે આરોપીની પૂછપરછ કરતા તેણે કબુલાત કરી હતી કે,આ વિદેશી દારૂનો જથ્થો હરીયાણા રાજ્ય ના સોનીપત ખાતેથી હિમાંશુ નામના ઈસમે મોકલી મને સુરત શહેરના વેસુ ખાતે રહેતા સાહિલ નામના ઈસમને પહોંચાડવા કહ્યું હતું.

જેથી પોલીસે રૂ.૫,૮૪,૭૫૦ નો મુદ્દામાલ કબજે લઈ આ બંન્ને આરોપીઓને વોન્ટેડ જાહેર કરી ત્રણે શખ્સો વિરૂધ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ હરપાલસિંહ મસાણી કરી રહ્યા છે.

# મુસ્લિમ બિરાદરોમાં હર્ષોલ્લાસ ડભોઈ સમગ્ર વિશ્વ સહિત ભારતભરમાં પવિત્ર રમઝાન માસનો પ્રારંભ

• ફકીરા ખત્રી ડભોઇ

ડભોઈ પવિત્ર રમઝાન માસનો પ્રારંભ, આકાશમાં ચાંદ દેખાતા મુસ્લિમ બિરાદરોમાં હર્ષોલ્લાસ ડભોઈ સમગ્ર વિશ્વ સહિત ભારતભરમાં પવિત્ર રમઝાન માસનો પ્રારંભ થયો છે ત્યારે ડભોઈ શહેર અને તાલુકા પંથકમાં પણ ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. ગઈકાલે આકાશમાં રમઝાન માસનો ચાંદ દેખાતા જ મુસ્લિમ સમાજમાં ખુશીની લહેર વ્યાપી ગઈ હતી અને એકબીજાને રમઝાન મુબારકની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી મસ્જિદો તરાવીહ ની નમાજથી ગુંજી ઉઠી ચાંદ દેખાયા બાદ પવિત્ર માસની પ્રથમ નમાજ તરાવીહ' પઢવા માટે ડભોઈની તમામ મસ્જિદોમાં શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. મસ્જિદો રોશનીથી ઝળહળી ઉઠી હતી અને વિશેષ બંદગીનો માહોલ સર્જાયો હતો. મોડી રાત સુધી મસ્જિદોમાં કુરાન શરીફની તિલાવત અને દુઆઓ કરવામાં આવી હતી.ઉઠો જાગો મુસાફિર'ના અવાજ સાથે સેહરીનો પ્રારંભ




વહેલી સવારે સેહરી'ના સમયે શહેરના માર્ગો પર ઉઠો જાગો રોજદારો, રોઝા રખને કા વક્ત હો ગયા' જેવી બૂમો અને અવાજો સાંભળવા મળ્યા હતા. આ પરંપરાગત અવાજો સાથે મુસ્લિમ બિરાદરોએ વહેલી સવારે ઉઠીને સેહરી કરી પવિત્ર રમઝાન માસનો પ્રથમ રોઝો રાખ્યો હતો ભક્તિ અને સેવાના સંગમ સમાન પવિત્ર માસ રમઝાન માસમાં મુસ્લિમ બિરાદરો વહેલી સવારથી સાંજ સુધી ભૂખ્યા- તરસ્યા રહીને અલ્લાહની ઈબાદત કરે છે. આ મહિનાની વિશેષતાઓ નીચે મુજબ છે:

ઈબાદત: આખો મહિનો પંજગાના નમાજ, તરાવીહ અને કુરાન શરીફનું પઠન કરવામાં આવે છે દાન-પુણ્ય (ઝકાત-ખૈરાત): આ માસમાં યથાશક્તિ પ્રમાણે ગરીબો, વિધવાઓ અને જરૂરિયાતમંદ લોકોને રોકડ રકમ તેમજ રાશનની કિટનું વિતરણ કરી માનવતા મહેકાવવામાં આવે છે સંયમ આ મહિનો માત્ર ભૂખ્યા રહેવાનો જ નહીં, પરંતુ ખરાબ વિચારો અને કાર્યોથી દૂર રહીને આત્મશુદ્ધિ કરવાનો પણ છે સમગ્ર ડભોઈ પંથકમાં રમઝાન માસ નિમિત્તે બજારોમાં પણ રોનક જોવા મળી રહી છે અને મુસ્લિમ બિરાદરો પૂરી શ્રદ્ધા સાથે આ પવિત્ર મહિનાની ઉજવણી કરી રહ્યા છે.

# ઉનામાં તડ ચેકપોસ્ટ નજીક બાઈકચાલકનું મોત: ગાય અથડાતા ડોળાસાના આધેડનું દીવથી પરત ફરતા મૃત્યુ

• કૈલૈશ ભટ્ટ ઉના




ઉના તાલુકાના ડોળાસાના 57 વર્ષીય આધેડ મનુભાઈ અમરસિંહભાઈ મોરીનું તડ ચેકપોસ્ટ નજીક બાઈક સાથે ગાય અથડાતા મૃત્યુ થયું છે. આ ઘટના રાત્રિના સમયે બની હતી. મનુભાઈ મોરી (ઉં.વ. 57) પોતાની બાઈક (નંબર GJ 32 C 3534) પર દીવથી ડોળાસા તરફ જઈ રહ્યા હતા. તડ ચેકપોસ્ટ પાસે એક ગાય રોડ ક્રોસ કરી રહી હતી ત્યારે તેમની બાઈક સાથે અથડાઈ હતી. અકસ્માતમાં મનુભાઈ રોડની સાઈડમાં ફેંકાઈ ગયા હતા અને તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેમનું મોત નીપજ્યું હતું. તબીબોએ તેમને મૃત જાહેર કરતા, મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ઉનાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરિવારજનો હોસ્પિટલ પહોંચતા શોકનો માહોલ છવાઈ ગયો હતો. ઉના તાલુકાના કેસરિયાથી તડ તરફનો આ રસ્તો અકસ્માત ઝોન તરીકે ઓળખાય છે, જ્યાં વારંવાર અકસ્માતો થાય છે. સ્થાનિકો દ્વારા તંત્રને અકસ્માત નિવારવા માટે જરૂરી પગલાં લેવાની માંગ કરવામાં આવી છે.

# ડાંગમાં પોલીસ અને વન વિભાગનું સંયુક્ત કોમ્બિંગ ઓપરેશન: લાકડા ચોરોમાં ફફડાટ



• આહવા / ડાંગ


ડાંગ જિલ્લામાં વનકર્મીની હત્યાના બનાવ બાદ વહીવટીતંત્ર લાકડા ચોરો સામે લાલઆંખ કરી રહ્યું છે. સુરત રેન્જ આઈ.પી. એસ. પ્રેમવીર સિંહ અને ડાંગ એસ.પી. પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ, વન વિભાગ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) દ્વારા આહવા રેન્જના ચિકટિયા બીટમાં મોડી રાત્રે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ચિકટિયા ગામના કુંભી પાડા ફળિયા પાસે ગાઢ જંગલમાં શંકાસ્પદ હિલચાલ જણાતા ટીમે ત્રાટકી હતી. અંધારાનો લાભ લઈ તસ્કરો નાસી છૂટ્યા હતા, પરંતુ સ્થળ પરથી મહિન્દ્રા XUV 500 ગાડી મળી આવી હતી. ગાડીની તપાસ કરતા તેમાંથી ગેરકાયદેસર કપાણ કરેલા સાગના ૦૯ નંગ લાકડા (૧.૬૫૦ ઘનમીટર) મળી આવ્યા હતા.

જેતપુરમાં કાર પાર્કિંગ જેવી એકદમ નજીવી બાબતે બોલાચાલી થયા બાદ મહાવીર કુરિયરના માણસોએ એક યુવાનને જાહેરમાં બેરહેમીથી ઢોર માર માર્યો

# જેતપુરમાં કાર પાર્કિંગ જેવી સામાન્ય બાબતે યુવાન પર હુમલો: કુરિયરના માણસોએ જાહેરમાં ઢોર માર માર્યો

• જેતપુર

શહેરમાં સામાન્ય બાબતોમાં પણ લોકો ધીરજ ગુમાવી રહ્યા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. જેતપુરમાં કાર પાર્કિંગ જેવી એકદમ નજીવી બાબતે બોલાચાલી થયા બાદ મહાવીર કુરિયરના માણસોએ એક યુવાનને જાહેરમાં બેરહેમીથી ઢોર માર માર્યો હોવાની ચકચાર મચી ઘટના પ્રકાશમાં આવી છે. આ સમગ્ર મારામારીના લાઈવ CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે, જેના આધારે હુમલાખોરોનો આતંક સ્પષ્ટ જોઈ શકાય છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જેતપુરના ગોવર્ધન નગરમાં રહેતા કરણ આશરા નામના યુવાનની કણકીયા પ્લોટના મનીષ માર્કેટમાં દુકાનના શટર પાસે મહાવીર કુરિયર વાળાએ પોતાની કાર પાર્ક કરી હતી. દુકાન પાસે અવરજવરમાં




અડચણરૂપ થતી હોવાથી કરણભાઈએ કુરિયરવાળાને તેમની કાર ત્યાંથી હટાવી અન્ય જગ્યાએ પાર્ક કરવાનું કહ્યું હતું. આ સામાન્ય સૂચન બાદ ઉશ્કેરાયેલા મહાવીર કુરિયરના સાગરીતોએ યુવાન સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરી બોલાચાલી શરૂ કરી દીધી હતી. જોતજોતામાં આ સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. કુરિયરના માણસોએ એકસંપ થઈને કરણ આશરા પર હુમલો કરી દીધો હતો અને તેને પકડીને જાહેરમાં લાફા તથા મૂઢ માર મારી જમીન પર પછાડી દીધો હતો. આસપાસના લોકો પણ આ ઘટના જોઈને અચંબામાં મુકાઈ ગયા હતા. હુમલા બાદ ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલના બિછાનેથી ઈજાગ્રસ્ત કરણ આશરાએ મીડિયા સમક્ષ પોતાની આપવીતી વર્ણવતા જણાવ્યું હતું કે તેણે માત્ર કાર હટાવવાનું જ કહ્યું હતું અને હુમલાખોરોએ તેના પર અચાનક હુમલો કરી દીધો હતો. આ ઘટનાના CCTV ફૂટેજ સામે આવ્યા બાદ સ્થાનિક લોકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

અહેવાલ હરેશ ભાલીયા જેતપુર

# ઈતિહાસ ફરી જીવંત બનશે - 'રાજા શિવાજી'નો દમદાર પોસ્ટર રિલીઝ

## વિશાળ સ્તર અને ભવ્ય દ્રશ્યો સાથે ફિલ્મ એક અનોખો અનુભવ આપશે

છત્રપતિ શિવાજી મહારાજ જયંતિના પવિત્ર અવસર પર જિયો સ્ટુડિયોઝ અને મુંબઈ ફિલ્મ કંપની એ તેમની બહુ અપેક્ષિત ઐતિહાસિક ફિલ્મ 'રાજા શિવાજી' નો પહેલો શક્તિશાળી પોસ્ટર જાહેર કર્યો છે. ફિલ્મના દિગ્દર્શક અને મુખ્ય અભિનેતા રિતેશ વિલાસરાવ દેશમુખ એ આ પોસ્ટર સોશિયલ મીડિયા પર શેર કર્યો છે, જેમાં તેઓ છત્રપતિ શિવાજી મહારાજના સ્વરૂપમાં જોવા મળે છે.મહારાજનો પ્રભાવશાળી સાઈડ પ્રોફાઈલ દેખાય છે. તેમના હાથમાં તલવાર, મજબૂત ખભા અને અડગ નજર તેમની દ્રઢતા દર્શાવે છે. તેમનો ગંભીર અને સંકલ્પભર્યો ચહેરો સ્વરાજ્યની સ્થાપના પહેલા આવેલી શાંતિને દર્શાવે છે.'રાજા શિવાજી' એક ભવ્ય પેન-ઈન્ડિયા ફિલ્મ છે, જેને વૈશ્વિક સ્તરે ભારતીય સંસ્કૃતિના ગૌરવરૂપે રજૂ કરવામાં આવી રહી છે. આ એક મહત્વાકાંક્ષી દ્વિભાષી (મરાઠી અને હિન્દી) એક્શન-ડ્રામા ફિલ્મ છે. ફિલ્મનું સંગીત પ્રખ્યાત જોડીએ અજય - અતુલ આપ્યું છે અને સિનેમેટોગ્રાફી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંતોષ સીવાન એ સંભાળી છે. વિશાળ સ્તર અને ભવ્ય દ્રશ્યો સાથે ફિલ્મ એક અનોખો અનુભવ આપશે.

આ ફિલ્મ માત્ર એક રાજાની કહાની નથી, પરંતુ એક એવા પુત્રની યાત્રા છે જેણે સંકલ્પ લીધો અને મોટી શક્તિઓ સામે ઉભા રહી સ્વરાજ્યનો માર્ગ બનાવ્યો. આ તે મહાન યોદ્ધાની ગાથા છે જેણે ઝુકવાને બદલે સંઘર્ષ પસંદ કર્યો અને ભારતના સ્વાભિમાનની પાયાં મૂકી.નિર્માતાઓનો ઉદેશ છે કે આ પ્રેરણાદાયક ભારતીય કહાનીને ભાષાની સીમાઓ પાર કરી વિશ્વભરના દર્શકો સુધી પહોંચાડવામાં આવે અને તેને વૈશ્વિક સ્તરે એક શ્રદ્ધાંજલિ તરીકે રજૂ કરવામાં આવે.જિયો સ્ટુડિયોઝ દ્વારા રજૂ થયેલી અને જ્યોતિ દેશપાંડે તથા જિનેલિયા દેશમુખ દ્વારા નિર્મિત, મુંબઈ ફિલ્મ કંપની ના બેનર હેઠળ બનેલી 'રાજા શિવાજી' 1 મે 2026ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે.એક વખત ફરી ઈતિહાસ જીવંત બનવા જઈ રહ્યો છે અને એક મહાન ગર્જના સમગ્ર ભારત અને દુનિયામાં ગુંજવા તૈયાર છે!

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડા એ બજેટ અંગે પ્રતિક્રિયા

• ગુજરાત

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડા એ બજેટ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે આરોગ્ય, શિક્ષણ, સામાજિક કલ્યાણ, ખેતી, ગ્રામિણ તથા શહેરી વિકાસ જેવા ક્ષેત્રોમાં હજારો કરોડો રૂપિયા ઘટાડવામાં આવ્યા છે.ચિંતાજનક બાબત એ છે કે આ ઘટાડો સૌથી જરૂરી લોકો ને સ્પર્શતા ક્ષેત્રોમાં કરવામાં આવી છે.સરકાર 4.4%ના રાજકોષીય ઘાટા પર ગૌરવ અનુભવે છે, પરંતુ આ આંકડો લોકોના આરોગ્ય, શિક્ષણ અને ભવિષ્યની કિંમત પર હાંસલ કરાયો છે.આવકમાં ઘટાડો અર્થતંત્રમાં વ્યાપક સુસ્તીનો સંકેત છે, જેને સરકાર સ્વીકારવા તૈયાર નથી.

**અટકાયત**

### સીટી પોલીસે અલગ-અલગ બે ગુના નોંધી કાર્યવાહી હાથ ધરી છે

# જેતપુરની દેવ બ્લડ બેંકમાંથી દારૂ ઝડપાયો : નશામાં ધૂત PROની ધરપકડ, દારૂ પુરો પાડનાર ૩ શખ્સોની અટકાયત

## જેતપુર શહેરના જૂનાગઢ રોડ પર આવેલા દેવ લાઈફ બ્લડ સેન્ટરમાંથી એક ચોંકાવનારો વીડિયો વાયરલ થયો છે

• સુરેશ ભાલીયા જેતપુર,

જેતપુર શહેરના જૂનાગઢ રોડ પર આવેલા દેવ લાઈફ બ્લડ સેન્ટરમાંથી એક ચોંકાવનારો વીડિયો વાયરલ થયો છે. આ વીડિયોમાં બ્લડ બેંકનો પ્રોફેશનલ રિલેશન ઓફિસર (પીઆરઓ) રોહિત ઉર્ફે કાળુભાઈ રૈયાણી દારૂના નશામાં ધૂત હાલતમાં જોવા મળ્યો હતો. આ ઘટના બાદ પોલીસે બ્લડ બેંકમાંથી દારૂની બોટલો જપ્ત કરી ચાર આરોપીઓની અટકાયત કરી છે.માહિતી અનુસાર, એક મહિલા દર્દી માટે લોહી લેવા દેવ લાઈફ બ્લડ સેન્ટર પહોંચી હતી. તે સમયે (પીઆરઓ) રોહિત રૈયાણી નશાની હાલતમાં હતો. વીડિયોમાં દેખાય છે કે તેણે પહેલા મહિલાને લોહી આપ્યું, પરંતુ બાદમાં વિવાદ થતાં આપેલું લોહી પરત લઈ લીધું હતું. તેણે મહિલા સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને લોહી આપવાની ના પાડી દીધી હતી.



મહિલાએ તાત્કાલિક પોતાના પરિવારજનોને જાણ કરી હતી, જેથી મામલો વધુ બિચક્યો. જેતપુર પોલીસને જાણ કરાતા તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે તપાસ કરતા બ્લડ બેંકના પરિસરમાંથી દારૂની પાંચ ખાલી બોટલો અને એક ભરેલી (૧૦૦ મિલી) દારૂની બોટલ મળી આવી હતી. વાયરલ વીડિયોમાં નશાની હાલતમાં લથડિયાં ખાતો શખ્સ પોતે બ્લડ બેંકનો (પીઆરઓ) હોવાનું કબૂલી રહ્યો છે.જેતપુર પોલીસે ગોંડલના રહેવાસી આરોપી રોહિત રૈયાણીની અટકાયત કરી તેની સામે ગુનો નોંધ્યો છે. જેતપુર સિટી પોલીસની સર્વેલન્સ ટીમને બાતમી મળી હતી કે દેવ બ્લડ બેંકમાં રોહિત ઉર્ફે કાળુ રૈયાણી નશાની હાલતમાં લોકો સાથે અભદ્ર વર્તન કરી રહ્યો છે. પોલીસે તાત્કાલિક દરોડો પાડી રોહિતને ઝડપી લીધો હતો. પકડાયેલા આરોપી રોહિતની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તેણે આ દારૂ જેતપુરના સિરાજ કુરેશી અને ગોંડલના બાલી વ્યાસ પાસેથી મેળવ્યો હતો. જેતપુર પોલીસે તુરંત કાર્યવાહી કરી સિરાજ અજીજભાઈ કુરેશીના ઘરે રેઈડ પાડી હતી, જ્યાંથી હરિયાણા પાસિંગની સ્મિનોફ દારૂની ૬ બોટલો (કિંમત ૧૩.૨૦૦) મળી આવી હતી. ત્યારબાદ પોલીસે ગોંડલ ખાતે તપાસની ટીમ રવાના કરી ઈરફાન હસનભાઈ કટારીયા અને નરેન્દ્ર ઉર્ફે બાલી તુલસીદાસભાઈ વ્યાસની પણ ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલા આરોપીઓ પૈકી ઈરફાન કટારીયા રીઢો ગુનેગાર છે. તેની વિરુદ્ધ ગોંડલ અને લોધિકા પોલીસ સ્ટેશનમાં અગાઉ હત્યાની કોશિશ (૩૦૭), પ્રોહિબિશન અને જુગારધારાના કુલ ૧૭ જેટલા ગુનાઓ નોંધાયેલા છે.પોલીસે આ સમગ્ર કાર્યવાહી દરમિયાન સ્મિનોફ અને બેલેન્ટાઈન જેવી બ્રાન્ડની દારૂની બોટલો તથા ખાલી બોટલો મળી કુલ રૂ.૧૩.૫૫૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કામગીરી જેતપુર સીટી પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી. પરમાર અને તેમની સર્વેલન્સ ટીમ દ્વારા કરવામાં આવી હતી. જેતપુર સિટી પોલીસે બે અલગ અલગ ગુના નોંધી કાર્યવાહી હાથધરી છે,

### ડાંગમાં શિક્ષણ વિભાગના બાંધકામમાં ભ્રષ્ટાચારની 'ગંધ'

# ૨૫ કરોડથી વધુના ખર્ચે બની રહેલા ઓરડાઓમાં હલકી ગુણવત્તાનું મટીરીયલ વપરાતું હોવાનો આક્ષેપ

**તપાસની ઉગ્ર માંગ**

### જિલ્લા પંચાયત પ્રમુખ અને DDO ના વહીવટમાં અધિકારીઓ 'ધૃતરાષ્ટ્ર'ની ભૂમિકામાં

• આહવા/ડાંગ

ડાંગ જિલ્લાના શિક્ષણ વિભાગમાં ચાલતો ભ્રષ્ટાચાર હવે હદ વટાવી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. જિલ્લા પંચાયતના પ્રમુખ નિર્મળાબેન ગાઈન અને જિલ્લા વિકાસ અધિકારી (DDO) વસાવાના વહીવટ હેઠળ શિક્ષણ વિભાગ જાણે ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગયો છે. ખાસ કરીને 'સમગ્ર શિક્ષા અભિયાન' હેઠળ જિલ્લાની વિવિધ શાળાઓમાં થઈ રહેલા કરોડોના બાંધકામમાં ગંભીર ગેરરીતિઓ સામે આવી રહી છે.

**કરોડોની ગ્રાન્ટ, પણ કામમાં વેઠ ઉતારાઈ**

પ્રાપ્ત વિગતો અનુસાર, ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ અને સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ અંદાજે ૨૫ થી ૫૦ કરોડ રૂપિયાની માતબર ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટમાંથી ચિંચલી, હનવતપાડા, ટાંકલીપાડા, પિંપલદહાડ, સુબીર અને બિલીયાઆબા જેવી શાળાઓમાં આધુનિક નવા ઓરડા, કમ્પાઉન્ડ વોલ અને રસોડાના બાંધકામની જવાબદારી 'MDM સન્સ' નામની એજન્સીને સોંપવામાં આવી છે.

આક્ષેપ છે કે, આ એજન્સી દ્વારા બાંધકામમાં અત્યંત હલકી ગુણવત્તાની સામગ્રી વાપરવામાં આવી રહી છે. હવામાં ભેજ પકડી ગયેલી અને બગડી ગયેલી સિમેન્ટ, નદીનું ભાઠું (માટીવાળી રેતી), કપચીનો ડસ્ટ અને નિમ્ન કક્ષાની ઈંટોનો ઉપયોગ કરી બાળકોના



ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં, લોખંડના સળિયા પણ હલકી ગુણવત્તાના વાપરીને બાંધકામમાં મોટી વેઠ ઉતારવામાં આવી રહી છે.

**જવાબદાર અધિકારીઓની મૌન સંમતિ?**

શિક્ષણ સમિતિના અધ્યક્ષ બીબીબેન, પ્રાથમિક શિક્ષણાધિકારી વિજય દેશમુખ અને સમગ્ર શિક્ષા અભિયાનના એસો. ચંદુલાલ પટેલ આ સમગ્ર પ્રકરણમાં 'ભ્રષ્ટાચારના કિંગ' બની બેઠા હોય તેવી લોકચર્ચા જાગી છે. આટલા મોટા પાયે ગેરરીતિ થતી હોવા છતાં જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓ કેમ મૌન સેવી રહ્યા છે? શું આ ભ્રષ્ટાચારમાં તેમની પણ ભાગીદારી છે? તેવા પ્રશ્નો ડાંગની જનતામાં ઉઠી રહ્યા છે.

સરકારના નિયમ મુજબ કોઈપણ પાકા બાંધકામ સ્થળે કામની વિગતો, ખર્ચ અને એજન્સીનું નામ દર્શાવતું બોર્ડ મારવું ફરજિયાત છે. પરંતુ ડાંગની આ શાળાઓમાં એક પણ જગ્યાએ આવું બોર્ડ જોવા મળતું નથી. પારદર્શિતાના અભાવે ભ્રષ્ટાચારને વધુ વેગ મળી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, જો આ બાંધકામોની તટસ્થ તપાસ કરવામાં આવે તો મોટું કૌભાંડ બહાર આવી શકે તેમ છે. સરકારી નાણાંનો દુરુપયોગ કરી ખિસ્સા ભરતા કોન્ટ્રાક્ટરો અને તેમને છાવરતા અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે. જો આ બાબતે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો આવનારા દિવસોમાં ઉગ્ર આંદોલનની પણ શક્યતા નકારી શકાતી નથી.

# ખાનપુર તાલુકાના બાબલીયા ચોકડીથી બાકોર તરફ આવતા માર્ગની બિસ્માર હાલત, વહેલી તકે કામગીરી અને ફોરલેનની માંગ

• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહિસાગર

ખાનપુર તાલુકાના બાબલીયા ચોકડીથી બાકોર તરફ જતો મુખ્ય માર્ગ હાલ અત્યંત બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. માર્ગ પર ડામર વિખુટી ને નાના મોટા ખાડા પડી ગયા હોવાની સમસ્યાના કારણે રોજબરોજના વાહન વ્યવહાર માટે જોખમ ભરી સ્થિતિ છે.

ઉલ્લેખનીય છે કે આ માર્ગ લુણાવાડા-મોડાસા નેશનલ હાઈવે પરથી અંદર બાબલીયા ચોકડીથી સીધો રાજસ્થાન રાજ્યને જોડતો મહત્વપૂર્ણ સોટકટ માર્ગ છે. આ માર્ગ પરથી ખાનપુર, બાકોર , પાંડરવાડા સહિત આસપાસના વિસ્તારોના લોકો તેમજ વેપારીઓ, તેમજ અહીં પુરાતન કલેશ્વરી નાળ,ઝરમર માતાજી જેવા સ્થળો આવેલા હોય છે.જેથી પ્રવાસીઓ અને ભારે વાહનો સતત આવનજાવન કરે છે. જેથી માર્ગની મરામત કામગીરી હાથ ધરવામાં



આવે તેમ જણાઈ રહ્યું છે.

સ્થાનિક લોકો અને વાહન ચાલકોની માંગ ઉઠી છે. કે હાલના માર્ગની તાત્કાલિક રીપેરિંગ કામગીરી હાથ ધરવામાં આવે તેમજ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ માર્ગને ફોરલેન બનાવવામાં આવે. ફોરલેન માર્ગ બનવાથી ટ્રાફિક સમસ્યા દૂર થશે, અકસ્માતોમાં ઘટાડો થશે અને ગુજરાત-રાજસ્થાન વચ્ચેના વાહન વ્યવહારને પણ વધુ સુગમ બનાવશે.

આ મુદ્દે સંબંધિત વિભાગ દ્વારા વહેલી તકે યોગ્ય પગલાં લેવામાં આવે તેવી સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોની પ્રબળ માંગ છે.

# ચાણોદ-ભીમપુરા દરિયાપુરા માર્ગ ચાણક ખાતે આર સી સી રોડ ના નિર્માણ કાર્ય ને લઈને ભારી વાહનો નાના વાહનો માટે રસ્તો બંધ કરાયો




• ડભોઈ

ડભોઈ તાલુકાના તીર્થધામ ચાણોદ ખાતે ચાણોદ થી રંગસેતુ પુલ થઈ રાજપીપલા તરફ જવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ચાણોદ કુબેર ભંડારી અમાસ ભરવાં દર્શન કરવા આવતા હોય આ ઉપરાંત ચાણોદ ખાતે નંદેરીયા ભીમપુરા દરિયાપુરા થી ગ્રામજનો જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓ તબીબી સેવા માટે ચાણોદ ખાતે આવતા હોય આવતાં હોય ભીમપુરા નંદેરીયા તરફથી ચાણોદ ખાતે અભ્યાસ માટે વિદ્યાર્થીઓની અવરજવર તેમજ મંદિરોના દર્શન માટે શ્રદ્ધાળુઓનો ઘસારો રહેતો હોય છે તેમજ નર્મદા પરિક્રમા કરતા શ્રદ્ધાળુ માટે ઉપયોગી હોય.આ રસ્તો ચાણોદ ખાતે મોટા મોટા ખાડા પડી ગયા હોય અનુસંધાન ડભોઈ તાલુકાના ધારાસભ્ય દ્વારા તારીખ ૫.૧.૨૬ ના રોજ ચાણોદ ખાતે ભૂમિ પૂજન કરાયું હતું .

### પ્રાંતિ અધિકારી સંદિપસિંહ જાદવ અને મામલતદાર સંચાણીયા સહિતના અધિકારીઓની ઉપસ્થિતીમા ડિમોલિશનની કામગીરી

# પોલીસ :બોખીરા વિસ્તારમાં સર્વે નં-817 તેમજ મનપાની જમીન પર દબાણ દુર કરવા તંત્રનું બુલડોઝર ફળી વળ્યું


• ગોસા(ઘેડ) તા.૧૯

પોરબંદરના બોખીરા વિસ્તારમાં નંદેશ્વર મંદિર તરફ જતા રસ્તે ગોલાઈ પાસે છેલ્લા આઠ -દસ વર્ષથી સરકારી અને મહાનગર પાલિકાની જમીન ઉપર કબ્જો જમાવીને ખેતી વિષયક ઉપયોગ કરવામાં આવતો હોવાનું તંત્રને ધ્યાને આવતા નોટીસો મોકલવામાં આવી હતી

નોટીસ પાઠવવા છતા દબાણ કારોએ તેની ગંભીર નોંધ નહી લેતા અંતે પ્રાંત અધિકારી સંદિપસિંહ જાદવ અને મામલતદાર સંચાણીયા ની ઉપસ્થિતિમા પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી પેશકદમી થયેલ જમીનમાંથી ડીમોલીશન કરીને જમીન પરનું દબાણ દૂર કરવામાં આવ્યુ હતુ.

પોરબંદર શહેર અને જીલ્લામાં સરકારી જમીન પર થયેલી પેશકદમી દુર કરવામની કામગીરી તંત્ર દ્વારા સમાયંતરે કરવામા આવતી હોય છે. અને પોરબંદર જિલ્લામાં અનેક જગ્યાએ સરકારી જમીન ઉપર એનકેન પ્રકારે કેટલાક શખ્શો કબ્જો જમાવીને બેસી ગયા છે અને વારંવાર સાકરી રહે કાર્યવાહી કરી






સુચનાઓ આપવા છતાં દબાણ વાળી જગ્યા ખાલી કરતા નથી ત્યારે બોખીરાના નંદેશ્વર મંદિર તરફ જતા રસ્તા પાસે સરકારી અને મહાનગરપાલિકાની જમીન ઉપર કબ્જો જમાવીને તેનો ખેતીવિષયક ઉપયોગ થઈ રહ્યો હોવાથી પોરબંદરના જિલ્લા કલેકટર એસ.ડી. ધાનાણીના માર્ગદર્શન નીચે વારંવાર નોટીસ મોકલવામાં આવી હતી. પોરબંદર ના પરા સમા બોખીરા ના સર્વે નંબર ૮૧૭માં સરકારી ખરાબાની જમીન ઉપર કબ્જો હોવાનું બહાર આવતા કલમ ૬૧ મુજબ દબાણકર્તા આસમીઓને નોટીસ આપવામાં આવી હતી. છતાં પણ દબાણ દૂર નહીકરતા આખરે છેલ્લે ૨૦૨ મુજબ નોટીસ આપીને ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો હતો તેમ છતાં પણ જમીન પરનું આ દબાણ દૂર કરવામાં આવ્યુ નહીં હોવાથી ઉદ્યોગનગર પોલીસને જાણ કરવામાં આવી હતી અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે બુધવારે ગઈ કાલે તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ પોરબંદર મહાનગરપાલિકા તથા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે શહેરી વિસ્તારમાં સરકારી તથા મહાનગરપાલિકાની જમીન પર થયેલ ગેરકાયદેસર દબાણ દૂર કરવાની કાર્યવાહી મહાનગરપાલિકાના વહીવટદાર અને કલેક્ટર એસ.ડી. ધાનાણી તેમજ કમિશ્નર એચ.જે. પ્રજાપતિના માર્ગદર્શન અને સુચના અનુસાર મામલતદાર ભરતભાઈ સંચાણીયા, પ્રાંત અધિકારી સંદીપસિંહ જાદવ સહિતની ટીમ દબાણ દૂર કરવા માટે બોખીરા વિસ્તારમાં દબાણ ગ્રસ્ત સ્થળે પહોંચી હતી. મામલતદાર સંચાણીયાએ આપેલી માહિતી પ્રમાણે બોખીરા માં સરકારની ૮૨૮૫ ચો.મી. જમીન કે જે સરકારી ખરાબો હતો જેની કિંમત અંદાજે ૩ થી ૪ કરોડ રૂપિયા થવા જાય છે તે ઉપરાંત તેને અડોઅડ આવેલી મહાનગરપાલિકાની ૧૨,૫૦૦ ચો.મી. જગ્યા જેની કિંમત અંદાજે સાતેક કરોડ થવા જાય છે તે મળી કુલ ૧૧ કરોડ રૂપિયાની જમીન ઉપરનો આ કબ્જો દૂર કરવામાં આવ્યો છે .દબાણકારોએ એ જમીન ઉપર જુવાર ઘઉં, સહિતનો પાક વાવવામાં આવીયો હોવાનુ અને તેનો ખેતી વિષયક ઉપયોગ થતો હોવાનું બહાર આવ્યુ હતુ તેથી આ તમામ દબાણ દૂર કરવામાં આવ્યુ છે.પોરબંદર જીલ્લામા સરકારી જમીન પર દબાણ દુર કરવા માટે તંત્ર એકશન મોડમા આવતા દબાણ કરતા તત્વો માં ભારે અફડા તફડી મચી ગઈ છે કામગીરીમાં કલેક્ટર એસ. ડી. ધાણાની ના અને પોરબંદરમહા નગરપાલિકાના કમિશનર હસસુખ પ્રજાપતિ ના માર્ગદર્શન તળે પ્રાંત અધિકારી સંદીપસિંહ જાદવ, મામલતદાર બી.વી. નંદાણીયા, પોરબંદર મહા નગર પાલિકા અધિકારી હિતેશભાઈ ગોરસીયા,જગદીશભાઈ ડાભી,રાજ ગોહિલ,જયેશ પરમાર સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ,કર્મચારી અને પોલીસ સ્ટાફની ઉપસ્થિત માં રહી કામગીરી સફળતા પૂર્વક કરવામાં આવી હતી તેમજ સરકારી અધિકારીઓએ લોકોને પણ સ્પષ્ટ સુચના આપી હતી કે હજુ પણ દબાણ થયેલી હોય તેવી સરકારી જમીન પરનું દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ રહેશે.

રિપોર્ટર:- વિરમભાઈ કે.આગઠ

# હસ્તે ૧૫ લાભાર્થીઓને ૫૦ હજાર સુધીની લોન સહાયના પત્રો એનાયત

## આમોદમાં શેરી ફેરિયાઓ બન્યા 'આત્મનિર્ભર'

• આમોદ,

આમોદ તાલુકા પંચાયત કચેરી ખાતે 'પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ' (PM SVANidhi) યોજના હેઠળ નાના ફેરિયાઓને આર્થિક રીતે સશક્ત બનાવવાનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. ધારાસભ્ય દેવ કિશોર સ્વામીના હસ્તે આમોદ શહેરના ૧૫ જેટલા શેરી ફેરિયાઓને ૧૦,૦૦૦ થી લઈને ૫૦,૦૦૦ સુધીની લોન સહાયના સેન્શન લેટર એનાયત કરવામાં આવ્યા હતા. આ આર્થિક બળ પૂરું પાડીને ગુજરાત શહેરી આજીવિકા મિશન હેઠળ શ્રમિકોને આત્મસન્માન સાથે રોજગારી માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરાયો છે. તિરુવનંતપુરમ



ખાતે વડાપ્રધાનના રાષ્ટ્રીય કાર્યક્રમના અનુસંધાને આયોજિત આ સમારોહમાં લોન મેળવનાર લાભાર્થીઓ ઉપરાંત જેઓએ બીજા તબક્કાની લોન પૂર્ણ કરી છે, તેવા ફેરિયાઓને ક્રેડિટ કાર્ડ સુવિધા અને ડિજિટલ ટ્રાન્ઝેક્શન અંગે વિશેષ માર્ગદર્શન અપાયું હતું. કાર્યક્રમમાં આમોદ ભાજપ સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકા સભ્યો અને બેંક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ જણાવ્યું હતું કે, આ યોજના નાના વેપારીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે, જેનાથી તેઓ સાહુકારોના વ્યાજચક્રમાંથી મુક્ત થઈ પોતાનો વ્યવસાય વિકસાવી શકશે.

# વસ્તી ગણતરીમાં 1.20 લાખ શિક્ષકો જોડાશે:કોઈ તકલીફ ન પડે તે માટે સરકાર સમક્ષ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની રજૂઆત

• ગાંધીનગર

વસ્તી ગણતરીની કામગીરીને લઈને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા સરકારને મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી હતી. આ મુદ્દે સંઘ દ્વારા વિવિધ બાબતો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. મહાસંઘના મહામંત્રી પરેશ પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રહિતની આ મહત્ત્વની કામગીરીમાં સંઘ સાથે જોડાયેલા અંદાજે 1 લાખ 20 હજાર શિક્ષકો જોડાશે. પરેશ પટેલે જણાવ્યું કે, વસ્તી ગણતરી તેમજ SIR જેવી કામગીરી દરમ્યાન શિક્ષકોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટે સંઘે સરકાર સમક્ષ સ્પષ્ટ રજૂઆત કરી છે. કામગીરી દરમિયાન શિક્ષકોને પડતી વ્યવહારિક મુશ્કેલીઓ અંગે સમીક્ષા કરવામાં આવી છે અને તેના ઉકેલ માટે સૂચનો આપવામાં આવ્યા છે.

**બોઇંગની પ્રતિક્રિયા**

**અમદાવાદ પ્લેન ક્રેશના પીડિતોને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે**

# અમદાવાદ : પ્લેન ક્રેશના પીડિતોના ખાતામાં 1-1 કરોડ આવ્યા! એર ઈન્ડિયાને 1125 કરોડ મળ્યાનો રિપોર્ટ

## બોઈંગના પ્રવક્તાએ જણાવ્યું કે, 'અમે સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનના પ્રોટોકોલનું પાલન કરીએ છીએ

• અમદાવાદ

અમદાવાદ પ્લેન ક્રેશના પીડિતોને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. આ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિજનોના ખાતામાં 1-1 કરોડ રૂપિયા જેટલી રકમ આવ્યાની માહિતી સામે આવી છે. જેના પરથી એવો દાવો કરવામાં આવ્યો છે કે અમદાવાદ પ્લેન ક્રેશ પીડિતોને વળતર મળવાનું શરુ થઈ ગયું છે. જોકે આ મામલે જ્યારે ગુજરાત સમાચાર દ્વાર પીડિતોનો સંપર્ક સાધવામાં આવ્યો તો તેમણે રકમ આવ્યાની પુષ્ટિ કરી હતી પણ આ રકમ કોણે મોકલી છે તેના વિશે કોઈ ચોક્કસ માહિતી મળી શકી નહોતી. જ્યારે રિપોર્ટમાં એવો પણ દાવો કરાયો છે કે એર ઈન્ડિયાને પણ 1125 કરોડ રૂપિયા જેટલી રકમ મળી હોવાની ચર્ચા છે. સૂત્રોના રિપોર્ટના આધારે ગ્લોબલ રિઈન્શ્યોરર્સ અને ભારતીય જનરલ ઈન્શ્યોરન્સ કંપની દ્વારા અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં એર ઈન્ડિયાને થયેલા નુકસાનમાં અત્યાર સુધી 125 મિલિયન ડૉલર એટલે કે લભગલ 1125 કરોડ રૂપિયાની ચૂકવણી કરાઈ છે. આ રકમમાં વિમાનના માળખા અને એન્જિનમાં ક્ષતિથી થયેલા નુકસાન સામે વીમાના દાવા મુજબનું વળતર આપવામાં આવ્યું છે. આ સાથે જ દુર્ઘટનામાં મોતને ભેટેલા લોકોના પરિવારજનોને પણ 25 મિલિયન ડૉલર (225 કરોડ) રૂપિયાની ચૂકવણી કરવામાં આવી છે. જો કે, મુસાફરો સાથે જોડાયેલા દાવાઓની પ્રક્રિયા હજુ સુધી પૂર્ણ કરવામાં આવી નથી જેથી વળતરનો આંકડો હજુ વધુ હોઈ શકે છે.

ગુજરાતના અમદાવાદમાં 12 જૂન 2025ના રોજ થયેલી ભયાનક એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં કુલ 260 લોકોના મોત થયા હતા જેમાં 241 મુસાફરો તેમજ અન્ય ક્રૂ સભ્યો સામેલ હતા. રિપોર્ટના દાવા મુજબ ભારતીય રિઈન્શ્યોરર્સ (GIC Re) પહેલા જ દાવો કરી ચૂક્યું છે કે દુર્ઘટનામાં વીમાના દાવાનું કુલ રકમ 475 મિલિયન ડૉલર એટલે કે અંદાજિત 4,275 કરોડ રૂપિયા છે, જેમાંથી 350 મિલિયન ડૉલર મુસાફરો અને તૃતીય પક્ષના દાવાઓ સંબંધિત જવાબદારીઓ માટે હશે. નિષ્ણાતોના મતે, વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકો અને તેમના પરિવારો બંને સામાન્ય રીતે વળતર મેળવવાના હકદાર હોય છે, ભલે પાઈલટની ભૂલ હોય. હકીકતમાં, જો જાળવણી સ્ટાફ અથવા ટેકનિશિયનની બેદરકારી સ્થાપિત થાય



તો વળતરની રકમ સંભવિત રીતે વધી શકે છે.

બીજી તરફ ફાઉન્ડેશન ફોર એવિએશન સેફ્ટી (FAS) એ 12 જાન્યુઆરી, 2026ના રોજ અમેરિકન સંસદમાં એક રિપોર્ટ જમા કરાવ્યો છે. અહેવાલ મુજબ, FASએ પોતાની તપાસમાં શોધી કાઢ્યું કે એર ઈન્ડિયાનો હિસ્સો બન્યા બાદથી જ આ વિમાનમાં સતત ટેકનિકલ ખામીઓ આવી રહી હતી. FASનો દાવો છે કે વિમાનમાં એન્જિનિયરિંગ, ગુણવત્તા અને જાળવણીમાં નોંધપાત્ર ખામીઓ હતી. રિપોર્ટમાં ઈલેક્ટ્રોનિક, સોફ્ટવેર, વારંવાર સર્કિટ બ્રેકર્સનું ટ્રીપ થવું, ખરાબ વાયરિંગ, શોર્ટ સર્કિટ, વીજળી પુરવઠામાં ઘટાડો અને પાવર સિસ્ટમ ગરમ થવા જેવી અનેક સમસ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. FASએ પોતાના રિપોર્ટમાં એવો પણ દાવો કર્યો છે કે બોઇંગ 787 પ્રોગ્રામ તેના નિર્ધારિત સમય કરતાં 3 વર્ષ પાછળ ચાલી રહ્યો છે અને તેનું બજેટ અબજો ડૉલર વધી ગયું છે. રિપોર્ટ મુજબ, 2000થી વધુ બોઈંગ 787 વિમાનોમાં સિસ્ટમ ફેલિયરની ઘટનાઓ બની ચૂકી છે. દુર્ઘટનાગ્રસ્ત વિમાન વિશે માહિતી આપતાં રિપોર્ટમાં કહેવાયું છે કે આ વિમાન 2011માં બનીને તૈયાર થયું હતું અને 28 જાન્યુઆરી, 2014ના રોજ તેને એર ઈન્ડિયાને સોંપવામાં આવ્યું હતું. FASના આ ગંભીર દાવાઓ પર બોઈંગે પ્રતિક્રિયા આપી છે. બોઈંગના પ્રવક્તાએ જણાવ્યું કે, 'અમે સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનના પ્રોટોકોલનું પાલન કરીએ છીએ. ભારતમાં થયેલી વિમાન દુર્ઘટનામાં AAIB (વિમાન દુર્ઘટના તપાસ બ્યુરો)નો જે પણ નિર્ણય હશે, અમે તેનું પાલન કરીશું.' જોકે, એર ઈન્ડિયાએ આ સમગ્ર મામલે મૌન સેવ્યું છે. ઉલ્લેખનીય છે કે, AAIBએ પોતાના પ્રારંભિક રિપોર્ટમાં ફ્યુઅલ સ્વિચ બંધ થવાને કારણે પ્લેન ક્રેશ થયું હોવાના સંકેત આપ્યા હતા.

**મેમનગરમાં 70 વર્ષીય મહિલાને ડિજિટલ એરેસ્ટ કરી 24 લાખ પડાવ્યાં**

# ચાઈલ્ડ પોનોગ્રાફી અને ગેમ્બલિંગના કેસમાં આધારકાર્ડ, મોબાઈલ નંબરનો ઉપયોગ થયો હોવાનું કહી રૂમમાં બંધ કર્યા

**મુંબઈ પોલીસના નામે ઠગોએ વૃદ્ધાને ફોન કર્યો**

## વૃદ્ધના પતિ અને દીકરાનું અગાઉ કોરોનાની બીમારીના કારણે અવસાન થયું હતું

• અમદાવાદ

અમદાવાદ શહેરના મેમનગરમાં રહેતા 70 વર્ષના વૃદ્ધ મહિલાને સાઈબર ગઠિયાઓએ ચાઈલ્ડ પોનોગ્રાફી અને ગેમ્બલિંગમાં આધાર કાર્ડ અને મોબાઈલ નંબરનો ઉપયોગ થયો છે, કહીને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા. ગઠિયાઓએ પોતે પોતાની ઓળખ સંચાર વિભાગના અધિકારી અને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકેની ઓળખ આપીને મહિલાને ડરાવી તેમની પાસેથી 24 લાખ રૂપિયા પડાવ્યા હતા. જે બાદ મહિલા પાસેથી વધુ 40 લાખ રૂપિયાની માંગણી કરતા મહિલાએ ફોન કાપી નાખ્યો હતો અને દીકરાને જાણ કરી હતી. મહિલાએ આ અંગે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મેમનગરમાં 70 વર્ષીય વૃદ્ધ મહિલા એકલા રહે છે. વૃદ્ધના પતિ અને દીકરાનું અગાઉ કોરોનાની બીમારીના કારણે અવસાન થયું હતું, જ્યારે નાનો વૃદ્ધાથી અલગ રહેતો હતો. વૃદ્ધાને 4 જાન્યુઆરીએ એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો અને કોલ કરનાર વ્યક્તિએ પોતે સંચાર વિભાગમાંથી વિજય ખન્ના હોવાની ઓળખ આપી હતી. જે બાદ જણાવ્યું હતું કે તમારા બેંક એકાઉન્ટમાં દર મહિને 25 લાખ રૂપિયા વ્યાજ આવે છે. મુંબઈ પોલીસે વિજય ગોહિલ નામના આરોપીને એરેસ્ટ કર્યો છે. તેણે કેનેરા બેંક એકાઉન્ટમાં બે પરિવાર સાથે 24 કરોડનું કૌભાંડ કર્યું છે. જે અંગે હું કોલ ટ્રાન્સફર કરી તમારી વાત ગુનાની તપાસ કરાવનાર અરુણકુમાર સાથે




કરાવું છું.અરુણ કુમારે મહિલા સાથે વાત કરી હતી અને પોલીસ તરીકેની ઓળખ આપીને જણાવ્યું હતું કે તમારા આધારકાર્ડ પરથી તમારા નામથી એક નંબર રજિસ્ટર થયો છે, જેનો ઉપયોગ ચાઈલ્ડ પોનોગ્રાફી અને ગેમ્બલિંગનો ઉપયોગ થયો. જેથી અમારી CBIની સર્વેલમ સ્ટીમ સતત તમારા સંપર્કમાં રહેશે તો તમે સહયોગ આપજો.જે બાદ વૃદ્ધાને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાંથી ઓળખ આપીને પ્રદીપ સાવન નામના વ્યક્તિએ વાત કરી હતી. જેમણે મહિલાને એફઆઈઆરની કોપી અને સુપ્રીમ કોર્ટનો એક લેટર વોટ્સએપ કરીને આપ્યો હતો. જે બાદ મહિલાને રૂમ બંધ કરી બેસીને વાત કરવાનું જણાવ્યું હતું અને મહિલાને કહ્યું હતું કે તમારી સામે પોનોગ્રાફીઓને ગંભીર ગુના છે, તેથી તમારી ધરપકડ કરવામાં આવી છે.વીડિયો કોલ ઉપર તમને હાજર રાખીને ઈન્વેસ્ટેશન કરીશું. તપાસ દરમિયાન તમારે તમારી પાસે રહેલા પૈસાનું ઈન્વેસ્ટિગેશન કરવાનું છે, કહીને વૃદ્ધાને એક બેંક એકાઉન્ટમાં 15 લાખ જમા કરવાનું કહ્યું હતું, જેથી વૃદ્ધા એફડી તોડાવીને 15 લાખ જમા કરાવી આવ્યા હતા. જેમાં વૃદ્ધા પાસેથી વધુ નાણા ભરવાનું કહેતા વૃદ્ધાએ બેંક લોકરમાં રહેલા સોનાના દાગીના ગીરવે મૂકીને 9 લાખ પણ ભર્યા હતા. 24 લાખ ભર્યા છતાં પીસીસી લેટર મેળવવો હોય તો બીજા 40 લાખ ભરવા પડશે તેવું જણાવતા વૃદ્ધાએ ફોન કાપી નાખ્યો અને તેમના દીકરાને જાણ કરી હતી. વૃદ્ધાનો દીકરો આવતા આ અંગે સાયબર ક્રાઈમને જાણ કરીને જાણ કરીને ફરિયાદ નોંધાવી છે.

# સુરેન્દ્રનગરની યુવતીને લગ્નની લાલચ આપી કૌટુંબિક ભાઈએ જ દુષ્કર્મ આચર્યું

## નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

• અમદાવાદ

અમદાવાદ શહેરના નવરંગપુરા વિસ્તારમાં પીજીમાં રહેતી યુવતી સાથે યુવતીના મામાના દીકરાએ જ લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચાર્યું હતું. યુવકે યુવતી સાથે દુષ્કર્મ આચર્યા બાદ રાજકોટમાં કોઈ અન્ય છોકરી સાથે સગાઈ કરી લીધી હતી. જે અંગે યુવતીને જાણ થતા યુવતીએ યુવક વિરુદ્ધ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.સુરેન્દ્રનગરમાં રહેતી 21 વર્ષની યુવતી અભ્યાસ માટે નવરંગપુરા વિસ્તારમાં કેટલાક સમયથી રહેતી હતી. યુવતી ગત વર્ષે જ્યારે ઘરે ગઈ હતી ત્યારે યુવતીના મમ્મીના માસીના દીકરાનો દીકરો જય યુવતીના ઘરે રહેતો હતો. યુવતી જ્યારે અમદાવાદ પરત આવી ત્યારે જયે યુવતીને ફોન કરવાનું શરૂ કર્યું હતું. યુવતી સાથે અવારનવાર વાતચીત કરીને જયે કહ્યું હતું કે હું તને પ્રેમ કરું છું અને




તારી સાથે જ લગ્ન કરીશ. જેથી યુવતી જયની વાતોમાં આવી ગઈ હતી. 11 ઓગસ્ટના રોજ યુવતીનો જન્મદિવસ હોવાથી તેને મળવા જય અમદાવાદ આવ્યો હતો.

ઓગસ્ટ,સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસમાં જય અવારનવાર અમદાવાદ આવતો હતો. આ દરમિયાન જયે યુવતીને નવરંગપુરાની એક હોટલમાં લઈ જઈને લગ્નની લાલચ આપીને શારીરિક સંબંધ બાંધ્યા હતા.થોડા સમયમાં યુવતી તેના ઘરે જતી રહી હતી.

યુવતી ઘરે ગઈ ત્યારે તેને જાણ થઈ હતી કે જયની રાજકોટમાં કોઈ છોકરી સાથે સગાઈ થઈ ગઈ છે. જેથી યુવતીએ જયને ફોન કર્યો ત્યારે જયે કહ્યું હતું કે આ વાત ભૂલી જા. આ અંગે યુવતીએ તેના મમ્મી પપ્પા અને મામાને વાતચીત કરી હતી. જે બાદ યુવતીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં જય વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવી છે.

# વાલિયામાં ઈક્કો કારના ગુપ્ત 'ચોરખાના'માંથી વિદેશી દારૂની ૧૧૨૪ બોટલ ઝડપાઈ, ૪.૫૨ લાખના મુદ્દામાલ સાથે એક જેલહવાલે

• વાલિયા,

ભરૂચ જિલ્લાની વાલિયા પોલીસે બાતમીના આધારે ડહેલી ગામના બ્રિજ પાસે ફિલ્મી ઢબે વોચ ગોઠવી એક ઈક્કો કારને આંતરી હતી, જેમાંથી મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો મળી આવતા ચકચાર મચી ગઈ છે. સફેદ કલરની ઈક્કો કારની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી, કારણ કે બુટલેગરોએ પોલીસની નજરથી બચવા માટે કારમાં ખાસ ગુપ્ત 'ચોરખાના' બનાવ્યા હતા. આ ખાનાઓમાંથી પોલીસે વિદેશી દારૂની નાની-મોટી કુલ ૧૧૨૪ બોટલો (કિંમત ૨.૫૨ લાખ) જપ્ત કરી છે.

વાલિયા પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ. આર.સી. વસાવાના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલા આ ઓપરેશનમાં પોલીસે ૨ લાખની કિંમતની કાર અને દારૂ મળી કુલ ૪.૫૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. સ્થળ પરથી



સાગબારાના નેવડી આંબા ગામના રહેવાસી જાવલા શંકરભાઈ વસાવાની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે આ માલ મોકલનાર કે મંગાવનાર સુનિલ નામના શખ્સને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

# વૃદ્ધ માતા-પુત્રની સાબરમતીમાં મોતની છલાંગ : રિવરફ્રન્ટ વલ્લભ સદન પાસેથી બંનેની લાશ મળી

• અમદાવાદ

અમદાવાદ શહેરના સાબરમતી રિવરફ્રન્ટ વલ્લભ સદન બોટિંગ વિસ્તાર પાસેથી વૃદ્ધ માતા અને દીકરાની લાશ મળી આવી છે. માતા દીકરાએ સાબરમતી નદીમાં છલાંગ લગાવી આપઘાત કર્યો હતો. બનાવની જાણ થતા રિવરફ્રન્ટ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં દીકરો માનસિક હોવાથી માતા દીકરાએ આપઘાત કર્યો હોવાની શક્યતા છે. બંનેના મૃતદેહ પીએમ માટે મોકલી આપવામાં આવ્યા છે. શહેરના મણિનગરમાં રહેતા પ્રવિણાબેન પંડ્યાએ(ઉ.વ.74) તેના દીકરા જગદીશ(ઉ.વ.48) સાથે સાબરમતી નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો છે. પ્રવિણાબેન પંડ્યા અને જગદીશ બપોરના સમયે સાબરમતી વોલ્ક વે પરથી કૂદ્યા હતા. બંને કૂદ્યા બાદ બોડી નદીમાં તરતી હતી, જેથી સિક્યુરિટી ગાર્ડને દેખાતા ગાર્ડ તાત્કાલિક રિવર રેસ્ક્યુ ટીમ અને પોલીસને જાણ કરી હતી.ફાયરનું રિવર રેસ્ક્યુ ટીમ અને પોલીસ સ્થળ પર પહોચી હતી. જોકે બંનેના મૃતદેહ જ નદીમાં ઉપર દેખાઈ રહ્યા હતા, જેથી ફાયરની રિવર રેસ્ક્યુ ટીમે બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા. બંને પાસેથી આધાર કાર્ડ અને અન્ય પુરાવા મળી આવ્યા છે, જેને કારણે પરિવારને સંપર્ક કરવામાં આવ્યો હતો. પરિવાર આવતા બંનેના મૃતદેહ ઓળખ કરી પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે.

**પોલીસે આ ઘટનાને હત્યા અને ત્યારબાદ આત્મહત્યાનો કેસ ગણાવ્યો છે**

# શક્તિસિંહના ભત્રીજા યશરાજસિંહ સામે હત્યાનો ગુનો દાખલ, ફોરેન્સિક રિપોર્ટ બાદ ખુદ ACP બન્યા ફરિયાદી

• અમદાવાદ

અમદાવાદમાં મંગળવારે મોડી રાત્રે બોડકદેવ સ્થિત એનઆરઆઈ ટાવરમાં શક્તિસિંહ ગોહિલના ભત્રીજા યશરાજસિંહે તેની પત્નીને ભૂલથી ગોળી મારી દઈને પોતે પણ આત્મહત્યા કરી લીધી હોવાની ઘટના સામે આવી હતી. હવે આ મામલે ફોરેન્સિક રિપોર્ટ અને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે લાઈસન્સ પ્રાપ્ત બંદૂક દ્વારા યશરાજ સિંહે જ તેની પત્નીને ગોળી મારી હતી અને પછી પોતે આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે આ ઘટનાને હત્યા અને ત્યારબાદ આત્મહત્યાનો કેસ ગણાવ્યો છે.

આ ઘટના 21 જાન્યુઆરીના રોજ રાત્રે 10:30થી 22 જાન્યુઆરીના રોજ રાત્રે 12:12વાગ્યાની વચ્ચે બોડકદેવના પારિજાત બંગલા પાસે NRI ટાવરના એક ફલેટમાં બની હતી. મૃતકોની ઓળખ રાજેશ્વરીબા ગોહિલ (30) અને તેમના પતિ યશરાજસિંહ ગોહિલ (35) તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું હતું કે, આ દંપતીના લગ્નને માંડ બે મહિના થયા હતા.

પ્રાથમિક તપાસ બાદ ખુલાસો થયો છે કે યશરાજસિંહએ કથિત રીતે તેમના બેડરૂમમાં પોતાની લાઈસન્સવાળી રિવોલ્વરથી પત્નીના માથાના પાછળના ભાગમાં ગોળી મારી હતી. ગોળીબાર પછી 108 ઈમરજન્સી સર્વિસને ફોન કર્યો. જ્યારે એમ્બ્યુલન્સ સ્ટાફ પહોંચ્યો, ત્યારે રાજેશ્વરીબાને મૃત જાહેર કરવામાં આવી. થોડા સમય પછી, યશરાજસિંહે તે જ હથિયારથી માથામાં ગોળી મારી દીધી, જેના કારણે તેમનું મૃત્યુ થયું. ફોરેન્સિક તપાસ અને પોસ્ટ મોર્ટમ તેમજ ઘટનાની પ્રાથમિક તપાસ બાદ રમત રમતમાં રિવોલ્વરમાંથી ફાયર થવાની કોઈ શકયતા દેખાઈ ન આવતા કોઈ અગમ્ય કારણોસર પત્ની પર ફાયરિંગ કરી હત્યા નિપજાવ્યાનો અને બાદમાં પોતે પણ આત્મહત્યા કરી લીધી હોવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અસારવાની સિવિલ હૉસ્પિટલના ડૉક્ટરોની પેનલ દ્વારા બંને મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું, જેમાં બંદૂકની ગોળીથી માથાના ભાગે થયેલો ઘા અને વધારે પડતો રક્તસ્ત્રાવ કારણે મોત થયું હોવાની પુષ્ટિ થઈ હતી. બંદૂકની ટેકનિકલ તપાસ ટીમે આકસ્મિક ગોળી ચાલી જાય તે વાતને નકારી કાઢી હતી. તેમજ નોંધ્યું હતું કે રિવોલ્વરના ટ્રિગરને ગોળી ચલાવવા માટે ઈરાદાપૂર્વક દબાણની જરૂર પડે છે. એવું પણ જાણવા મળ્યું હતું કે હથિયારમાં ફક્ત બે રાઉન્ડ હતા, જેમાંથી એક રાઉન્ડમાં રાજેશ્વરીબા તો બીજા રાઉન્ડમાં યશરાજસિંહનું મોત થયું છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએએ જણાવ્યું હતું કે, ફોરેન્સિક પુરાવા, પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને બંદૂકની ટેકનિકલ તપાસના આધારે, એ સ્પષ્ટ છે કે પતિએ ઈરાદાપૂર્વક તેની પત્નીને ગોળી મારી હતી અને ત્યારબાદ આત્મહત્યા કરી હતી. વસ્ત્રાપુર પોલીસે મૃતક પતિ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, 2023ની કલમ અને આર્મ એક્ટ 1959ની કલમ હેઠળ કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હરખઘેલી ભાષા મારી ગુજરાતી
કક્કો છે એનો સ્નેહ ભરેલો,
એના શબ્દો ડૂબાડે લાગણીના દરિયે,
એવી હરખઘેલી ભાષા મારી ગુજરાતી
હૂંફ સભર, વ્હાલથી ભરપૂર મીઠી,
લહેકાથી બોલું ત્યારે લાગે પોતીકી,
એવી હરખઘેલી ભાષા મારી ગુજરાતી
મીરાંબાઈ, નરસૈયા ને પ્રેમાનંદના
હેતાળ ભક્તિરસ પીરસતી,
એવી હરખઘેલી ભાષા મારી ગુજરાતી
ભરેલો છે ગુજરાતી સાહિત્યનો રસથાળ,
વાંચે એનો થઈ જાય જીવનરૂપી બેડો પાર,
એવી હરખઘેલી ભાષા મારી ગુજરાતી
એબીસીડી શીખ્યા પછી બીજું સમજાય નહીં,
મૂળાક્ષરો પછી શબ્દો શીખવાનો આનંદ સમાય નહીં,
એવી હરખઘેલી ભાષા મારી ગુજરાતી
શીખો ભલે અંગ્રેજી પ્રેમથી,
પણ જન્મથી શીખેલી કાલીઘેલી ભાષા ભૂલાય નહીં,
એવી હરખઘેલી ભાષા મારી ગુજરાતી..
જીવનના ડગલે પગલે મોંમાંથી નીકળતી,
દિલથી દિલની સ્નેહની કડી જોડતી,
એવી હરખઘેલી ભાષા મારી ગુજરાતી
સવાલો એના જેટલા અનુઠા,
જવાબો ગુજરાતી ભાષાના એટલાં મીઠા,
એવી હરખઘેલી ભાષા મારી ગુજરાતી
જાય એને પણ ફરીથી આવજો કહેતી,
એવી દિલથી રૂડી મઠારી છે ગુજરાતી,
એવી હરખઘેલી ભાષા મારી ગુજરાતી
દેશ - વિદેશમાં જેના ડંકા વાગે,
ભવ્ય ભાતી છે એની સંસ્કૃતિ,
એવી હરખઘેલી ભાષા મારી ગુજરાતી
ભાષા નહિં પરંતુ માતા છે આપણી,
એના જતનની જવાબદારી છે આપણી,
એવી હરખઘેલી ભાષા મારી ગુજરાતી
અનમોલ છે વૈભવ એનો, એની તોલે આવે ન કોઈ,
એવી માતૃભાષાને કરીએ સૌ મળીને વંદન,
એવી હરખઘેલી ભાષા મારી ગુજરાતી..
એકવીસમી ફેબ્રુઆરીએ છે ખાસ દિન,
હરખઘેલી ગુજરાતી ભાષાનો ગર્વ દિન,
એવી હરખઘેલી ભાષા મારી ગુજરાતી..
વાત 'નિશુ'ની જેને સમજાતી નથી,
નક્કી એને ગુજરાતી પ્રત્યે લાગણી નથી,
એવી સમજણભરેલી હરખઘેલી ભાષા મારી ગુજરાતી

નિશા ભરતભાઈ ઠાકર (નિશુ)
ભુજ - કચ્છ - ગુજરાત .

# DGVCL ના વાયર ચોરનાર જોગી શખ્સ ઝડપાયોઃ પાલેજ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલ્યો ચોરીનો ભેદ

પાલેજ: ભરૂચ જિલ્લાના પાલેજ પોલીસ મથકના સ્ટાફે વરેડિયા ગામની સીમમાં થયેલી વીજ વાયરની ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી નાંખ્યો છે. ડી.જી.વી.સી.એલ (DGVCL) ના વાયરોની ચોરી કરી નાસી છૂટેલા તસ્કરને પોલીસે ચોરીના મુદ્દામાલ અને ગુનામાં વપરાયેલા છકડા ટેમ્પો સાથે દબોચી લીધો છે.

ઘટનાની વિગત મુજબ, તાજેતરમાં વરેડિયા ગામની સીમમાં હોટલ બલદેવ પાસે બંધ ઈલેક્ટ્રિક લાઈન પરથી ૩૬૦ મીટર એલ્યુમિનિયમ વાયર (કિંમત રૂ. ૧૪,૦૪૦) ની ચોરી થઈ હતી. પાલેજ પોલીસે ગુનાની ગંભીરતા સમજી ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તપાસ તેજ કરી હતી. પોલીસને બાતમી મળી હતી.

ચેલેન્જર ટૂર

અમદાવાદમાં એચસીએલ સ્ક્વોશ પીએસએ ચેલેન્જર ઇન્ડિયન ટૂર

# ઈજિપ્તના ખેલાડીઓ ફરીદા વાલિદ અને સેફ રિફાઈ એ ટાઈટલ જીત્યા, 9 દેશોના 48 ખેલાડીઓએ ભાગ લીધો

**અમદાવાદ ખાતે આયોજિત ' એચસીએલ સ્ક્વોશ પીએસએ ચેલેન્જર ટૂર'નો આજે બેલવેડિયર ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબમાં સમાપન થયું**

• અમદાવાદ

પાંચ દિવસીય ટોપ ટીયર ઈન્ટરનેશનલ કોમ્પિટિશન બાદ, અમદાવાદ ખાતે આયોજિત ' એચસીએલ સ્ક્વોશ પીએસએ ચેલેન્જર ટૂર'નો આજે બેલવેડિયર ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબમાં સમાપન થયું. 27 એચસીએલ થી 31 જાન્યુઆરી દરમિયાન યોજાયેલી આ ટુર્નામેન્ટમાં 9 દેશોના 48 શ્રેષ્ઠ સ્ક્વોશ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં રમતવીરોએ પીએસએ વર્લ્ડ રેન્કિંગ પોઈન્ટ્સ મેળવવા માટે અત્યંત રોમાંચક અને તીવ્ર સ્પર્ધા કરી હતી.

ચેન્નાઈ, જયપુર, મુંબઈ અને બેંગલુરુના સફળ તબક્કાઓ બાદ, આ ઈવેન્ટ દ્વારા ' એચસીએલ સ્ક્વોશ ઈન્ડિયન ટૂર' સર્કિટમાં અમદાવાદનું પ્રથમ વખત આગમન થયું છે, જેણે પ્રોફેશનલ સ્પોર્ટ્સ માટેના ડેસ્ટિનેશન તરીકે શહેરની વધતી જતી પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવી છે. ઈજિપ્ત, મલેશિયા, હોંગકોંગ, શ્રીલંકા, બ્રુનેઈ, માલ્ટા, ઈરાન અને ભારતના ખેલાડીઓએ પુરૂષ અને મહિલા બંને વર્ગમાં અનોખી ખેલદિલી, વ્યૂહાત્મક કૌશલ્ય અને કોમ્પિટિટિવ સ્પિરિટ પ્રદર્શિત કર્યું.

એચસીએલ ગ્રુપના બ્રાન્ડ એન્ડ સ્ટ્રેટેજીના એવીપી અને હેડ, રજત ચાંદોલિયાએ જણાવ્યું હતું કે, "એચસીએલ સ્ક્વોશ ઈન્ડિયન ટૂરમાં અમદાવાદનો તબક્કો એક શક્તિશાળી ઉમેરો રહ્યો છે. શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ હું તમામ વિજેતાઓને અભિનંદન પાઠવું છું. સ્પર્ધાની ગુણવત્તા અને ખેલાડીઓ તરફથી મળેલો પ્રતિસાદ એ વાતની પુષ્ટિ કરે છે કે આ ટૂરનો નવા શહેરોમાં વિસ્તાર કરવો શા માટે મહત્વપૂર્ણ છે. એચસીએલમાં, અમારું ધ્યાન સતત ઉચ્ચ પ્રદર્શનની તકો પૂરી પાડવા પર છે, જે ભારતીય ખેલાડીઓને વૈશ્વિક મંચ પર સફળતા મેળવવા અને 2028 ઓલિમ્પિક સુધીના માર્ગ માટે તૈયાર કરે."ઓલ ગુજરાત રેકેટ એસોસિએશનના જનરલ સેક્રેટરી, ભાનુ પ્રતાપ સિંહએ ઉમેર્યું હતું કે, "અમદાવાદમાં પીએસએ ઈવેન્ટનું આયોજન એ ભારતના સ્થાનિક સ્ક્વોશ ઈકોસિસ્ટમના સતત થઈ રહેલા વિકાસને પ્રતિબિંબિત કરે છે. એચસીએલ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) અને મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ & સ્પોર્ટ્સના સતત સહયોગથી, આ ટૂર ભારતીય રમતવીરોને લાંબા ગાળાની સફળતા માટે જરૂરી કોમ્પિટિટિવ ડેપ્થ અને ઈન્ટરનેશનલ એક્સપોઝર પૂરું પાડી રહી છે."મહિલા સિંગલ્સની ફાઈનલમાં, ઈજિપ્તની ફરીદા વાલિદે ભારતની તન્વી ખન્નાને 9-11, 13-15, 11-8, 12-10, 11-5 ના સ્કોરથી હરાવી ટાઈટલ જીત્યું હતું. બીજી તરફ, પુરુષોની ફાઈનલમાં ઈજિપ્તના સેફ રિફાઈએ પોતાના જ દેશના હાઝેમ હોસમને 11-4, 11-7, 11-4 ના સ્કોરથી પરાજય આપ્યો હતો. નોંધનીય છે કે, સેફ રિફાઈ તાજેતરમાં યોજાયેલી બ્રિટિશ ઓપન (U-19) નો પણ વિજેતા રહ્યો હતો. ભારતીય ખેલાડીઓએ ઘરઆંગણે પોતાનો મજબૂત પ્રભાવ પાડવાનું ચાલુ રાખ્યું હતું, અને આ ટુર્નામેન્ટનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય પ્રતિસ્પર્ધીઓ સામે પોતાની ક્ષમતા ચકાસવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે કર્યો હતો. લોસ એન્જેલસ 2028 માં સ્ક્વોશ રમત ઓલિમ્પિક ડેબ્યૂ કરવા જઈ રહી છે, ત્યારે ભારતની તૈયારીઓમાં અમદાવાદના આ તબક્કાએ મુખ્ય ભૂમિકા ભજવી છે. આ સ્પર્ધાએ ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરનું એક્સપોઝર અને રેન્કિંગ સુધારવાની અમૂલ્ય તકો પૂરી પાડી છે.

પીએસએ-રજિસ્ટર્ડ આ ટુર્નામેન્ટમાં પુરુષો અને મહિલાઓ બંને શ્રેણીમાં USD 6,000 નું સમાન ઈનામ રાખવામાં આવ્યું હતું. આ બાબત જેન્ડર પેરિટી અને વ્યાવસાયિક શ્રેષ્ઠતા પ્રત્યે એચસીએલની સતત પ્રતિબદ્ધતાને દર્શાવે છે. 2016 થી, એચસીએલ અને એસઆરએફઆઈ વચ્ચેની ભાગીદારીએ 40 થી વધુ પ્રોફેશનલ ટુર્નામેન્ટ્સનું આયોજન કર્યું છે, જેનાથી 1,000 થી વધુ ભારતીય ખેલાડીઓને લાભ થયો છે અને વૈશ્વિક સ્ક્વોશ સર્કિટ પર ભારતની હાજરી મજબૂત બની છે.

ઓટિઝમ અને ન્યુરોડાયવર્સિટી જાગૃતિ માટે વૉકથોનનું આયોજન સમાવેશ

# સ્વીકાર અને સમાન અવસર જેવા બેનરો સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયા


WICCI

**ન્યુરોડાયવર્સિટી અંગે જાગૃતિ વધારવાના ઉદ્દેશ સાથે એક વૉકથોનનું આયોજન કરવામાં આવ્યું હતું**

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં ઓટિઝમ અને ન્યુરોડાયવર્સિટી અંગે જાગૃતિ વધારવાના ઉદ્દેશ સાથે એક વૉકથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. વુમન્સ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (WICCIના ગુજરાત ઈન્ક્લૂસિવ એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ કાઉન્સિલ અને સારાંશ ફાઉન્ડેશનના સંયુક્ત સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમને સમાજના વિવિધ વર્ગો તરફથી પણ સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

આ વૉકથોનની શરૂઆત GMDC ગ્રાઉન્ડથી કરવામાં આવી હતી, જે BPA તથા આસપાસના વિસ્તારોમાંથી પસાર થઈ હતી.




વહેલી સવારથી જ ભાગ લેનારાઓ એકત્રિત થવા લાગ્યા હતા. વિદ્યાર્થીઓ, શિક્ષકો, માતા-પિતા, સામાજિક કાર્યકરો, સ્વયંસેવકો તેમજ વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો અને તેમના પરિવારજનો મોટી સંખ્યામાં આ વૉકથોનમાં જોડાયા હતા. સૌએ હાથમાં પોસ્ટર્સ, બેનર્સ અને પ્લેકાર્ડ્સ સાથે "સમાવેશ", "સ્વીકાર" અને "સમાન અવસર" જેવા સંદેશો સાથે પગપાળા ચાલીને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

WICCI ગુજરાત ઈન્ક્લૂસિવ એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ કાઉન્સિલના સ્ટેટ પ્રમુખ તથા સારાંશ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ મનોબિના ચક્રવર્તીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ઓટિઝમ અને અન્ય ન્યુરોડાયવર્સ પરિસ્થિતિઓ અંગે સમાજમાં આજે પણ અનેક ભ્રમો અને ગેરસમજો પથઈ રહી છે. આવા ભ્રમોને દૂર કરવું, લોકોમાં સાચી સમજ વિકસાવવી અને ન્યુરોડાયવર્સ વ્યક્તિઓ પ્રત્યે સંવેદનશીલતા વધારવી એ આ પહેલનો મુખ્ય હેતુ છે. દરેક વ્યક્તિ અલગ છે અને આ અલગતાને સ્વીકારીને જ આપણે સાચા અર્થમાં સમાવેશક સમાજનું નિર્માણ કરી શકીએ છીએ.


વૉકથોન દરમિયાન ભાગ લેનારાઓમાં ખાસ કરીને યુવાનો અને બાળકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. ઘણા લોકોએ પોતાના અંગત અનુભવ શેર કરી સમાજમાં જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમ માત્ર એક વૉકથોન પૂરતો સીમિત ન રહી, પરંતુ તે એક સંદેશ બનીને સામે આવ્યો કે ન્યુરોડાયવર્સિટી કોઈ કમજોરી નહીં, પરંતુ માનવ વૈવિધ્યતાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ કાર્યક્રમ દ્વારા સૌ માટે સમાન અવસરનો સંદેશ સમાજ સુધી પહોંચાડવામાં આવ્યો હતો. આયોજકોનું માનવું છે કે, આવા કાર્યક્રમો દ્વારા લોકોની માનસિકતા બદલાશે અને ભવિષ્યમાં ન્યુરોડાયવર્સ વ્યક્તિઓ માટે શિક્ષણ, રોજગાર અને સામાજિક જીવનમાં વધુ સમાન અને સન્માનજનક તકો ઉપલબ્ધ થશે.

# ક્રૂડ તેલના વાયદામાં રૂ.86ની તેજી: સોનાના વાયદામાં રૂ.578 અને ચાંદીના વાયદામાં રૂ.1532નો સુધારો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.27315.12 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.108621.74 કરોડનું ટર્નઓવર**

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.135939.51 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.27315.12 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.108621.74 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો 38390 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2026.22 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 20201.08 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.155132ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.157185 અને નીચામાં રૂ.155116ના સ્તરને સ્પર્શી, રૂ.155761ના આગલા બંધ સામે રૂ.578 વધી રૂ.156339ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો 8 ગ્રામદીઠ રૂ.213 ઘટી રૂ.127101 થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો 1 ગ્રામદીઠ રૂ.21 વધી રૂ.15918ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.539 વધી રૂ.154134 થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.154038ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.156730 અને નીચામાં રૂ.154038ના મથાળે અથડાઈ, રૂ.155424ના આગલા બંધ સામે રૂ.399 વધી રૂ.155823ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.242439ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.248596 અને નીચામાં રૂ.242439ના મથાળે અથડાઈ, રૂ.244268ના આગલા બંધ સામે રૂ.1532 વધી રૂ.245800ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.1904 વધી રૂ.249457ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.1866 વધી રૂ.249365ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 4300.07 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.12.85 ઘટી રૂ.1168.5ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.




# આહવા સજ્જડ બંધ, ડાંગમાં દુષ્કર્મ મામલે રોષનો વંટોળ



• આહવા/ડાંગ

ડાંગ સ્વરાજ આશ્રમ શાળામાં કન્યાઓ સાથે થયેલા ઘૃણાસ્પદ દુષ્કર્મની ઘટનાને પગલે સમગ્ર જિલ્લામાં ભારે જનઆક્રોશ જોવા મળી રહ્યો છે. આ નરાધમોને કડકમાં કડક સજા થાય તેવી માંગ સાથે આજે આહવા વેપારી એસોસિયેશન દ્વારા અપાયેલા બંધના એલાનને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો આહવાના તમામ નાના-મોટા વેપારીઓએ સ્વયંભૂ પોતાના ધંધા-રોજગાર બંધ રાખી પીડિતા ને ન્યાય અપાવવા સમર્થન જાહેર કર્યું હતું. વિરોધ પ્રદર્શનઃ અગાઉ બાઈક રેલી અને આવેદનપત્ર બાદ, ગતરોજ ABVP દ્વારા ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. વિવિધ સંગઠનો દ્વારા સતત આક્રોશ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ઘટનાની ગંભીરતા જોતા ડાંગ વહીવટી તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું છે. ડાંગ સ્વરાજ સંચાલિત કન્યા છાત્રાલયની માન્યતા રદ કરી દેવામાં આવી છે અને ત્યાં રહેતી અન્ય બાળાઓને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી પૂર્ણ કરાઈ છે. આ ઘટનાએ સમગ્ર આદિવાસી પંથકને હચમચાવી દીધો છે. સામાજિક સંગઠનો અને સ્થાનિક અગ્રણીઓનું કહેવું છે કે, જ્યાં સુધી નરાધમોને ફાંસી જેવી કડક સજા નહીં થાય ત્યાં સુધી આ આંદોલન ચાલુ રહેશે. વહીવટી તંત્ર દ્વારા આ મામલે તપાસ તેજ કરી દેવામાં આવી છે, પરંતુ જનતામાં હજુ પણ ભારે રોષ વ્યાપેલો છે.

# ઉનાના કાણકબરડા ગામે પાણી પુરવઠાના કૂવા પરથી મોટર સર્વિસની ચોરી



• કૈલેશ ભટ્ટ ઉના

ઊનાના કાણકબરડા ગામે ઉમેજ રોડ પર આવેલો પાણી પુરવઠાના કુવા પરથી રાત્રિના સમયે અજાણ્યા ઈસમો દ્વારા ત્યાં રહેલી ઓરડી ની બહાર થી કુવા સુધી સર્વિસ નો વચ્ચેથી ટુકડો કરી અને અંદાજે 50 થી 60 ફૂટ ચોરી કરી અને નાસી છૂટ્યા હતા. જોકે સવારે પાણી છોડવા માટે લાઈનમેન મોટર ચાલુ કરવા જતા મોટર લોડ ન લેતા તેઓએ તપાસ કરતા ત્યાં સર્વિસ કાપીને ચોરી થયેલી હતીબાદમાં તેને ગ્રામ પંચાયતના સરપંચ ને જાણ કરતા સરપંચ અને ઉપસરપંચ ગ્રામજનો તાત્કાલિક ઘટના સ્થળે જઈ અને નિરીક્ષણ કર્યું હતું . બાદમાં સરપંચ દ્વારા તાત્કાલિક ધોરણે નવી સર્વિસ મંગાવીને ગામમાં પાણી વિતરણ વ્યવસ્થા શરૂ કરી દેવામાં આવી હતી.

**અસમાનતા દેશની સૌથી મોટી સમસ્યા બની છે**

# કેન્દ્રીય બજેટ કિસાન, જવાન, યુવાનનો સાથે ગરીબ, સામાન્ય, મધ્યમ વર્ગ અને નાના મધ્યમ ઉદ્યોગો, સ્વરોજગારી માટે છેતરપીંડી સમાન

મંદી, મોંઘવારી અને મહામારીમાં સપડાયેલા દેશના સામાન્ય કરોડો નાગરિકોને નવી તકો, નવી રાહતો આપવાનું તો દુર પણ તેઓની રોજગારી પુનઃ સ્થાપિત થાય તે માટે પણ કોઈ નક્કર નીતિ બજેટમાં જોવા મળતી નથીકેન્દ્રીય બજેટ અંગે પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડિયા કન્વીનર અને પ્રવકતા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું કે, છેલ્લા 11 વર્ષથી સત્તામાં બેઠેલી ભાજપ સરકાર દ્વારા રજૂ કરાયેલું કેન્દ્રીય બજેટ દેશના 140 કરોડ નાગરિકો માટે નિરાશાજનક છે. નાણામંત્રીના લગભગ 90 મિનિટના બજેટ ભાષણમાં એકપણ યોજનામાં કેટલા નાણા ફાળવાયા, કઈ યોજનામાં વધારો થયો કે ઘટાડો થયો તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. મોટી મોટી જાહેરાતો સાથે શરુ થયેલ સ્કીલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા જેવી મોટી યોજનાઓની સ્થિતિનો ઉલ્લેખ પણ બજેટમાં જોવા મળ્યો નથી.અસમાનતા દેશની સૌથી મોટી સમસ્યા બની છે, ત્યારે આ બજેટ અમીર વધુ અમીર અને ગરીબ વધુ ગરીબ બની રહે તે પ્રકારે અસમાનતાઓમાં ઉમરો કરનારું છે. મધ્યમ વર્ગને ઈન્કમટેક્સમાં રાહતની આશા હતી, પરંતુ તે પણ નિષ્ફળ રહી છે. ગેસ, ડીઝલ અને પેટ્રોલ જેવી આવશ્યક ચીજવસ્તુઓમાં કોઈ રાહત ન મળતા લોકો પર મોંઘવારીનો બોજ યથાવત રહ્યો છે. શિક્ષણ, આરોગ્ય અને સંરક્ષણ ક્ષેત્રના ખર્ચમાં પણ સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. કિસાન, જવાન અને યુવાનો ત્રણે વર્ગો બજેટથી નિરાશ થયા છે. સરકાર ગેમ ચેન્જર નહીં પરંતુ નેમ ચેન્જર બની ગઈ છે. આરોગ્ય, શિક્ષણ, સામાજિક કલ્યાણ, ખેતી, ગ્રામિણ તથા શહેરી વિકાસ જેવા ક્ષેત્રોમાં હજારો કરોડો રૂપિયા ઘટાડવામાં આવ્યા છે. જળ જીવન મિશન હેઠળ રૂ. 50,000 કરોડની ઘટાડો એ સમયે કરવામાં આવી છે જ્યારે દેશના અનેક વિસ્તારોમાં દૂષિત પીવાના પાણીથી લોકોનાં મૃત્યુ થઈ રહ્યા છે. વિશેષ રીતે SC, ST અને OBC વર્ગો માટેની યોજનાઓમાં કરાયેલો ઘટાડો સામાજિક ન્યાય પર સીધો પ્રહાર છે. પોસ્ટ-મેટ્રિક સ્કોલરશીપ, આદિવાસી વિકાસ કાર્યક્રમો અને યુવાન વિદ્યાર્થીઓ માટેની સ્કોલરશીપમાં મોટો ઘટાડો કરી સરકાર પોતાની સાચી માનસિકતા જાહેર કરી રહી છે.બેલગામ મોંઘવારી ઘટાડવા કોઈ જાહેરાત નહિ. ગરીબી / ભૂખમરામાં વધારો, તેની સામેની લડત માટે કોઈ નિતિ નહી. સતત અર્થવ્યવસ્થા પડી ભાંગી રહી છે, રૂપિયાનું સતત અવમૂલ્યન થઈ રહ્યું છે. મંદી - મોંઘવારી - મહામારી સામે સરકારની કોઈ નક્કર જાહેરાતનો બજેટમાં અભાવ જોવા મળે છે. ખેડૂત, ખેતી અને ગ્રામ્ય વિરોધી ભાજપા સરકારની નિતિ સમગ્ર બજેટમાં ફરી એક વખત સ્પષ્ટ જોવા મળી રહી છે.

### LCBએ બે આરોપીઓને ઝડપી પાડ્યા, ત્રીજો ફરાર

# વલસાડ અતુલ કોલોનીમાં લૂંટ :સિક્યુરિટી ઓફિસર પર હુમલો કરાયો

**સિક્યુરિટી ટીમને જાળી કાપવાનો અવાજ સંભળાતા અમિતકુમાર અને અન્ય ગાર્ડ્સે લૂંટારુઓનો પીછો કર્યો. નદી કિનારે ઝાડીઓ પાસે એક લૂંટારુને પકડવાના પ્રયાસ દરમિયાન બીજા લૂંટારુએ પાછળથી આવી લાકડાના દંડાથી અમિતકુમારના માથા પર ફટકો માર્યો**

• વલસાડ

વલસાડના અતુલ લિમિટેડ કંપનીની રિવર સાઈડ-1 કોલોનીમાં 30 જાન્યુઆરીની મધ્યરાત્રિએ લૂંટનો બનાવ બન્યો હતો. બંધ મકાનને નિશાન બનાવી લૂંટ ચલાવી ભાગી રહેલા ત્રણ લૂંટારુઓને પકડવા જતા કંપનીના સિક્યુરિટી વિભાગના સિનિયર એક્ઝિક્યુટિવ અમિતકુમાર પાંડે પર લાકડાના ફટકા વડે ગંભીર હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં તેમને માથામાં ગંભીર ઈજા અને હાથમાં ફ્રેક્ચર થયું હતું. વલસાડ LCB પોલીસે ઝડપી કાર્યવાહી કરી બે આરોપીઓની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, 30 જાન્યુઆરીની રાત્રે અમિતકુમાર પાંડે પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન રિવર સાઈડ-1 કોલોનીમાં રહેતા નિવૃત્ત કર્મચારી ત્રિલોક કુમાર કસવાલાના બંધ મકાનનું તાળું તોડી ત્રણ અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશ કર્યો હતો. લૂંટારુઓએ ઘરમાંથી 15,000 રોકડા અને આશરે 7 ગ્રામ વજનનું 33,500 કિંમતનું સોનાનું મંગળસૂત્ર મળી કુલ 39,000ની લૂંટ ચલાવી હતી.

સિક્યુરિટી ટીમને જાળી કાપવાનો અવાજ સંભળાતા અમિતકુમાર અને અન્ય ગાર્ડ્સે લૂંટારુઓનો પીછો કર્યો. નદી કિનારે ઝાડીઓ પાસે એક લૂંટારુને પકડવાના પ્રયાસ દરમિયાન બીજા લૂંટારુએ પાછળથી આવી લાકડાના દંડાથી અમિતકુમારના માથા પર ફટકો માર્યો. આ હુમલામાં તેમને માથામાં ગંભીર ઈજા અને ડાબા હાથની હથેળીમાં ફ્રેક્ચર થયું. અન્ય ગાર્ડ્સને પણ ઈજાઓ પહોંચાડી આરોપીઓ અંધારાનો લાભ લઈ ફેન્સિંગ કૂદી ફરાર થઈ ગયા હતા.

આ બનાવ અંગે વલસાડ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધ્યો હતો. ત્યારબાદ LCB ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી તપાસ હાથ ધરી બે આરોપીઓને ઝડપી પાડ્યા. ધરપકડ થયેલા આરોપીઓમાં કૃષ્ણદેવ ઉર્ફે કિશન પ્રકાશ મૌર્ય (રહે. થાણે, મૂળ ઉત્તર પ્રદેશ) અને કમલેશ ઉર્ફે કમલા ફોજદાર ચૌહાણ (રહે. મુંબઈ, મૂળ ઉત્તર પ્રદેશ)નો સમાવેશ થાય છે. બંને આરોપીઓને મેડિકલ તપાસ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસ લૂંટાયેલો મુદ્દામાલ રિકવર કરવા તેમજ ત્રીજા ફરાર આરોપીની શોધખોળ માટે આગળની તપાસ ચલાવી રહી છે.



## • સંક્ષીપ્ત સમાચાર

### વિવાદ:ભવનાથમાં અન્નક્ષેત્રની જગ્યા માટે સાધુઓ વચ્ચે મારામારી

ભવનાથમાં સોમવારે અન્નક્ષેત્રની જગ્યા માટે સાધુઓ વચ્ચે મારામારી થતાં સામસામી ફરિયાદ થઈ હતી. પોલીસે 5 સામે કાર્યવાહી કરી તપાસ શરૂ કરી હતી. ભવનાથમાં બાલક સાહેબની જગ્યા ભારતી આશ્રામની બાજુમાં રહેતા 60 વર્ષીય ગુલાબદાસ વાલદાસ પઢીયાર નામના મેઘવાળ સાધુ સોમવારે પરિવાર સાથે ઘરે હતા. ત્યારે ઘરની બહાર આવેલ ખુલ્લી જગ્યામાં સેવક વિનોદભાઈને અન્નક્ષેત્ર તથા સંતવાણીનો કાર્યક્રમ કરવાનો હોવાથી જગ્યાની સફાઈ કરવા ગયા હતા. તે દરમિયાન 2અજાણ્યા સાધુએ આવી રસ્તો તેમજ જગ્યા બંધ કરી ધુણો શરૂ કરવાનું કરી દીધું હતું જેથી તેઓને ગુલાબદાસે રસ્તો બંધ કરવાની અને પોતાની માલિકીની જગ્યામા આવવાની ના પાડતા બંને સાધુએ ઉશ્કેરાઈ જઈ તેને તથા તેના ભાઈ ભગવાનદાસને ઘરે આવી હાથ મરડી જાપટ મારી હતી. જેથી વૃધ્ધ પોલીસ સ્ટેશન પર ફરીયાદ કરવા જતા હતા ત્યારે રસ્તામાં પણ રોકી માર માર્યો હતો. છેલ્લા 36 વર્ષથી અન્નક્ષેત્ર ચલાવતા હોય અને તે જગ્યાની બાજુમાં આવેલ આશ્રામવાળા ભાડેથી આ જગ્યા કોઈ બીજાને આપતા હોય જેથી રાજરાજેશ્વરીગીરીએ જગ્યા ભાડે આપવાની ના પાડતા 3 અજાણ્યા શખ્સે ઉશ્કેરાઈ જઈને પછડી દીધા હતા અને અને પથ્થર મારી ઈજા પહોંચાડી હતી.

## રાજકોટ મનપાનું લીવેબલ થીમ સાથેનું 3595.70 કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ

# ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન રહેણાંક મિલ્કત પર 365ના બદલે રૂ.800 અને પાણીવેરો 1500ના બદલે 2400 લેવા સૂચન કરાયું

**રાજકોટ મનપાના કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, આજે 3595.70 કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું છે**

• રાજકોટ

રાજકોટ મનપા કમિશનર તુષાર સુમેર દ્વારા નાણાકીય વર્ષ 2026-27નું લીવેબલ થીમ સાથેનું 3595.70 કરોડનું ડ્રાફ્ટ બજેટ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે જેમાં મિલ્કત વેરા અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનમાં વધારો સૂચન કરાયો છે. રહેણાંક મિલકતોમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનમાં 365ના બદલે 800 રૂપિયા કરવા સૂચન કરાયું છે જયારે બિન રહેણાંક મિલકતોમાં 1460ના બદલે 3200 રૂપિયા કરવા સૂચન કર્યું છે એટલે કે ગાર્બેજ કલેક્શન મારફત મનપાને 46 કરોડની આવક થવાની ધારણા છે જયારે પાણી વેરામાં રહેણાંક મિલકતો માટે 1500ના બદલે 2400 રૂપિયા અને બિન રહેણાંક મિલ્કતો માટે 3000ના બદલે 4800 રૂપિયા કરવા સૂચન કર્યું છે. રાજકોટ મનપાના કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, આજે 3595.70 કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. વર્ષ 2025-26માં કુલ 4.07 લાખ કરદાતાઓએ 347 કરોડની ભરપાઈ કરી છે જેનો લક્ષ્યાંક 455 કરોડ રાખવામાં આવ્યો છે જયારે હવે આગામી વર્ષે 2026-27માં વેરાની આવક લક્ષ્યાંક 596 કરોડ રાખવામાં આવ્યો છે. વર્ષ 2018માં સૂચવેલ મકાન વેરો યથાવત રાખી રહેણાંક મિલ્કતમાં પ્રતિ ચોરસ મીટર 11 રૂપિયા અને બિન રહેણાંકમાં 25 રૂપિયા યથાવત રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત વાહન વેરામાં પણ કોઈ વધારો કરવામાં આવ્યો નથી અને 99,999 કિંમતના વાહનોમાં 1.5%, 1 લાખથી 7.99 લાખ કિંમતના વાહનો પર 2.5% અને 8 લાખથી વધુ કિંમતના વાહનો પર 3% વાહન વેરો વસુલવામાં આવશે. વધુમાં જણાવ્યું હતું કે, આ વર્ષે પાણીવેરો અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનમાં વધારો કરવા સૂચન કરાયું છે જેમાં હાલ રહેણાંક મિલ્કત પર પાણી વેરામાં અડધો ઈંચના કનેક્શન પર રૂ.1500 વસૂલવામાં આવે છે જેમાં વધારો કરી રૂ.2400 અને બિન રહેણાંક પર 3000 વસુલવામાં આવે છે જેમાં વધારો કરી રૂ.4800 વસુલ કરવા સૂચન કરાયું છે. આ જ રીતે ગાર્બેજ કલેક્શનમાં અત્યારે રહેણાંક મિલ્કત પર રૂ.365 વસુલ કરવામાં આવે છે જેમાં વધારો કરી રૂ.800 અને બિન રહેણાંક મિલ્કત પર રૂ.1460 લેવામાં આવે છે જેમાં વધારો કરી રૂ.3200 વસુલ કરવા સૂચન કરાયું છે.



### પ્રેમ સંબંધના મનદુઃખથી યુવકની હત્યા, વચ્ચે પડેલા મિત્રને પણ ઈજા

• જૂનાગઢ

વંથલી રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલી ભલાયશા પીરની દરગાહ પાસે સોમવારની રાત્રે એક યુવકની 4 શખ્સે હત્યા કરતા સનસની મચી ગઈ હતી. વંથલીમાં વાલી ઝાંપા પાસે રહેતા 66 વર્ષીય મુસાભાઈ અબદલભાઈ સોઢાની ફરિયાદ અનુસાર તેના પુત્ર તાજીમ ઉ.વ. 34 અને રફીકશા કાસમશા સર્વદીની દીકરી વચ્ચે પ્રેમ સંબંધ હોવાથી છેલ્લા પાંચ-છ મહિનાથી વિવાદ ચાલતો હતો. સોમવારની રાત્રે જ્યારે તાજીમ તેના મિત્ર સકીલ રજાકભાઈ જેઠવા વગેરે સાથે ભલાયશા પીરની દરગાહ પાસે હતો, ત્યારે રફીકશા કાસમશા સર્વદી, તેનો પુત્ર અરબાજશા, ભત્રીજો અકરમશા હનીફશા અને ઈરફાનશા અમીનશા સર્વદીએ લોખંડના સળિયા, છરી અને લાકડાના ધોકા વડે હુમલો કરી તાજીમના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેના કારણે તેનું કરૂણ મોત નીપજ્યું હતું. વચ્ચે છોડાવવા પડેલા તાજીમના મિત્ર શકીલને પણ હુમલામાં ઈજાઓ થતા તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. પોલીસે મૃતકના પિતા મુસાભાઈની ફરિયાદ લઈ જુદી જુદી કલમ મુજબ હત્યા સહિતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.\ વંથલીના તાજીમ મુસાભાઈ સર્વદીની હત્યાના મામલે પીઆઈ આર. બી. ગઢવી, પીએસઆઈ જે.આર. વાજાની ટીમે તાત્કાલિક તપાસ હાથ ધરી ગણતરીની કલાકોમાં આરોપી રફીકશા કાસમશા સર્વદી, તેનો પુત્ર અરબાજશા, ભત્રીજો અકરમશા હનીફશાની અગતરાય ગામે મરઘા ઉછેર કેન્દ્ર પાસેથી ધરપકડ કરી ચોથો ફરાર આરોપી ઈરફાનશા અમીનશા બાનવાને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.



### વર્ગ-3ની 5370 જગ્યા પર ભરતીની જાહેરાત

## સમાજ કલ્યાણ નિરીક્ષક, વિવિધ વિભાગોમાં જુનિયર, સિનિયર કલાર્ક સહિતની જગ્યા ભરાશે

• ગાંધીનગર

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) દ્વારા રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં Class-3 (Group-A અને Group-B) માટે સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાની જાહેરાત કરવામાં આવી છે. આ ભરતી પ્રક્રિયા અંતર્ગત કુલ 5,370થી વધુ જગ્યાઓ ભરવામાં આવશે. 5 ફેબ્રુઆરીથી ઓનલાઈન અરજી કરી શકાશે.

Group-A હેઠળ કુલ 2,365 જગ્યાઓ ઉપલબ્ધ છે. જેમાં સિનિયર ક્લાર્ક, હેડ ક્લાર્ક, ઓફિસ સુપ્રીન્ટેન્ડન્ટ સહિતના પદોનો સમાવેશ થાય છે. જ્યારે Group-B માટે 3,005 જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે, જેમાં જુનિયર ક્લાર્કના પદોનો સમાવેશ થાય છે.



આ ભરતી માટે ઉમેદવારોને OJAS પોર્ટલ (https://ojas.gujarat.gov.in) મારફતે ઓનલાઈન અરજી કરવાની રહેશે. જાહેરાત મુજબ અરજી પ્રક્રિયા તા. 5 ફેબ્રુઆરી 2026થી શરૂ થશે અને તા. 20 ફેબ્રુઆરી 2026 સુધી અરજી કરી શકાશે. પરીક્ષાની સમગ્ર પ્રક્રિયા સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા આધારે લેવામાં આવશે. ભરતીને લઈને શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, પરીક્ષા પદ્ધતિ તથા અન્ય વિગતવાર માહિતી માટે ઉમેદવારોને GSSSBની અધિકૃત વેબસાઈટ (https://gsssb.gujarat.gov.in) પર જાહેરાત વાંચવાની સૂચના આપવામાં આવી છે. ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં થતી ભરતીપ્રક્રિયાને ઝડપી બનાવવા અને એક વર્ષની મર્યાદામાં જ પૂર્ણ કરવા ગુજરાત વહીવટી સુધારણા પંચે (GARC) તેના છઠ્ઠા અહેવાલમાં ભલામણ કરી છે. પંચ દ્વારા ભરતીપ્રક્રિયાને સરળ, ઝડપી અને પારદર્શક બનાવવા માટે અલગ અલગ નવ ભલામણ કરવામાં આવી છે. પંચ દ્વારા આજે મુખ્યમંત્રીને આ અહેવાલ સુપરત કરવામાં આવ્યો હતો.

## ચેક રિટર્ન કેસમાં પાલનપુરના ટ્રસ્ટ વહીવટકર્તાને કેદ

• પાટણ

પાટણની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે રૂ. 4,21,000ના ચેક રિટર્ન કેસમાં મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે પાલનપુરના એક ટ્રસ્ટના વહીવટકર્તા પંકજને એક વર્ષની સાદી કેદની સજા અને 30 દિવસમાં ચેકની પૂરેપૂરી રકમ વળતર પેટે ચૂકવવાનો આદેશ કર્યો છે. ફરિયાદી જીગર દરજીએ પાટણમાં શિવણ અને બ્યુટી પાર્લરના ક્લાસિસમાં 210 વિદ્યાર્થીઓને 120 દિવસની તાલીમ આપી હતી. આ ક્લાસ પાલનપુરના એક ફાઉન્ડેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ હેઠળ ચાલતા હતા. બંને પક્ષો વચ્ચે થયેલા કરાર (MoU) મુજબ, કુલ રૂ. 14,40,000 ચૂકવવાના થતા હતા, જેમાંથી પાસ થયેલા વિદ્યાર્થીઓના મહેનતાણા પેટે રૂ. 13,68,000ની રકમ વસૂલવાની હતી. આરોપી પંકજે અગાઉ વિદ્યાર્થી દીઠ રૂ. 3,000 લેખે કુલ રૂ. 4,50,000 મેળવ્યા હતા, જેમાંથી જીગર દરજીને માત્ર રૂ. 2,51,700 ચૂકવ્યા હતા. બાકીની રકમ પૈકી રૂ. 4,21,000નો ચેક આપ્યો હતો અને અન્ય રૂ. 6,95,300 ભવિષ્યમાં ચૂકવવાની ખાતરી આપી હતી. જીગર દરજીએ આ ચેક પોતાની પેઢીના એયુ સ્મોલ બેંકના ખાતામાં જમા કરાવ્યો હતો. જોકે, 9 જુલાઈ, 2019 અને ત્યારબાદ 3 ઓગસ્ટ, 2019ના રોજ આરોપીના ખાતામાં અપૂરતા ભંડોળના કારણે ચેક રિટર્ન થયો હતો.

### યુવકને મોત આપ્યા બાદ પણ છરી-લાતો મારતો રહ્યો, CCTV

## રાજકોટમાં સ્પીડવેલ પાર્ટી પ્લોટમાં ધોળા દિવસે છરીના 7 ઘા ઝીંકી ખૂની ખેલ, હત્યારો બાઈક પર ફરાર

• રાજકોટ

રાજકોટના સ્પીડવેલ પાર્ટી પ્લોટ વિસ્તારમાં આજે એક લોહિયાળ હત્યાની ઘટના સામે આવી છે. આશરે 40થી 45 વર્ષની ઉંમરના એક યુવાનને છરીના અનેક ઘા ઝીંકીને નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ લાશ લોહીલુહાણ હાલતમાં જોવા મળી હતી, જેના કારણે આખા વિસ્તારમાં ભય અને આક્રોશનો માહોલ સર્જાયો હતો. હાલ આ ઘટનાના CCTV પણ સામે આવ્યા છે, જેમાં અજાણ્યો શખસ યુવકને મારતો નજરે પડે છે. CCTVમાં દેખાતા દ્રશ્યો મુજબ નિલેશ અને મહેશ જેઠવા બંને અલગ-અલગ બાઈક પર એકસાથે જ આવતા નજરે પડે છે. ત્યારબાદ બંને બાઈકમાંથી એકસાથે ઊતરીને આગળની તરફ આવે છે પણ મહેશ એકાએક પાછો બાઈક પાસે જઈને ઊભો રહી જાય છે તો નિલેશ આગળની તરફ જઈને પાણીના કૂલર પાસે જઈને ગ્લાસમાં પાણી ભરીને પીવે છે. આ સમયે મહેશ હાથમાં પાછળ ચાકૂ લઈને નિલેશ તરફ આગળ આવે છે અને એક બાદ એક ચાકુના ઘા ઝિંકે છે. આ ઘટના દરમિયાન બે-ત્રણ લોકો વચ્ચે પડીને મહેશને સાઈડમાં લઈ જઈને નિલેશને બચાવવાનો પ્રયાસ કરે છે પણ તેમના હાથમાંથી છૂટીને મહેશ પાછો નિલેશને છરીના ઘા ઝિંકે છે. નિલેશનું મોત થયા બાદ પણ મહેશ તેને છરી અને લાતોથી મારતો રહ્યો. આ હત્યા કરીને મહેશ તુરંત જ બાઈક લઈને ફરાર થઈ ગયો હતોACP બી. જે. ચૌધરીએ જણાવ્યું હતુ કે, શહેરના સ્પીડવેલ પાર્ટીપ્લોટ પાસે 43 વર્ષીય નિલેશ ટોકીયાની મહેશ જેઠવા નામના વ્યક્તિએ છરીના 7 ઘા મારી હત્યા કરી હોવાનું સામે આવ્યુ છે. નિલેશભાઈ મિસ્ત્રી કામ કરે છે અને તેને સંતાનમાં 2 બાળકો છે. જોકે હાલ હત્યાનું કારણ સામે આવ્યુ નથી. આ ઘટનાની જાણ થતાં જ પોલીસનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને લાશની તપાસ કરીને તેને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવી હતી. મૃતકનું નામ નિલેશ હરિભાઈ ટોકીયા છે અને તે ગુરૂપ્રસાદ ચોક નજીક આવેલા અંકુરનગરમાં રહેતો હોવાનું સામે આવ્યું છે. પોલીસે હત્યાના આરોપીઓની શોધખોળ શરૂ કરી દીધી છે. હત્યા કોણે કરી અને શા માટે કરવામાં આવી તે અંગે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં હત્યાનું કારણ પ્રેમ પ્રકરણ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ હજુ સુધી આરોપીઓની ઓળખ થઈ નથી.



આ ઘટનાએ રાજકોટના સ્પીડવેલ વિસ્તારમાં ભયનો માહોલ સર્જ્યો છે અને સ્થાનિકોમાં સુરક્ષાની ચિંતા વધી ગઈ છે. પોલીસે આસપાસના વિસ્તારોમાં CCTV ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદનોના આધારે તપાસ તેજ કરી છે. આરોપીઓને ઝડપથી પકડવાના પ્રયાસો ચાલુ છે અને આ કેસમાં ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## અલકા ચોક નજીકની હોટલના મેનેજરને 7 શખ્સોએ ઢીકાપાટુનો મારમાર્યો વીડિયો ઉતારવાની શંકા ને ઝઘડો, જાનથી મારી નાખવાની ધમકી આપી

• ભાવનગર

ભાવનગર શહેરના અલકા ચોક નજીક આવેલ મોસમ હોટલમાં જમવા આવેલા ગ્રાહકો અને હોટલ મેનેજર વચ્ચે થયેલી ગેરસમજ હિંસક અથડામણમાં ફેરવાઈ ગઈ હતી. મોબાઈલથી વીડિયો ઉતારવાની શંકાને લઈને હોટલ મેનેજર પર મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે. સમગ્ર ઘટનાને લઈને નિલમબાગ પોલીસ મથકમાં સાત શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ અંગે નિલમબાગ પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ ભાવનગર શહેરના અલકા ચોક નજીક આવેલ મોસમ હોટલ માલિક આરીફ કાલવાએ 3 જાન્યુઆરીના રોજ ફરિયાદ નોંધાવી હતી. જેમા 2 ફેબ્રુઆરીના બપોરના સમયે તેઓ ઘરે હાજર હતા, ત્યારે તેમના દીકરાનો ફોન આવ્યો હતો કે હોટલના મેનેજર અફઝલભાઈ મહમદભાઈ પઠાણ સાથે માથાકુટ થઈ છે. આ જાણ થતાં આરીફ કાલવા તાત્કાલિક હોટલ ખાતે પહોંચ્યા હતા. મેનેજર અફઝલભાઈએ જણાવ્યું હતું કે બપોરના સમયે અંદાજે ત્રીસેક વ્યક્તિ જમવા માટે આવ્યા હતા અને જમ્યા બાદ ઊભા થયા ત્યારે તેઓ કાઉન્ટર પર બેસી પોતાના મોબાઈલમાં ગેમ રમતા હતાં.

## આયોજન:પોરબંદર શહેરના ડેવલપમેન્ટ પ્લાન માટે વિભાગીય પરામર્શ બેઠક યોજાઈ

• પોરબંદર

પોરબંદર મનપાના સભાખંડ ખાતે કમિશનર પ્રજાપતિની અધ્યક્ષતામાં શહેરના ડેવલપમેન્ટ પ્લાન માટે વિભાગીય પરામર્શ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા, રાજ્ય તેમજ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શહેરના આયોજનબદ્ધ વિકાસને ધ્યાનમાં રાખી તૈયાર થનારા ડેવલપમેન્ટ પ્લાન લેન્ડ યુઝ માટે વિભાગો વચ્ચે સંકલન સાધવાનો આ બેઠકનો મુખ્ય હેતુ રહ્યો હતો. બેઠક દરમિયાન ટાઉન પ્લાનિંગ વિભાગ તથા સંકળાયેલી એજન્સી દ્વારા ડેવલપમેન્ટ પ્લાનની વ્યાપ્તિ, પ્લાનિંગ એરિયા, કાયદાકીય માળખું તથા આયોજન પ્રક્રિયા અંગે વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

### ટોળું આવીને યુવક પર તૂટી પડ્યું

# સુરતમાં કુરીયર બોયને ચપ્પુ બતાવી કારમાં ઉઠાવી ગયા, , ફિલ્મી ઢબે અપહરણ કરતાં વિસ્તારમાં ફફડાટ

## અપહરણકારો તેમને મહારાણા પ્રતાપ ચોક, પૂર્વાંચલ રેસ્ટોરન્ટ અને ડીંડોલી બ્રીજ નીચે ફેરવી અંતે કેસર ભવાની સોસાયટી પાસે ઉતારીને ફરાર થઈ ગયા હતા

• સુરત

સુરત શહેરના પર્વત પાટીયા વિસ્તારમાં ધોળા દિવસે એક યુવકના અપહરણની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પૂર્વ અદાવતમાં આકાશ રાજપુત અને તેના સાથીઓએ મળીને એક કુરીયર બોયનું તેની ઓફિસ પાસેથી અપહરણ કરી, તેને ચપ્પુની અણીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં આરોપીઓ યુવકને માર મારતા અને ગાડીમાં બેસાડતા નજરે પડે છે.

પ્રદીપસિંહ રાજેશ્વરસિંહ રાજપુત (ઉ.વ. એ૦), જેઓ ડીંડોલી વિસ્તારમાં રહે છે અને કુરીયર બોય તરીકે નોકરી કરે છે, તેમણે પુણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ ઘટના 16 જાન્યુઆરી, 2026ના રોજ બપોરે આશરે 1:30 વાગ્યે પર્વત પાટીયા ચાર રસ્તા પાસે, ડી.જી.પોઈન્ટ એપાર્ટમેન્ટની સામે બની હતી. પ્રદીપસિંહ જ્યારે કુરીયરની ડિલીવરી આપીને નીચે ઉતર્યા, ત્યારે આકાશ રાજપુત, ગોપાલ અને અન્ય છ જેટલા શખ્સોએ તેમને ઘેરી લીધા હતા.

આરોપીઓએ તેમને ગાળો આપી, ઢીકા મુક્કીનો માર માર્યો અને બળજબરીપૂર્વક બ્લુ કલરની સુઝુકી ફોરવ્હીલ ગાડીમાં બેસાડી દીધા હતા. ગાડીમાં બે ઈસમોએ પ્રદીપસિંહની કમર પર ચપ્પુ રાખી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અપહરણકારો તેમને મહારાણા પ્રતાપ ચોક, પૂર્વાંચલ રેસ્ટોરન્ટ અને ડીંડોલી બ્રીજ નીચે ફેરવી અંતે કેસર ભવાની સોસાયટી પાસે ઉતારીને ફરાર થઈ ગયા હતા. પોલીસ ફરિયાદ મુજબ, આ ઘટના પાછળ 14 જાન્યુઆરીના રોજ થયેલી એક માથાકૂટ જવાબદાર છે. પૂર્વાંચલ રેસ્ટોરન્ટમાં બેસવા જેવી નજીવી બાબતે પ્રદીપસિંહ અને આરોપી આકાશના પિતરાઈ ભાઈ અભિષેક રાજપૂત વચ્ચે બોલાચાલી થઈ હતી, જેમાં પ્રદીપસિંહે અભિષેકને માર માર્યો હતો. આ અદાવત રાખીને આકાશે તેના મિત્રો સાથે મળીને આ અપહરણનું કાવતરું ઘડ્યું હોવાનું મનાય છે. ફરિયાદી અગાઉ અન્ય એક ગુનામાં જેલમાં હોવાથી અને ડરી ગયેલા હોવાથી ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો. જોકે, જેલમાંથી છૂટ્યા બાદ તેમણે હિંમત કરી ફરિયાદ નોંધાવતા પુણા પોલીસે આરોપીઓ વિરુદ્ધ રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



• સંક્ષીપ્ત સમાચાર

### ચોરીનો મામલો આવ્યો સામે:ફ્લેટની સફાઈ કરવા આવેલા 4 યુવકે તિજોરીમાંથી 45 હજાર પણ સાફ કર્યા

મહિલાએ ઓનલાઈન સર્ચ કરીને ફ્લેટની સાફસફાઈ માટે કંપનીમાંથી 4 છોકરા બોલાવ્યા હતા. એ ચારેય છોકરા સફાઈ દરમિયાન નજરૂ ચૂકવીને કબાટમાંથી રૂ. 45 હજાર ચોરી ગયા હતા. મહિલાની ફરિયાદના આધારે બોપલ ચારેયની ધરપકડ કરી પૈસા કબજે કર્યા હતા. ચારેયે સોસાયટીમાં આવવા માટે ગેટ ઉપર આઈડી તેમજ મોબાઈલ નંબર સહિતની લખાવેલી માહિતીના આધારે પોલીસે ઝડપી લીધા હતા. બોપલની મહિલાએ ફ્લેટની સફાઈ માટે ઓનલાઈન સર્ચ કરીને અર્બન કંપનીમાંથી 4 છોકરા બોલાવ્યા હતા. ચારેય જણા26 અને 27 જાન્યુઆરી, એમ 2 દિવસ સફાઈ માટે ગયા હતા. તેઓ ગયા પછી કબાટમાંથી રૂ.45 હજાર ચોરાયાની મહિલાને જાણ થઈ હતી. મહિલાની ફરિયાના આધારે પીઆઈ એસ. વી. ચૌધરીએ તપાસ શરૂને સોસાયટીના એન્ટ્રી રજિસ્ટરમાંથી મળેલી માહિતીના આધારે ભેરુલાલ કેવટ, શિવલાલ કેવટ, ગોપાલ કેવટ અને નારાયણ કેવટની ધરપકડ કરી હતી.

### સુરતમાં નબીરાઓ માટે રસ્તા બન્યા રેસિંગ ટ્રેક

# ઈન્ટરનેશનલ એરપોર્ટ રોડ પર મહિન્દ્રા BE 6 કારે મચાવી તબાહી, ત્રણ કાર અને બે મોપેડને ટક્કર

## અકસ્માત મોડી રાત્રે સર્જાયો હોવાથી અને વાહનો પાર્ક કરેલા હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાહનોને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું

• સુરત

ડાયમંડ સિટી સુરતમાં નબીરાઓની બેદરકારી અને તેજ રફ્તારનો કહેર યથાવત છે. શહેરના પોશ ગણાતા મગદલ્લા-ડુમસ વિસ્તારમાં આવેલા એરપોર્ટ રોડ પર અવધ ઉથોપિયા નજીક ગત(1 ફેબ્રુઆરી) મોડી રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. એક માલેતુજાર પરિવારના યુવકે પોતાની પૂરપાટ ઝડપે જતી લક્ઝરી કાર પરથી કાબૂ ગુમાવતા રસ્તા પર ઉભેલા વાહનોના ફુરચા બોલાવી દીધા હતા. આ સાથે ત્રણ કાર અને બે મોપેડને ટક્કર મારતા ત્રણ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે.

મોડી રાત્રે મહિન્દ્રા BE 6 (ઈલેક્ટ્રિક લક્ઝરી કાર)ના ચાલકે રોડને જાણે રેસિંગ ટ્રેક સમજી લીધો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર કારની ઝડપ એટલી પ્રચંડ હતી કે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ બેકાબૂ કારે રોડ પર પાર્ક કરેલી 3 કારને જોરદાર ટક્કર મારી હતી. સાથે 2 મોપેડને પણ ઉડાવ્યા હતા. સદનસીબે આ અકસ્માત મોડી રાત્રે સર્જાયો હોવાથી અને વાહનો પાર્ક કરેલા હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાહનોને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું છે.

અકસ્માત સર્જનાર યુવકની ઓળખ વિરલ દેસાઈ તરીકે થઈ છે, જે પોતે પણ આ ઘટનામાં ઈજાગ્રસ્ત થયો છે. જેથી તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડીને સારવાર કરવામાં આવી રહી છે. જોકે ઘટનાના થોડા જ સમયમાં મામલો થાળે પાડવા અને નબીરાને બચાવવા માટે પ્રયાસો શરૂ થઈ ગયા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. અકસ્માત બાદ એવી વાત વહેતી કરવામાં આવી હતી કે ચાલક યુવકને ચાલુ ગાડીએ 'ખેંચ' આવી હતી, જેના કારણે અકસ્માત થયો હતો.બનાવની જાણ થતા જ ડુમસ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોનો કબજો લઈ આગળની તપાસ હાથ ધરી છે. શું ચાલક નશાની હાલતમાં હતો? શું ખરેખર તબીબી કારણોસર અકસ્માત થયો કે પછી ઓવરસ્પીડિંગ જવાબદાર છે? આ તમામ પાસાઓ પર તપાસ ચાલી રહી છે.



### રિક્ષા સળગાવી, ગોંડલમાં પથ્થરમારાથી તંગદિલી:આંબેડકર ચોક પાસે ઘટના, પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

ગોંડલ

ગોંડલ શહેરમાં આંબેડકર ચોક નજીક રાત્રિના સમયે તંગદિલીભર્યો માહોલ સર્જાયો હતો. અજાણ્યા શખ્સે પાર્ક કરેલી એક રિક્ષાને આગ ચાંપી હતી અને ત્યારબાદ પથ્થરમારો કર્યો હતો. આ ઘટનાને પગલે આસપાસના વેપારીઓએ ભયના કારણે પોતાની દુકાનો બંધ કરી દીધી હતી. GJ03AZ 3346 નંબરની રિક્ષાને સળગાવ્યા બાદ, હુમલાખોરે સળગતી રિક્ષા પર પથ્થરમારો કર્યો હતો અને જાહેરમાં ગાળાગાળી કરી ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું. આ હિંસક ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ગોંડલ ફાયર વિભાગ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયું હતું અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. હાલ કડિયા લાઈન વિસ્તારમાં સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તપાસના ભાગરૂપે ગોંડલ શહેર A ડિવિઝન પોલીસ વોરા શેરીમાં રહેતા સીકંદર નામના શખ્સના ઘરે પહોંચી હતી. જોકે, ત્યાં હાજર મહિલાઓએ પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. સૂત્રો અનુસાર, સાંજે 6 વાગ્યે સીકંદર સાથે કામ કરતા એક યુવકનું અજાણ્યા શખ્સોએ ગાડીમાં અપહરણ કર્યું હતું. પરિવારજનોએ આ બાબતે પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા છતાં પોલીસે ફરિયાદ નોંધી ન હોવાનો આક્ષેપ કર્યો છે.હાલ ગોંડલ પોલીસ ઘટના સ્થળે પહોંચી સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓને આધારે વધુ તપાસ તેજ કરી રહી છે. પ્રાથમિક દૃષ્ટિએ આ સમગ્ર મામલો જૂની અદાવતનો હોવાનું જણાઈ રહ્યું છે. તપાસના ભાગરૂપે ગોંડલ શહેર A ડિવિઝન પોલીસ વોરા શેરીમાં રહેતા સીકંદર નામના શખ્સના ઘરે પહોંચી હતી. જોકે, ત્યાં હાજર મહિલાઓએ પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. સૂત્રો અનુસાર, સાંજે 6 વાગ્યે સીકંદર સાથે કામ કરતા એક યુવકનું અજાણ્યા શખ્સોએ ગાડીમાં અપહરણ કર્યું હતું. પરિવારજનોએ આ બાબતે પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા છતાં પોલીસે ફરિયાદ નોંધી ન હોવાનો આક્ષેપ કર્યો છે.હાલ ગોંડલ પોલીસ ઘટના સ્થળે પહોંચી સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓને આધારે વધુ તપાસ તેજ કરી રહી છે.

### 50 કોલેજના 322 વિદ્યાર્થીઓએ 24 કલાકમાં ઉકેલ શોધ્યા

# GCET કોલેજમાં 'Odoo x GCET હેકાથોન' સફળતાપૂર્વક સંપન્ન

• આણંદ




વલ્લભ વિદ્યાનગર સ્થિત જી. એચ. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (GCET)ખાતે 'Odoo x GCET હેકાથોન '26' સફળતાપૂર્વક સંપન્ન થઈ. કમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગ અને Odoo India Private Limited ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ રાષ્ટ્રીય સ્તરની 24 કલાકની હેકાથોનમાં દેશભરની 50 કોલેજના 322 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.આ હેકાથોન 31 જાન્યુઆરી અને 1 ફેબ્રુઆરી દરમિયાન યોજાઈ હતી. તેમાં વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને ઉદ્યોગ જગતની વાસ્તવિક સમસ્યાઓ પર કામ કરવાનો અનુભવ મળ્યો. સમગ્ર દેશમાંથી 1800 થી વધુ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જેમાંથી આકરી પસંદગી પ્રક્રિયા બાદ 90 ટીમોના 322 વિદ્યાર્થીઓ ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચ્યા હતા.સ્પર્ધામાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોની 15 સહિત કુલ 50 કોલેજોના યુવા પ્રતિભાઓએ પોતાની તકનીકી કુશળતાનું પ્રદર્શન કર્યું. અંતિમ તબક્કે વિદ્યાર્થીઓને તાત્કાલિક પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ આપી આધુનિક ટેકનોલોજી, API અને ડેટાબેઝના આધારે ઈનોવેટિવ સોલ્યુશન્સ વિકસાવવા પડકાર ફેંકાયો હતો. આ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ ઉદ્યોગ જગતના 16 નિષ્ણાતોએ કર્યું હતું.વિજેતા બનેલી ટીમને રૂ. 45,000, પ્રથમ રનર-અપને રૂ. 35,000 અને દ્વિતીય રનર-અપને રૂ. 25,000ના રોકડ પુરસ્કાર સાથે પ્રમાણપત્રો એનાયત કરાયા. આ ઉપરાંત, ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ માટે Odoo India દ્વારા આકર્ષક પેકેજ સાથે નોકરીની તકોના દ્વાર પણ ખુલ્યા છે.કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે CVM યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. ડૉ. ઈન્દ્રજીત પટેલ અને Odoo Indiaના કોર્પોરેટ ઈવેન્ટ મેનેજર શાર્દૂલ દવે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. સમગ્ર આયોજન પ્રિન્સિપાલ ડૉ. કૌશિક નાથ અને ડૉ. સુધીર વેગડના માર્ગદર્શન હેઠળ ડૉ. નીરવ રાજા, હેતલ ગૌદાણી

### ટેનિસ કોચે તેના સ્ટુડન્ટના ઘરેથી 12.20 લાખના દાગીના ચોર્યા:સાયન્સ સિટીમાંથી ચોરીને 10 લાખમાં શિવરંજનીના જ્વેલર્સને વેચી દીધા

• અમદાવાદ

સાયન્સ સિટી રોડ પરના એક મકાનમાંથી ટેનિસ કોચે લાખો રૂપિયાના દાગીનાની ચોરી કરી છે. ટેનિસ કોચ મકાન માલિકના દીકરાને ટેનિસ શીખવાડવા આવતો હતો. કોચ રાબેતા મુજબ આવ્યો હતો. કોચે મોકો મળતા 12.20 લાખના દાગીના ચોરી કરી મિત્ર મારફતે શિવરંજનીના જ્વેલર્સને 10 લાખમાં વેચી દીધા હતા.આ અંગે સોલા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.સાયન્સ સિટી ખાતે ગ્રીન વ્યુ એપાર્ટમેન્ટમાં ગૌરવ દિક્ષિત તેમના બે બાળકો અને પત્ની સાથે રહે છે. ગૌરવભાઈ સિક્યુરિટી એજન્સી ચલાવે છે. ગૌરવભાઈનો દીકરી ટેનિસ રમે છે. દીકરાને ટેનિસ કોચિંગ માટે ક્યારેક તેમના પત્ની મૂકવા જાય છે તો ક્યારેક કોચ વેદિક લેવા આવે છે. 19 ડિસેમ્બરે પણ વેદિક ગૌરવભાઈના દીકરાને લેવા આવ્યો હતો. આ દરમિયાન વેદિક લાબા સમય સુધી ઘરમાં રહ્યો હતો.ગૌરવભાઈનો દીકરી બીમાર હોવાથી તે દિવસે કોચિંગ માટે ગયો ન્હોતો, પરંતુ વેદિકે બાથરૂમ જવાનું કહીને એક રૂમમાં ગયો હતો. જે બાદ વેદિક ફોન આવ્યો કહીને ઝડપથી જતો રહ્યો હતો. 23 ડિસેમ્બરના રોજ ગૌરવભાઈ રૂમમાં ગયા ત્યારે રૂમમાંથી 12 લાખના સોનાનાં અને 20 હજારના ચાંદીના દાગીના ચોરી થયા હતાં. આ દિવસની વેદિક આવ્યો હોવાથી તેમને વેદિક પર જ શંકા હતી. ગૌરવભાઈએ વેદિકને ફોન કરતા વેદિકનો ફોન સ્વીચ ઓફ આવતો હતો.ગૌરવભાઈ વેદિકની સાથે કામ કરતા નેમ શાહને મળ્યા હતા ત્યારે નેમ શાહે જણાવ્યું હતું

### , પોલીસ-ધારાસભ્યની ઓળખાણ હશે તો પણ છોડીશ નહિ; MLA વિનુ મોરડીયાનું આક્રમક નિવેદન

# 'દીકરીઓની છેડતીમાં કાયદો પણ કુદાવી દઈશું, વગર FIRએ શિક્ષા':ખાલી મારી સુધી વાત પહોંચાડી દેજો

• સુરત

સુરતમાં 1 ફેબ્રુઆરીએ વાટલીયા પ્રજાપતિ સમાજનો 68મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ સમૂહલગ્નમાં હાજર રહેલા કતારગામના ધારાસભ્ય વિનુ મોરડીયાએ મંચ પરથી દીકરીઓની સુરક્ષા અંગે અત્યંત કડક શબ્દોમાં બાંહેધરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, કોઈપણ સમાજની દીકરી હોય, તેની સુરક્ષાની જવાબદારી મારી એકલાની છે. સામે ગમે તેટલી વગ ધરાવતો માણસ કેમ ન હોય, તેને 24 કલાકમાં ઝેર કરવાની જવાબદારી હું લઉં છું. અસામાજિક તત્વોને 'વગર FIRએ શિક્ષા' કરવામાં આવશે. જો મારો અંગત માણસ પણ ગુનો કરશે, તો હું તેને પણ નહીં છોડું. દીકરી એટલે વાત્સલ્યનું ઝરણું. આ સૂત્રને સાર્થક કરતા સુરતમાં સમસ્ત વાટલીયા પ્રજાપતિ સમાજ દ્વારા 68માં સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ માત્ર નવદંપતીઓના મંગલ પ્રવેશ માટે જ નહીં, પરંતુ સમાજમાં વ્યાપેલા આર્થિક બોજ સમાન કુરિવાજોને દૂર કરવા માટે લેવાયેલા ક્રાંતિકારી નિર્ણયોને કારણે ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. સમાજને આર્થિક રીતે સદ્ધર કરવા કુરિવાજોનો બહિષ્કાર, વધતી જતી મોંઘવારી અને લગ્નના નામે થતા બિનજરૂરી ખર્ચ સામે લાલ આંખ કરતા વાટલીયા પ્રજાપતિ સમાજે એક અનોખી પહેલ કરી છે.

કલ્પેશ વરિયા (પ્રમુખ સમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિ)એ જણાવ્યું હતું કે, લગ્નોમાં થતા




ભપકા અને દેખાડાને કારણે દીકરી કે દીકરાના પિતાને વ્યાજે પૈસા લેવા પડે છે, જે સ્થિતિ રોકવી અનિવાર્ય છે. આ માટે પ્રી-વેડિંગ ફોટોશૂટ, વાના રસમ, મહેંદી રસમ અને ફૂલો કી હોલી જેવી ખર્ચાળ વિધિઓનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવ્યો છે. સમાજના બંધારણમાં ફેરફાર કરી આ 'કામ વગરની' રસમો દૂર કરવાનો નિર્ણય લેવાયો છે, જેથી મધ્યમ વર્ગના પરિવારો આર્થિક રીતે તૂટતા બચે.

પ્રી-વેડિંગ ફોટોશૂટ, વાના રસમ, મહેંદી રસમ અને ફૂલો કી હોલી જેવી ખર્ચાળ વિધિઓનો સમાજે સંપૂર્ણ બહિષ્કાર કર્યો. આ સમૂહલગ્નમાં હાજર રહેલા કતારગામના ધારાસભ્ય વિનુ મોરડીયાએ મંચ પરથી દીકરીઓની સુરક્ષા અંગે અત્યંત કડક શબ્દોમાં બાંહેધરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, બે વાત કહીને મારી વાતને હું પૂરી કરીશ. બે વાત કરવાની છે, એક મારે કરવાનું છે અને એક આપણે બધાય ભેગા મળીને કરવાનું છે. તમને બહુ આમ ઉતરશે નહીં ભેગા મળીવાળું કારણ કે એમાં ભાગમાં વહેચ્યું ને મેં.પેલા એકલા કરવાનું છે એ હું મારું કહી દઉં. આટલા મોટા સમુદાયમાં બહેનો અને દીકરીઓ આજે પ્રભુતામાં ડગલાં માંડી રહી છે ત્યારે, હું પહેલીવાર ચૂંટાયો ને ત્યારે પહેલું ઈન્ટરવ્યુ મારુ એવું હતું કે, અસામાજિક તત્વો હોય એ સુધરી જાય પહેલી વાત તો અને નહીં તો પછી કતારગામ છોડી દે. તમારી ખાતરી માટે કહું કે, આ આઠ વર્ષમાં કોઈ ગેંગ રહેવા દીધી નથી અને હજી કોઈ હોય ને તો બતાવજો મને! નહીંતર અલગ-અલગ નામથી ઘણી ગેંગો હતી અને એના છત્રછાયામાં અસામાજિક તત્વો બહેન-દીકરીની છેડતી કરતા હતા. ગમે ત્યાં બેઠા-બેઠા કરતા હતા, આ લોકોને વીણી-વીણીને ભાન કરાવ્યું છે અને હજી વીણવાનું ચાલુ છે.કોઈપણ એક સ્કૂલ હોય ત્યાંથી જો અમને સમાચાર મળે, મારી સુધી વાત પહોંચી જાય તો હું એમ કહું કે કોઈપણ સમાજની દીકરી હોય, એની સુરક્ષાની જવાબદારી મારી એકલાની છે જાવ! અને એ ગેરંટી કે સામે ગમે તેવો સમાજ હોય, ગમે તેવો મૂછાળો હોય, એને 24 કલાકમાં ઝેર કરવાની જવાબદારી મારી. બીજી વાર તમને એમ થાય કે આને આપણે ના પહોંચી શકીએ, આ તો ફલાણા સમાજના છે અને આની પોલીસ સાથે બહુ ઓળખાણ અથવા ધારાસભ્ય સાથે ઓળખાણ છે.

# ભરૂચની ઝાડેશ્વર ચોકડી પર ટ્રાફિકજામ:ઓફિસ જતા કર્મચારીઓ અટવાયા, સમસ્યા રોજિંદી બની

• ભરૂચ

ભરૂચ શહેરની ઝાડેશ્વર ચોકડી પર આજે સવારે ફરી ટ્રાફિકજામ સર્જાયો હતો. ઓફિસના સમયે થયેલા આ ટ્રાફિકજામને કારણે અનેક વાહનચાલકો અને દહેજ સ્થિત કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓ રસ્તામાં અટવાઈ ગયા હતા. આનાથી લોકોમાં અસંતોષ જોવા મળ્યો હતો. ટ્રાફિકજામનું મુખ્ય કારણ આડેધડ પાર્કિંગ અને બિસ્માર માર્ગોની હાલત હોવાનું જણાયું છે. ટ્રાફિકજામની જાણ થતાં જ ટ્રાફિક પોલીસના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ટ્રાફિક વ્યવસ્થા સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. નોંધનીય છે કે ઝાડેશ્વર ચોકડી પર ટ્રાફિકજામની સમસ્યા હવે રોજિંદી બની ગઈ છે. આનાથી વાહનચાલકો પરેશાન છે. લોકો આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી રહ્યા છે. ખાસ કરીને ઔદ્યોગિક વિસ્તારમાં નોકરી કરતા કર્મચારીઓને સમયસર કાર્યસ્થળે પહોંચવામાં મુશ્કેલી પડી હતી. ટ્રાફિકજામની જાણ થતાં જ ટ્રાફિક પોલીસના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ટ્રાફિક વ્યવસ્થા સંભાળવાનો પ્રયાસ કર્યો હતો.નોંધનીય છે કે ઝાડેશ્વર ચોકડી પર ટ્રાફિકજામની સમસ્યા હવે રોજિંદી બની ગઈ છે. આનાથી વાહનચાલકો પરેશાન છે. લોકો આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી રહ્યા છે.



### ખાનગી વીજ કંપનીઓ સામે વિરોધ

# ખેડૂતોની ટ્રેક્ટર રેલી: વળતર વધારવાની માગ સાથે મોરબી કલેક્ટર કચેરી સુધી રેલી

• મોરબી

ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિ દ્વારા ટંકારામાં સભા યોજાયા બાદ મોરબી કલેક્ટર કચેરી સુધી ટ્રેક્ટર રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં મોરબી, કચ્છ, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, દ્વારકા, બનાસકાંઠા, પાટણ, થરાદ અને અમદાવાદ સહિતના જિલ્લાઓના ખેડૂતો જોડાયા હતા. ખેડૂતો ખાનગી વીજ કંપનીઓ દ્વારા ખેતરોમાં ઉભા કરાતા વીજ લાઈનના પોલ અને તેનાથી થતા નુકસાનનો વિરોધ કરી રહ્યા છે. છેલ્લા 25-30 વર્ષથી ખેતરોમાં વીજ લાઈનોના પોલ ઉભા હોવાથી ખેતર બિન-ખેતી થઈ શકતું નથી, મકાન કે ગોદામ બનાવી શકાતા નથી, અને બાગાયતી પાકો પણ ઉગાડી શકાતા નથી.ખાનગી વીજ કંપનીઓ દ્વારા જમીનની કિંમત ઘટાડવામાં આવતી હોવા છતાં, સરકાર ખેડૂતોને જંત્રી ભાવે વળતર ચૂકવે છે. ખેડૂતોની મુખ્ય માંગ માર્કેટ ભાવના ચાર ગણા વળતરનો પરિપત્ર કરવાની છે. આ માંગણી સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પણ સુપરત કરવામાં આવ્યું હતું. ખેડૂતોના મતે, રાજસ્થાન સરકાર 2013ના જમીન સંપાદન કાયદા હેઠળ માર્કેટ ભાવના ચાર ગણા વળતરનો પરિપત્ર કરે છે. કેન્દ્ર સરકારની 2025ની SOP માર્કેટ ભાવના બે ગણા વળતરની ભલામણ કરે છે.

### જાણો કેન્દ્રીય બજેટથી ગુજરાતને શું ફાયદો?

# રાજ્યના 34 જિલ્લામાં ગર્લ્સ હોસ્ટેલ બનશે:MSMEથી લઈ સેમિકન્ડક્ટરમાં સિક્કો પડશે

## કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું બજેટ ત્રણ કર્તવ્યો પર ઝોંક આપતું બજેટ છે. તેમાં GYAN એટલે કે 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ' તથા દિવ્યાંગજનના પીલર્સ મજબૂત થશે

• અમદાવાદ

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે 1 ફેબ્રુઆરી, 2026એ બજેટ રજૂ કર્યું. નાણામંત્રીના 85 મિનિટના ભાષણમાં સામાન્ય માણસ માટે કોઈ મોટી જાહેરાત થઈ ન હતી. જોકે, ટેક્સ ફાઈલ કરવામાં સરળતા, રેલવે પ્રોજેક્ટ અને આયુર્વેદિક AIIMS જેવી નવી વાતો કહેવામાં આવી છે. ત્યારે ગુજરાતને આ બજેટથી અનેક ફાયદા થવા જઈ રહ્યા છે. જેમાં રાજ્યના 34 જિલ્લામાં ગર્લ્સ હોસ્ટેલ બનશે તો SME-MSME ગ્રોથ ફંડ માટે 10 હજાર કરોડની જાહેરાત અને સેમિકન્ડક્ટર મિશન ISM 2.0 લોન્ચની જાહેરાતથી ગુજરાતમાં MSMEથી લઈ સેમિકન્ડક્ટરમાં સિક્કો પડશે, તો આવો જાણીએ ગુજરાતનું ઔધોગિક જગત આ બજેટને કેવી રીતે જુએ છે અને તેનાથી ગુજરાતને શું ફાયદો? GCCIના પ્રેસિડેન્ટ સંદીપ એન્જિનિયરે જણાવ્યું કે ગ્લોબલ ચેલેન્જની વચ્ચે સમતોલ થઈને ચાલવું પડશે. ગ્લોબલ પરિસ્થિતિમાં ઈન્ફરસ્ટાચરને મહત્વ આપવું તે બજેટનો સંકેત છે. બજેટ આવકાર્ય છે, હાલની સ્થિતિમાં ઈકોનોમીને આગળ લઈ જશે. બજેટમાં સામાન્ય માણસો માટે રાહત નથી. આજની પરિસ્થિતિએ બેલેન્સ બજેટ છે. GCCIની અપેક્ષા પ્રમાણે ટેક્સેશનમાં સરળતાની માગ હતી. નવા એક્ટ પ્રમાણે સરળતા કરી છે. TDSમાં ઘણી રાહત આપી છે. કસ્ટમમાં પણ ઓટો સિસ્ટમ લાવી રહ્યા છે જેનાથી સરળતા આવશે. લોકલ ઈકોનોમીને ગ્લોબલ ચેલેન્જ વચ્ચે આ બજેટ ફાયદો કરાવશે. VCCIના વાઈસ પ્રેસિડેન્ટ હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, લોકો હંમેશા ઈનકમ ટેક્સની લિમિટ વધે તેવી આશા રાખતા હોય છે, પરંતુ આ બજેટમાં સરકારનો અભિગમ ટેક્સ લિમિટ વધારવા કરતાં લોકોની આવક (Income) કેવી રીતે વધે તેના પર વધુ રહ્યો છે. ગયા બજેટમાં પણ ટેક્સમાં ઘણી રાહતો આપવામાં આવી હતી. સરકારે ટેક્સ સિસ્ટમને વધુ સરળ બનાવવાનો પ્રયાસ કર્યો છે જેથી નાગરિકોને મુશ્કેલી ન પડે. તેઓએ કહ્યું કે, સરકારે 'સિંગલ વિન્ડો સિસ્ટમ' અને અન્ય વહીવટી સુધારાઓ દ્વારા વ્યાપાર કરવાની પ્રક્રિયાને સરળ બનાવી છે. VCCI અને સમગ્ર MSME પરિવાર તરફથી અમે આ બજેટને આવકારીએ છીએ. આ ખરેખર આર્થિક સુધારાનું બજેટ છે. CA જૈનિક વકીલે જણાવ્યું કે કેન્દ્રીય બજેટ 2026-27 ભારતના હાઈ-ટેક અને ઉત્પાદન ક્ષેત્રને મજબૂત બનાવવા માટે એક સ્પષ્ટ અને ભવિષ્યદ્રષ્ટિપૂર્ણ રોડમેપ રજૂ કરે છે. ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) 2.0નો પ્રારંભ સેમિકન્ડક્ટર સાધનો, મટીરિયલ્સ, ડિઝાઈન અને સપ્લાય ચેનમાં સહાય વિસ્તારીને અદ્યતન ચિપ્સમાં આત્મનિર્ભરતા તરફ ભારતની યાત્રાને ઝડપી બનાવશે અને વૈશ્વિકસ્પર્ધામાં ભારતને મજબૂત બનાવશે. આ સાથે, ખનિજ સમૃદ્ધ રાજ્યોમાં સમર્પિત રેર અર્થ કોરિડોર સ્થાપવાનો નિર્ણય ખનન, પ્રોસેસિંગ, સંશોધન અને ઉત્પાદનને મજબૂત બનાવશે. આ પગલું ઈલેક્ટ્રોનિક્સ, ડિફેન્સ અને ક્લીન એનર્જી જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સપ્લાય ચેનની સ્થિરતા વધારશે. આ બંને પહેલો મળીને નવીનતા, ઉચ્ચ કૌશલ્યવાળી રોજગારીનું સર્જન કરશે અને ભારતને મજબૂત વૈશ્વિક મૂલ્ય શૃંખલાનો મહત્વપૂર્ણ હિસ્સો બનાવશે.

### • સંક્ષીપ્ત સમાચાર

#### પતિ-પત્નીના વિવાદમાં નિર્દોષ ભાડૂતો ફસાયા:પતિ 2 વર્ષ સુધી લેવા ન આવતાં ઘરે પાછી આવેલી પત્નીએ ભાડુતોને બંધક બનાવ્યા

શહેરમાં પતિ-પત્નીના વિવાદમાં નિર્દોષ ભાડૂતો ફસાયા હોવાનો એક વિચિત્ર કિસ્સો બન્યો છે. જેમાં પતિએ પત્નીને ટ્રેનિંગમાં જવાનું બહાનુ બનાવીને દીકરા સાથે પિયરમાં મૂકી આવ્યો હતો. 2 વર્ષ સુધી પરત ન આવ્યો અને ફોન પણ ઉપાડતો ન હતો. જેથી પત્ની સાસરીમાં પહોંચી ત્યારે પતિએ મકાન ભાડે આપી દીધું હોવાનું સામે આવ્યું હતું. આથી પત્નીએ ઘરમાં ઘૂસી ભાડુઆતને રૂમમાં બંધ કરી 'મારો પતિ નહીં આવે ત્યાં સુધી તમને બહાર નહીં જવા દવું' તેમ કહી બંધક બનાવી દીધા હતા. આખરે 181ને કૉલ મળતાં અભયમની ટીમે પત્નીને સમજાવી બંધક ભાડુતને મુક્ત કરાવ્યા હતા. શહેરના એક વિસ્તારમાં પતિ-પત્ની તેના એક વર્ષના બાળક સાથે રહે છે. બે વર્ષ પહેલા પતિએ મારે ટ્રેનિંગમાં જવાનું છે, પૂરી થાય એટલે તને પિયરમાંથી લેવા આવીશ તેમ કહીને પત્ની અને બાળકને પિયરમાં મૂકી આવ્યો હતો. જે બાદ પત્ની પતિને ફોન કરે તો પતિએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધુ હતુ એટલુ જ નહીં પત્નીનો નંબર પણ બ્લોક લિસ્ટમાં નાખી દીધો હતો. બે વર્ષ સુધી પતિ લેવા આવ્યો ન હોવાથી કંટાળીને પત્ની સાસરીમાં પોતાના ઘરે ગઈ હતી.

### આંખોમાં ડોક્ટરની સલાહ વિના ટીપા લેવા પણ જોખમી

# આંખોમાં કોઈપણ પ્રકારની તકલીફ જણાય તો અવગણશો નહીં! ઠંડી હવા અને પવનના કારણે આંખોની એલર્જીના કેસોમાં વધારો

## અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં આંખ એલર્જીના દરરોજ સરેરાશ 3થી 5 દર્દીઓ સારવાર માટે આવી રહ્યા છે

અમદાવાદ

શિયાળાની ઋતુ શરૂ થતાં જ વાતાવરણમાં થતી બદલાવની સીધી અને ગંભીર અસર માનવ આંખો પર જોવા મળી રહી છે. ખાસ કરીને ઠંડી હવા અને પવનના કારણે આંખોની એલર્જીના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. આંખના રોગના નિષ્ણાંત જણાવે છે કે આ ઋતુમાં આંખો સંબંધિત અનેક પ્રકારની સમસ્યાઓ સામે આવી રહી છે. શિયાળામાં સામાન્ય રીતે આંખો ડ્રાય થવી, આંખોમાં ખંજવાળ આવવી, લાલાશ થવી, સોજો આવવો તેમજ આંખોમાંથી સતત પાણી નીકળવાની ફરિયાદો વધી જાય છે. કેટલાક ગંભીર કેસોમાં આંખની કીકીમાં સોજો આવવાથી દર્દીને ધૂંધળું દેખાવાની સમસ્યા પણ થાય છે, જેના કારણે રોજિંદા કામકાજમાં અડચણ ઊભી થાય છે. ડોક્ટર બતાવ્યા બાદ જ યોગ્ય ટીપાં કે દવાઓ લેવી જોઈએ, જેથી આંખોની સુરક્ષા જળવાઈ રહે. શિયાળાની ઋતુ દરમિયાન આંખોની યોગ્ય કાળજી લેવી, ધૂળ અને પવનથી બચાવ કરવો અને જરૂર પડે ત્યારે તાત્કાલિક નિષ્ણાતની સલાહ લેવી ખૂબ જ જરૂરી છે. અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં આંખ એલર્જીના દરરોજ સરેરાશ 3થી 5 દર્દીઓ સારવાર માટે આવી રહ્યા છે. હોસ્પિટલના આંખ વિભાગના ડોક્ટરો જણાવ્યું કે, શિયાળાની ઠંડી હવા અને સૂકા પવનના કારણે આંખોની કુદરતી ભેજ ઘટી જાય છે, જેના કારણે ડ્રાય આઈ અને એલર્જી જેવી સમસ્યાઓ વધે છે. ઘણા લોકો આંખોમાં થતી તકલીફને સામાન્ય માનીને જાતે જ મેડિકલ સ્ટોરમાંથી ટીપાં લઈ લે છે, પરંતુ ડોક્ટરની સલાહ વિના લેવાતા આંખના ટીપાં નુકસાનકારક સાબિત થઈ શકે છે અને કેટલીક વખત સમસ્યા વધારે ગંભીર બની શકે છે.

આંખના નિષ્ણાતો સ્પષ્ટ રીતે ચેતવણી આપે છે કે, આંખોમાં કોઈપણ પ્રકારની તકલીફ જણાય તો તેને અવગણવી નહીં. સમયસર આંખના ડોક્ટરની સલાહ લેવાથી ગંભીર નુકસાનથી બચી શકાય છે. ડોક્ટર બતાવ્યા બાદ જ યોગ્ય ટીપાં કે દવાઓ લેવી જોઈએ, જેથી આંખોની સુરક્ષા જળવાઈ રહે. શિયાળાની ઋતુ દરમિયાન આંખોની યોગ્ય કાળજી લેવી, ધૂળ અને પવનથી બચાવ કરવો અને જરૂર પડે ત્યારે તાત્કાલિક નિષ્ણાતની સલાહ લેવી ખૂબ જ જરૂરી છે.



## ગુજરાત જ ગ્રોથ એન્જિન!:બજેટનો 'આત્મા' ગુજરાત 'નિર્ભર'

અમદાવાદ

દેશની સરકારે રવિવારે સ્પષ્ટ કર્યું કે ભારતના આર્થિક વિકાસનો આગામી તબક્કો ગુજરાતના સમર્થનથી આગળ વધશે. નાણામંત્રી નિર્મલા સીતારમણના બજેટમાં મેન્યુફેક્ચરિંગ, MSME, સેમિકન્ડક્ટર, ફાર્મા, ટેક્સટાઈલ, રિન્યૂએબલ એનર્જી, ડિફેન્સ અને ટૂરિઝમ પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેનો સૌથી મોટો અને સીધો ફાયદો ગુજરાતને જ મળશે. સરકારનું સ્પષ્ટ વિઝન મેન્યુફેક્ચરિંગ, ટેકનોલોજી અને ગ્રીન એનર્જી દ્વારા આત્મનિર્ભર ભારતનો પાયો મજબૂત બનાવવાનો છે. ગુજરાત આ વિઝનમાં માત્ર ભાગીદાર નથી, પરંતુ દેશના ગ્રોથ એન્જિન તરીકે પણ ઉભરી આવ્યું છે. બજેટમાં 200 MSME ક્લસ્ટર પાર્ક અને 10,000 કરોડના ગ્રોથ ફંડની જાહેરાત કરવામાં આવી છે. મેન્યુફેક્ચરિંગ હબ હોવાને કારણે ગુજરાતમાં 10 થી 12 ક્લસ્ટર પાર્ક બનવાની અપેક્ષા છે. રાજ્યમાં પહેલાથી જ ઉપસ્થિત 6.5 થી 7.5 લાખ MSME યુનિટ્સને આનો સીધો લાભ મળશે. સોલારમાં કાચા માલ અને BESS પર ડ્યુટી રાહત, ટેક્સટાઈલ માટે 1,500 કરોડનું પેકેજ, ડિફેન્સ બજેટમાં વધારો અને લોથલ-ધોળાવીરાના વિકાસથી ગુજરાતને નોંધપાત્ર ફાયદો થયો છે. ધોળાવિરા અને લોથલ જેવા પ્રાચીન સ્થળોને ડેવલપ કરવાની જાહેરાતથી ગુજરાતમાં હોસ્પિટાલિટી તથા ટૂરિઝમ સેક્ટરને મોટો ફાયદો મળશે. આ વિસ્તાર આસપાસ રહેતા લોકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થશે. ઈતિહાસિક સ્થળો પર વધુ પ્રવાસીઓ વધશે અને સ્થાનિક આર્થિક પ્રવૃત્તિ વધશે નાના વ્યવસાયને વેગ મળશે. નવી પ્રવૃત્તિઓથી ટુરિઝમ સેક્ટરમાં રોકાણ વધશે, ટ્રાવેલ એજન્સીઓ, હોટેલ અને રેસ્ટોરન્ટ સેગમેન્ટમાં નવા રોકાણ આવશે. મેડિકલ ટૂરિઝમનો પણ બહોળો વ્યાપ ગુજરાતને મળશે. ગુજરાતના ઉદ્યોગોને મળશે નવી ગતિટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી માટે 1500 કરોડના ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ પ્રોગ્રામની જાહેરાત કરવામાં આવી છે.

### 108 દિવસ બાદ જેલમુક્ત થતાં AAPના પ્રવીણ રામ ભાવુક

## 'એક વર્ષના દીકરાનો જન્મદિવસ ન ઉજવી શક્યો', રાજકોટમાં રમેશ મેરે કહ્યું, જેલમાં જગતાત સાથે આતંકીઓ જેવો વ્યવહાર

• રાજકોટ

બોટાદના હડદળમાં ખેડૂત સભા સમયે થયેલા પથ્થરમારા બાદ ધરપકડ કરાયેલા આમ આદમી પાર્ટીના પ્રવીણ રામ અને રમેશ મેર સહિતના નેતાઓનો 108 દિવસના જેલવાસ બાદ રાજકોટ જેલમાંથી જામીન પર છૂટકારો થતા તેમનું હાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.



પ્રવીણ રામે ભાવુક થઈને કહ્યું કે, ભાજપ સરકારના ઈશારે અમારી ધરપકડ થઈ અને 108 દિવસ જેલમાં જવું પડ્યુ. મારા એક વર્ષના દીકરાનો પ્રથમ જન્મદિવસ ન ઉજવી શક્યો. મારા પરિવાર અને ખેડૂતોએ અનેક યાતનાઓ ભોગવી પરંતુ જેલમાંથી છૂટ્યા બાદ અમે હિંમત હાર્યા નથી. કડદા પ્રથામાંથી મુક્તિ અપાવીને બહાર આવ્યા છીએ. 54 લાખ ખેડૂતો માટેની લડાઈ ચાલુ રહેશે તેવો હુંકાર કર્યો હતો. સુરેન્દ્રનગર જીલ્લા AAPના નેતા રમેશ મેરે કહ જેલમાં કેન્સર પીડિત ખેડૂત દર્દીને દવા ન આપવામાં આવી, કોઈના પરિવારમાં લગ્ન અટકી ગયા તો અન્ય ખેડૂતની પત્ની સગર્ભા હતી. આ રીતે અનેક પરિવારોએ ભાજપના ષડયંત્રના કારણે યાતનાઓ ભોગવી તેમ જણાવ્યું હતું. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપ સરકાર 54 લાખ ખેડૂતો સાથે કડદાના નામે વર્ષોથી લૂંટ ચલાવી રહી છે. જોકે અમારા નેતા પ્રવીણભાઈ અને રાજુભાઈ સહિતના દ્વારા લડત ચલાવવામાં આવતા સરકારે ઓફિસિયલ પરિપત્ર બહાર પાડવો પડ્યો કે હવેથી કળદો કોઈ કરશે નહીં. અંગ્રેજો પણ ટૂંકા પડે તેવું કામ ભાજપ સરકારે કર્યુ છે.

આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા પ્રવિણ રામે જેલમાથી છૂટ્યા બાદ ભાજપ સરકાર અને પોલીસ પર આકરા પ્રહારો કર્યા હતા. પ્રવિણ રામે કહ્યું કે, ગુજરાતની જનતા માટે 108 દિવસ જેલમાં રહીને આવ્યા છીએ અને હવે તમારા માટે 108ની જેમ કામ કરશું. BJPની સરકાર દ્વારા ષડયંત્ર કરીને ખેડૂતોને જેલમા નાખવામાં આવ્યા. અમે જેલમાંથી કઈ ગુમાવીને નહીં પરંતુ ખેડૂતોને કડદા મુક્તિ આપીને બહાર આવ્યા છીએ. અમે જેલમાંથી બહાર માર્કેટમાંથી ગુમ થવા માટે નહીં પરંતુ ડાલા મથ્થાની જેમ ગર્જના કરીને બહાર આવ્યા છીએ.

## સગીરે સર્જ્યો અકસ્માત:સગીરે 2 મહિલા સહિત 3ને ટક્કર મારતાં પિતા સામે ફરિયાદ નોંધાઈ

• અમદાવાદ

ન્યૂ વાસણામાં ટુવ્હીલર લઈ નીકળેલા સગીરે ચાલતાં જતી બે મહિલાને ટક્કર મારી હતી. જે બાદ ત્યાંથી ભાગવાની કોશિશ કરતા બીજા એક ટુવ્હીલરને ટક્કર મારી ફરાર થયો હતો. પોલીસ તપાસમાં અકસ્માત કરનાર સગીર હોવાનું જણાયું હતું. જેથી સગીરને ટુવ્હીલર આપનાર તેના પિતા સામે પોલીસે ગુનો નોંધી પિતાની ધરપકડ કરી છે. પાલડીમાં રહેતાં શીવાંગી શાહ (35) ગત 29 તારીખે તેમનાં ભાભી સાથે શાકભાજી લેવા વાસણા ગયાં હતાં. ન્યૂ વાસણાના રાજયશ રીવેરા સામેથી પસાર થતાં હતાં, ત્યારે એક ટુવ્હીલર ચાલકે ઓવરસ્પીડે આવી શિવાંગી શાહ અને તેમની ભાભીને ટક્કર મારતાં બંને મહિલા રસ્તા પર પટકાયાં હતાં. તો અકસ્માત બાદ ટુવ્હીલર ચાલક ફરાર થતો હતો ત્યાં બીજા એક ટુવ્હીલરને અડફેટે લીધું અને પછી ફરાર થયો હતો. ઈજાગ્રસ્ત શિવાંગીબેનને પગમાં ફ્રેક્ચર થયું હતું. આ અંગે એમ-ડિવિઝન ટ્રાફિક પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કેસની તપાસ કરતા ટુવ્હીલરના માલિક જોધપુરગામ પટેલ વાસમાં રહેતા કાળુભાઈ ઠાકોરનું હોવાનું જણાયું હતું. જેથી કાળુભાઈની પૂછપરછ કરતા, તેમનો 17 વર્ષીય દીકરો ઘરે કોઈને કહ્યા-કર્યા વગર ટુવ્હીલર લઈ નીકળી પડ્યો હતો અને અકસ્માત કર્યા હતા. જેથી પોલીસે સગીર હોવા છતાં તેના પિતાએ તેને ટુવ્હીલર આપ્યું હોવાથી પિતા કાળુભાઈ ઠાકોર સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી છે. રોજ 16 સગીર પકડાયાસગીરો દ્વારા થતા અકસ્માતને રોકવા પોલીસે 2025માં સ્કૂલ કે ટ્યૂશન ક્લાસની આસપાસ સ્પેશિયલ ડ્રાઈવ યોજવા સાથે જ ચાર રસ્તાઓ પર ખાસ કરી સગીર વાહન ચલાવતા પકડાય તો દંડ કરવાનું શરૂ કર્યું હતું. જેથી સગીરો દ્વારા થતા અકસ્માતને રોકી શકાય.

### લો...બોલો અમદાવાદમાં હવે બમ્પ ખસી ગયો

## સ્પીડબ્રેકરમાં ખાડો-તિરાડ પડતાં 'હોશિયાર' અધિકારીઓએ રાતોરાત રોડ બનાવી દીધો; ભારે વાહનો પસાર થવાથી ખસી ગયો: અધિકારી

• અમદાવાદ

ગુજરાતની સૌથી મોટી કોર્પોરેશન એવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડની ગુણવત્તા તો ખરાબ હોય જ છે, પરંતુ હવે રોડ ઉપર વાહનોની ગતિ ધીમી કરવા માટે બનાવવામાં આવતાં બમ્પ પણ યોગ્ય રીતે બનાવવામાં આવતા નથી. જેના કારણે બમ્પ પણ હવે તૂટવા લાગ્યા છે. અમદાવાદના સ્પીડબ્રેકર હવે વાહનોની નહીં પણ જાણે કે 'વિકાસની ગતિ' ધીમી પાડતાં હોય તેમ લાગે છે. વળી કોઈ ભૂલમાંથી શીખ લઈ તેમાં સુધારા કરવાની જગ્યાએ કોર્પોરેશન હંમેશની જેમ તેમાં ઢાંકપિછાડો કરી દે છે.



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો અણઘડ વહીવટનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. એસપી રીંગ રોડ નજીક નિર્વાણા પાર્ટી પ્લોટની પાછળના ભાગે મ્યુનિસિપલ કોર્પોરેશને રોડ પર બનાવેલો બમ્પ તૂટી ગયો. બમ્પમાં એટલો મોટો ખાડો પડી ગયો કે ટુ-વ્હીલર ચાલકનું ધ્યાન ન હોય તો ચોક્કસ અકસ્માત થાય અને જાનહાનિ થાય. આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ-પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીને પૂછતા તેમણે કહ્યું હતું કે વધારે ભારે વાહનો ત્યાંથી પસાર થતા હોવાથી આ બમ્પ ખસી ગયો. મુમુદપુરાથી એલજે કોલેજ તરફ જતા રોડ પર બમ્પ તૂટ્યો


શહેરના એસજી હાઈવે પર નિર્વાણા પાર્ટી પ્લોટની પાછળના ભાગે મુમુદપુરાથી એલજે કોલેજ તરફ જવાના રોડ ઉપર નવો રોડ બનાવવામાં આવ્યો છે. જેના ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગ દ્વારા ટ્રાફિક પોલીસની મંજૂરી લઈને બમ્પ બનાવવામાં આવ્યો હતો. આ બમ્પમાં ખાડો અને તિરાડ પડી તૂટી ગયો હતો. જો રાત્રે લાઈટ વિના કોઈ ટુ-વ્હીલર લઈને નીકળે અને ખાડામાં પડે તો ચોક્કસ અકસ્માત થાય એવી ખરાબ સ્થિતિમાં બમ્પ જોવા મળ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગના ધ્યાને આ બાબત આવી હતી.

રોડ ઉપર બનાવવામાં આવેલા ખરાબ બમ્પના કારણે લોકોને હાલાકી પડે એવું રાતોરાત ધ્યાન ઉપર મૂકવામાં આવતા બમ્પને હટાવવાની કાર્યવાહી કરી દેવામાં આવી હતી. આજે 2 ફેબ્રુઆરીના રોજ સવારે દક્ષિણ-પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગ દ્વારા બમ્પને તોડીને ત્યાં રોડ સરખો કરી દેવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ-પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીને પૂછતા તેમણે કહ્યું હતું કે આ રોડ ઉપર બનાવવામાં આવેલો બમ્પ ખસી ગયો હતો. બમ્પ ખરાબ થવા પાછળનું કારણ તેમણે ભારે વાહનો ત્યાંથી પસાર થતા હોવાના કારણે આવી સ્થિતિ ઊભી થઈ હોવાનું કહ્યું હતું. વધારે ભારે વાહનો ત્યાંથી પસાર થતા હોવાથી આ બમ્પ ખસી ગયો હતો તેઓ બચાવ તેમણે કર્યો હતો.

# ટેનિસ કોચે તેના સ્ટુડન્ટના ઘરેથી 12.20 લાખના દાગીના ચોર્યા સાયન્સ સિટીમાંથી ચોરીને 10 લાખમાં શિવરંજનીના જ્વેલર્સને વેચી દીધા

• અમદાવાદ

અમદાવાદના સાયન્સ સિટી રોડ પરના એક મકાનમાંથી ટેનિસ કોચે લાખો રૂપિયાના દાગીનાની ચોરી કરી છે. ટેનિસ કોચ મકાન માલિકના દીકરાને ટેનિસ શીખવાડવા આવતો હતો. કોચ રાબેતા મુજબ આવ્યો હતો. કોચે મોકો મળતા 12.20 લાખના દાગીના ચોરી કરી મિત્ર મારફતે શિવરંજનીના જ્વેલર્સને 10 લાખમાં વેચી દીધા હતા. આ અંગે સોલા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે. સાયન્સ સિટી ખાતે ગ્રીન વ્યુ એપાર્ટમેન્ટમાં ગૌરવ દિક્ષિત તેમના બે બાળકો અને પત્ની સાથે રહે છે. ગૌરવભાઈ સિક્યુરિટી એજન્સી ચલાવે છે. ગૌરવભાઈનો દીકરી ટેનિસ રમે છે. દીકરાને ટેનિસ કોચિંગ માટે ક્યારેક તેમના પત્ની મૂકવા જાય છે તો ક્યારેક કોચ વેદિક લેવા આવે છે. 19 ડિસેમ્બરે પણ વેદિક ગૌરવભાઈના દીકરાને લેવા આવ્યો હતો. આ દરમિયાન વેદિક લાબા સમય સુધી ઘરમાં રહ્યો હતો. ગૌરવભાઈનો દીકરી બીમાર હોવાથી તે દિવસે કોચિંગ માટે ગયો ન્હોતો, પરંતુ વેદિકે બાથરૂમ જવાનું કહીને એક રૂમમાં ગયો હતો. જે બાદ વેદિક ફોન આવ્યો કહીને ઝડપથી જતો રહ્યો હતો. 23 ડિસેમ્બરના રોજ ગૌરવભાઈ રૂમમાં ગયા ત્યારે રૂમમાંથી 12 લાખના સોનાનાં અને 20 હજારના ચાંદીના દાગીના ચોરી થયા હતાં. આ દિવસની વેદિક આવ્યો હોવાથી તેમને વેદિક પર જ શંકા હતી. ગૌરવભાઈએ વેદિકને ફોન કરતા વેદિકનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. વેદિકની સાથે કામ કરતા નેમ શાહને મળ્યા હતા ત્યારે નેમ શાહે જણાવ્યું હતું કે, વેદિક દાગીના આપીને ગયો હતો અને કહ્યું છે કે દહીં વેચી દેજે માર પત્નીના છે, મારે પૈસાની જરૂર છે જેથી દાગીના વેચીને પૈસા મને આપજે. નેમ શાહે શિવરંજની બી.જી જ્વેલર્સમાં ચોરીના દાગીના વેચી દીધા હતા. આ દાગીનાના 10.09 લાખ આવ્યા હતા જે વેદિકને આપ્યા હતાં. આ અંગે ગૌરવભાઈએ વેદિક સામે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સોલા પોલીસ દ્વારા ચોરીના દાગીના બી.જી જ્વેલર્સમાંથી રીકવર કરવામાં આવશે.




### પશ્ચિમ રેલવે દ્વારા અદ્યતન સિસ્ટમ કાર્યરત કરાઈ

## પશ્ચિમ રેલવેમાં કવચ 4.0 સિક્યુરિટી સિસ્ટમ લાગુ થતાં લાંબા અંતરની રેલમુસાફરી વધુ સુરક્ષિત બની

• અમદાવાદ

પશ્ચિમ રેલવેએ રેલ સુરક્ષા બાબતે હાંસલ કરેલી સિદ્ધિમાં લાંબા સમયથી અપેક્ષિત કવચ 4.0 સુરક્ષા પ્રણાલીનું સફળ કમિશનિંગ પૂર્ણ કરાયું છે. આથી લાંબા અંતરની ટ્રેનોની મુસાફરી વધુ સુરક્ષિત બનશે. આ પ્રોજેક્ટને રૂ.397 કરોડના ખર્ચની મંજૂરી આપી હતી, તેનો તબક્કાવાર અમલ થઈ રહ્યો છે. વડોદરા-સુરત-વિરાર-મુંબઈ સેન્ટ્રલ રેલમાર્ગ પર કવચ યોજના અંતર્ગત અંદાજે 344 કિમી લાંબા વિભાગમાં કામ પૂર્ણ કરી સિસ્ટમ કાર્યરત કરાઈ છે. આ અગાઉ અમદાવાદ-વડોદરા વચ્ચે કવચ સિસ્ટમ કાર્યરત હતી, જેથી અમદાવાદથી વિરાર સુધી 435 કિમીના રૂટ પર અદ્યતન સુરક્ષા સિસ્ટમ કાર્યરત થઈ ગઈ છે. કવચ એક આધુનિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ છે, જે માનવીય ભૂલોથી થતા અકસ્માત અટકાવવા મદદરૂપ બને છે. આ સિસ્ટમ સિગ્નલ પાસિંગ એટ ડેન્જર, ઓવર સ્પીડિંગ તેમજ હેડ-ઓન અને રિયર-એન્ડ અથડામણોને રોકવાની ક્ષમતા ધરાવે છે. પશ્ચિમ રેલવેના સીપીઆરઓ વિનીત અભિષેકના જણાવ્યા મુજબ, યુરોપમાં વપરાતી ઈટીસીએસ જેવી સિસ્ટમની સરખામણીએ તેની કિંમત ઓછી છે પરંતુ સુરક્ષા વધુ છે.